ઓરણા મહિલા મંડળ દ્વારા પ્રકાશિત

# મંગલ મંદિર

## કિર્તન-ભજન સંગ્રહ



: પ્રકાશક :

પ્રમુખ
મહિલા મંડળ ઓરણા

ઓરણા મહિલા મંડળ દ્વારા પ્રકાશિત

o

# * મંગલ મંદિર *

## કિર્તન-ભજન સંગ્રહ

o



મીરાંબાઈ

પ્રકાશક :

શારદાબેન હરિભાઇ ભકત
પ્રમુખ
મહિલા મંડળ ઓરણા

: સંગ્રાહક :
ગોદાવરીબેન ડાહ્યાભાઇ ભકત

: નકલ :
૧૦૦૦

:મુલ્ય : 15-00

: મુદ્રક :
પ્રશાંત સી. ભકત
ચંદ્ર આર્ટ પ્રિન્ટીંગ પ્રેસ મઢી



# પ્રાસ્તાવિક

ઓરણા મહિલા મંડળ દ્વારા પ્રકાશિત 'મૂંગલમંદિર' નામના કિર્તન ભજન સંગ્રહમાં શ્રધ્ધાંજલી તથા અન્ય ભજનોનો સંગ્રહ કરવામાં ઓરણાના શ્રીમતી ગોદાવરીબેન ડાહ્યાભાઈ ભકત નો બહુમુલ્ય ફાળો છે. તેમની ઇચ્છા અને પ્રેરણાથી ઘણા લાંબા સમયે આ ભજન સંગ્રહનું પુસ્તક પ્રકાશિત કરવાનો અમારો મકકમ નિર્ધાર આજે ફળીભૂત થાય છે. તેનો અમને આનંદ છે

શ્રી રામકબીર ભકત સમાજમાં તથા અન્ય સમાજોમાં પણ અહીં એકત્ર કરવામાં આવેલા ભજનો ખાસ કરીને મરણ પ્રસંગો કે શ્રધ્ધાંજલિ પ્રસંગોમાં ગવાય છે. બહેનો કે ભાઈઓ તથા નવી પેઢીના યુવક યુવતીઓ કંઠસ્થ કરીને પ્રસંગોચિત તેનો ઉપયોગ કરશે એવી શ્રધ્ધા સાથે આ પુસ્તક પ્રગટ કરીએ છીએ. ઓરણા યુવક મંડળ અને વડીલો અમારા આ કાર્યના પીઠબળો છે. મંડળની બહેનો અને ગામ પરિવારના સહકાર વિના અમો સદ્કાર્યો ન કરી શકીએ. તેમના સહકાર બદલ આભાર પ્રદર્શિત કરીએ છીએ

આ ભજન સંગ્રહ પ્રગટ કરવામાં જરૂરી બળ અને પ્રોત્સાહન તથા માર્ગદર્શન સમાજના મંત્રી અને કબીરવાણી ના તંત્રીશ્રી ચંપકભાઈ ભકત સ્યાદલાના બહુમુલ્ય ફાળાની રહૃયપૂર્વક કદર કરી આભાર માનીએ છીએ

સમાજના અગ્રણી ભજનના રસીક એવા ભાઈશ્રી જયંતભાઈ ડાહ્યાભાઈ ભકત સ્યાદલાએ અમારા આ ભજન શુધ્ધિ કરણમાં મદદરૂપ થવાનો નમ્ર પ્રયાસ કર્યો છે તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ તન, મન, ધનથી આ પુસ્તક સર્જનમાં મદદરૂપ થનાર સૌના આભાર સહ રામકબીર

૧૯—૯—૮૭      શારદાબહેન હરિભાઇ ભકત પ્રમુખ<br>
રેંટીયાબારસ      દક્ષાબહેન ભગુભાઈ ભકત મંત્રી<br>
મહિલા મંડળ ઓરણા

# શુભેચ્છા

શ્રી રામકબીર ભકત સમાજ પરિવારોના મોટા ભાગના ગામોમાં મહિલા મંડળની સ્થાપના અને તે દ્વારા અનેક ધાર્મિક, સામાજીક, અને મરણ પ્રસંગોએ ભજનો અને અન્ય કાર્યોક્રમોના આયોજન કરીને ભકિત ભાવના અને સામુહિક પ્રેમભાવના જાળવી રાખવાના અભિગમોને આવકારીએ છીએ. પ્રસંગોચિત શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ દ્વારા યોજીત કાર્યાક્રમોમાં સુરત અને મુંબઈ મંદિરે પણ ભજન મંડળો ખુબ જ ભાવપૂર્વક ભજનો કરે છે તેનો પણ વિશેષ આનંદ છે.

ઓરણા મહિલા મંડળ પણ વિવિધ પ્રવૃતિઓ યુવક મંડળ ઓરણાના સહયોગથી કરે છે. આ પહેલા પણ ઓરણા મહિલા મંડળ દ્વરા ભજનના પુસ્તકો પ્રગટ કરીને સુંદર સમાજ સેવા કરી છે. આજે પણ શ્રદ્ધાંજલિ ભજનોનું એક પુસ્તક 'મંગલ મંદિર' પ્રકાશિત કરે છે તે જાણીને આનંદ થાય છે. આ પ્રસંગે શુભેચ્છા પાઠવતા અમને આનંદ થાય છે.

સમાજ ઉપયોગી આ ભજન સંગ્રહ પુસ્તકનો સફ઼ ઉપયોગ થવાનો છે તેમજ ભાવિપેઢી તે વારસો જાળવી રાખશે એ શ્રદ્ધા સાથે ઓરણા મહિલા મંડળને અભિનંદન અને શુભેચ્છા.

**મકનજીભાઇ તુલશીભાઇ ભકત**
પ્રમુખ
શ્રી રામકબીર ભકત સમાજ

# અનુક્રમણિકા


| ભજનનું નામ | પેઈજ નંબર |
|---|---|
| સ્થિત પ્રજ્ઞના લક્ષણો. | ૧ |
| આરતી અગર કપુરની | ૪ |
| આનંદ મંગલ કરું આરતી | ૪ |
| શ્રીરામ કૃષ્ણદેવની સ્તુતિ | ૫ |
| હે નાથ જોડી | ૭ |
| નોતરું મારે નારાયણનું | ૮ |
| પામ્ય શરણ | ૮ |
| સ્વર્ગ ભુવનમાંથી ઉતર્યા | ૯ |
| મારી છેલ્લી ઘડીએ | ૧૧ |
| પિયરનાં પીયુ આણા | ૧૨ |
| અક્રુર | ૧૩ |
| આવું રૂડુને રસાળુ રે | ૧૬ |
| શામળીયાજીને સંગે તેડો રે | ૧૭ |
| પ્રાણી એક દીન એવો રે આવશે | ૧૭ |
| મથુરાની વાટે રે | ૧૯ |
| મથુરા મોહનજી જાવો તો | ૨૦ |
| આણા આવ્યા રે અલખના | ૨૧ |
| મારી એની રે સાચુ કરી માન | ૨૧ |
| વાણી | ૨૨ |
| કે ભાઇ રૂડું તે શુ કર્યું | ૨૪ |
| સ્વર્ગની નીસરણી | ૨૫ |
| ભક્તિ કરતા છૂટે પ્રાણ | ૩૦ |
| અમને અંત સમયે લેવા | ૩૦ |
| કોઇના મરશો માને બાપ | ૩૧ |

| ભજનનું નામ | પેઈજ નંબર |
|---|---|


| | |
|---|---|
| ભક્તિ સમજાવી છે ગીતામાં | ૩૨ |
| આરે અવસરમાં જેણે સતગુરૂ | ૩૩ |
| સુનુ કીધું રે એણે ગોકુળગામ | ૩૪ |
| તને દેવા માટે રામ | ૩૬ |
| પ્રભુ દ્વાર તમારા ખોલો | ૩૬ |
| આત્માને જુનું લાગ્યુ રે | ૩૭ |
| હે મારો દેહ પડે જે વાર | ૩૮ |
| સમય મારો સાચવજે | ૩૯ |
| આ અંતકરણની વાણી રે | ૪૦ |
| ચેતો તો ચેતાવું | ૪૧ |
| વેળા તારી વહી જશે | ૪૨ |
| હરી મારા હૈયે રહેજો | ૪૩ |
| રહી જાને આજની રાત | ૪૫ |
| કીધી હતી જેલમાં શું વાત | ૪૬ |
| છુટી જાને પ્રાણ | ૪૬ |
| હરી મારા હૈયામાં રહેજો | ૪૭ |
| જીવ કાયાને કહશે રે | ૪૮ |
| કાયા જીવને કરશે રે | ૪૯ |
| શામળીયા સર્વે છે તારું | ૫૦ |
| પ્રભુ મારી પાસમાં રહેજો | ૫૧ |
| અમને અંત સમયે | ૫૨ |
| મારી નાડ તમારે હાથે | ૫૩ |
| કહે ભરતજી | ૫૪ |
| મારા રામનું નામ | ૫૪ |
| ભોળા ભૂદર તારી | ૫૫ |
| પ્રભુજીએ ધાર્યું હોય તે | ૫૭ |
| સતી અનસુયાને આંગણે | ૫૮ |

| ભજનનું નામ | પેઈજ નંબર |
|---|---|
| સતી સીતાજી રથમાં બેઠા | ૫૯ |
| મિત્રમાં પંકાઇ ગયા | ૬૦ |
| પાય પડીને શબરી બોલી | ૬૧ |
| વિધિના લેખ નહિ સમજાય | ૬૨ |
| સોગટણા માંડયા | ૬૩ |
| કૌરવકુળની રાજસભામાં | ૬૪ |
| મનવા હેતે હરી રસ | ૬૫ |
| મુરખો રળી રળી કમાણો | ૬૫ |
| જીભલડી રે તને | ૬૬ |
| ભજ નીશ દિન | ૬૭ |
| મેણા ન કોઇને મારો | ૬૮ |
| જુનો ધર્મ લ્યો જાણી | ૬૯ |
| સતસંગનો રસ ચાખ | ૬૯ |
| તમારો ભરોસો | ૭૦ |
| કેવું તે વાણુ વારો | ૭૦ |
| પ્રેમે પ્યાલો પીધો | ૭૦ |
| માન સરોવર જઇ રે | ૭૧ |
| કાયા કારણે ભેખ લીધો | ૭૨ |
| તુલશીના પત્ર નાથ તોળાયા | ૭૨ |
| જોબનીયાની જોરે | ૭૨ |
| નુગરાજનનો સંગ | ૭૩ |
| બળતો ઝળતો આવ્યો | ૭૩ |
| પ્રાણી કંઇ થયો આંધળો | ૭૪ |
| પ્રાણી કંઇ રે ફરે ઉદાસ | ૭૫ |
| કાગળ કોણુ લઇ જાય મથુરામાં | ૭૬ |
| કદમ નીચે મોહન ભાંગ પીલાઇ | ૭૬ |
| તમે તો વન વન ચારો ગાય | ૭૭ |

| ભજનનું નામ | પેઈજ નંબર |
|---|---|
| મોરલી કોણે ઘડાવી | ૭૭ |
| જીવન દીધું શામળીયા | ૭૮ |
| જીંદગી જીવી સદા જાણો | ૭૮ |
| આગળ આગળ રામજી ચાલે | ૭૯ |
| સતી સીતાજીને સ્વપ્નું આવ્યું | ૭૯ |
| ચૌદ ભુવનને ચિતરી | ૮૦ |
| તેડા આવ્યા રે મારા રામના | ૮૧ |
| પ્રિત લગાડી ખોટી | ૮૨ |
| પ્રભુને પેટમાં દુઃખવા | ૮૨ |
| આજે રામજી વનમાં જાય | ૮૩ |
| વડલા નીચે શબરી બેઠા | ૮૪ |
| તારી પાછળ ગાંડો ઘેલો | ૮૫ |
| મેં તો તારી માળા લીધી | ૮૫ |
| તારી ભક્તિ વ્હાલી લાગે | ૮૬ |
| જીવ તારો અવસર ચાલ્યો | ૮૭ |
| કાયા પૂછે જીવને | ૮૮ |
| જીવ જાગીને જો | ૮૯ |
| નહિ ભુલુ તારા નામને | ૮૯ |
| નમો નમસ્કાર તારી | ૯૦ |
| કાયાના પીંજરે પુરાયો | ૯૨ |
| કઠણ ચોટ છે કાળની | ૯૨ |
| શાને ફરે અભિમાનમાં | ૯૩ |
| બોલરે પંછી જગમાં | ૯૪ |
| પથિક તારે વિસામાના | ૯૪ |
| માડી તારા અનહદ છે ઉપકાર | ૯૫ |
| જનની તું જન્મતણી | ૯૬ |

| ભજનનું નામ | પેઈજ નંબર |
|---|---|
| છેતરીને સ્વધામ ગઈ તું | ૯૭ |
| ઓ માત રે મારે કોની ગોદમાં | ૯૮ |
| કાયાનું રૂડું પીંજરું | ૯૮ |
| નથી રે રહેવાની તારી | ૯૯ |
| આંસુડા બે આવે | ૧૦૦ |
| વાલો તારો રાખે ન કુધારો | ૧૦૧ |
| હે રામ કોણે ઘડયો | ૧૦૧ |
| હરિશ્ચંદ્ર પામ્યો માન | ૧૦૨ |
| તારું શરણું સોંપી | ૧૦૩ |
| ગુરૂ મુકુંદ મુસાફરી નીસર્યા | ૧૦૪ |
| વ્હાલા રે સંતને જયજય | ૧૦૫ |
| કેમ ભુલું તુજ પાઠ | ૧૦૫ |
| દેજો મને અંત સમે | ૧૦૬ |
| પ્રભુ તમે ભુલ્યાને પંથ | ૧૦૭ |
| ગાય ચારી | ૧૦૮ |
| ફુલ્યા આવે વનમાંથી | ૧૦૮ |
| સંત કબીરવાણી | ૧૦૯ |
| કોઈનું ઋણનું ન રાખે | ૧૧૦ |
| નાથ તમે નિરધંનીયા | ૧૧૦ |
| ભાવી પ્રબળ બળવાન | ૧૧૧ |
| ભજી લેને ગોવર્ધન | ૧૧૨ |
| પરમ પુરૂષ પરમાત્મા | ૧૧૩ |
| સુરમુની અંતરીક્ષ | ૧૧૪ |
| રંગ લાગ્યો રે રંગ | ૧૧૪ |
| અઢીયા | ૧૧૫ થી ૧૧૭ |

| ભજનનું નામ | પેઇજ નંબર |
|---|---|
| દશરથ વાણી બોલ્યા | ૧૧૮ |
| પ્રભાતે દાસી ઉઠયા | ૧૧૮ |
| પંચવટીમાં જઇ રહ્યા | ૧૧૯ |
| વનચર વીરા વધામણી | ૧૨૦ |
| હસીને બોલ્યા હનુમાનજી | ૧૨૧ |
| કહ્યું માનો મારા કંથજી | ૧૨૧ |
| રાવણ કહે રે મંદોદરી | ૧૨૨ |
| કોઇ શોધી લાવો | ૧૨૩ |
| મેલીના જાશે રે | ૧૨૪ |
| સીતા વિજોગે શ્રી રામજી | ૧૨૫ |
| રઘુનાથજી રાજે બેસવા | ૧૨૬ |
| સાદ કરે જશોદા માવડી | ૧૨૮ |
| સોનાની ગેડી રે | ૧૩૦ |
| રૂડીને રસાડી રે | ૧૩૧ |
| ઉત્તર દિશાથી રે | ૧૩૨ |
| દ્વારિકાના વાસી રે | ૧૩૩ |
| સાસરીએ પધારો | ૧૩૪ |
| કોઇ કહે ઓધવજી આવ્યા | ૧૩૪ |
| ઓધવજી રે ભલે આવ્યા | ૧૩૬ |
| જેને રે બાનુ શામળીયાનું | ૧૩૬ |
| આજ સોનાનો સૂરજ ઉગ્યો | ૧૩૭ |
| આજ ગયા તા રામ સભામાં | ૧૩૮ |
| જાગને જાદવા | ૧૩૮ |
| વૈષ્ણવ જનતો | ૧૩૯ |
| રાત રહે જ્યારે | ૧૪૦ |

| ભજનનું નામ | પેઇજ નંબર |
|---|---|
| ભુતુલ્લ ભકિત | ૧૪૦ |
| ઉઠ ઉતાવળો ચાલ્યા | ૧૪૧ |
| પ્રાણ થકી મને | ૧૧૪ |
| કયાં રમી આવ્યા રજની | ૧૪૨ |
| જમુનામા જઇ પડયો | ૧૪૩ |
| સીતા કોણે હરી લક્ષ્મણ | ૧૪૩ |
| અખિલ ભ્રમાંડમાં | ૧૪૪ |
| હરિ તણું હેત | ૧૪૫ |
| બાપજી પાપ મેં | ૧૪૬ |
| ઘેલી કીધી | ૧૪૬ |
| જે ગમે જગતગુરુ | ૧૪૭ |
| ભુલીછે મોતીનો હાર | ૧૪૮ |
| શાને હીંડો ભમતા | ૧૪૮ |
| થાળ–પ્રભુ પ્રેમનો પરસાદ | ૧૪૮ |
| આરોગો નંદલાલ રે | ૧૪૯ |
| આવોની નાથ ભોજન કરો | ૧૫૦ |
| તમે ભોજન કરવા આવો રે | ૧૫૦ |
| જીવણ જમવા આવો | ૧૫૧ |
| રણછોડજી ત્રીકમજી | ૧૫૩ |
| ભાવે ભોજન કરીએ | ૧૫૩ |
| ભોજન કરવા ઉઠયા | ૧૫૪ |
| મારા મીઠા મીઠા બોર | ૧૫૪ |
| આરોગો ભોજન ભાવતા | ૧૫૫ |
| મારા રસ ભીના રણછોડ | ૧૫૬ |
| એકાદશી વ્રત કરીએ | ૧૫૬ |

| ભજનનું નામ | પેઈજ નંબર |
|---|---|
| કંટોલા કારેલાને ટીંડોરા | ૧૫૬ |
| જમો તો જમાડુ તમને | ૧૫૮ |
| શ્રી સદગુરુ ભકિત રહસ્ય | ૧૫૮ |
| તમે રાધા મોહન આવો | ૧૬૦ |
| ભકિત એવી રે રામ | ૧૬૧ |
| સીતા રામને ભજીને લાવો | ૧૬૨ |
| વાલા મારો સાચોનો સંગાતી | ૧૬૨ |
| કોઇનું રહ્યુ નહિ | ૧૬૪ |
| પંખીડાને આ પીંજરૂ | ૧૬૪ |
| ચાર દિવસના ચાદરણા | ૧૬૫ |
| રાવણ તારું રાજય જવાનું | ૧૬૬ |
| તારા મને સાંભળશે ઉપકારો | ૧૬૬ |
| મને લગની તમારી લાગી | ૧૬૭ |
| વન વગડાની વાટે ફરતો | ૧૬૮ |



## પ્રાર્થના : સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ૧

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યા, સુર્યાગ્નિ વા વાદળા
જેનાં મંત્ર, પુરાણ, શાસ્ત્ર ભજનો, ગાયે ઋષિ વ્યાકુળાં
યોગી ધ્યાન ધરીજ, સંયમ કરી જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઇ યે લઇ શકયા, તે દેવને વંદના.

શ્રી અર્જુન બોલ્યા :-

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ કેશવ ?
બોલે, રહે, ફરે કેમ, મુનિ જે સ્થિર બુધ્ધિનો...(૧)

શ્રી ભગવાન બોલ્યા :-

મનની કામના સર્વે છોડીને આત્મમાં જજે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો...(૨)
દુઃખે ઉદ્વેગ ના ચિત્તે સુખોની ઝંખના ગઇ.
ગયા રાગ-ભય ક્રોધ મુની જે સ્થિર બુધ્ધિનો...(૩)
આસકત નહિ જે કયાંય, મળ્યે કાંઇ શુભાશુભ
ન કરે હર્ષ કે દ્વેષ તેની પ્રજ્ઞા થઇ સ્થિર...(૪)
કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઇન્દ્રયો પુર્ણ, તેની પ્રજ્ઞા થઇ સ્થિર...(૫)
વિષયોનું રહે ધ્યાન, તેમાં આસકિત ઉપજે,
જન્મે આશકિતથી કામ, કામથી ક્રોધ નીપજે...(૯)
ક્રોધથી મુઢતા આવે, મુઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુધ્ધિનાશ બુધ્ધિનાશે વિનાશ છે....(૧૦)

રાગ ને દ્વેષ છૂટેલી, ઇન્દ્રિયે વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા...(૧૧)

પામ્યે પ્રસન્નતા તેનાં દુઃખો સૌ નાશ પામતા,
પામ્યો પ્રસન્નતા તેની, બુધ્ધિ શીઘ્ર બને સ્થિર...(૧૨)

અયોગીને નથી બુધ્ધિ, અયોગીને ન ભાવના
ન ભાવહીનને શાંતિ ,સુખ ક્યાંથી અશાંતને...(૧૩)

ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે...(૧૪)

તેથી જેણે બધી રીતે રક્ષેલી વિષયો થકી,
ઇન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઇ સ્થિર...(૧૫)

નિશા જે સર્વ ભૂતોની તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા...(૧૬)

સદા ભરાતા અચલ પ્રતિષ્ઠા, સમુદ્રમાં નીર બધા પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમાં, તે શાંતિ પામે નહિં કામકામી..(૧૭)

છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા મમતા મુકી તે પામે શાંતિ ભારત...૧૮

આ છે બ્રહ્મદશા એને પામ્યે ના મોહમાં પડે,
અંત કાળેય તે રાખી બ્રહ્મનિર્વાણ મેળવે...૧૯

સંગે હરિચરણમાં રહીએ તમે અમે,
સંગે હરિ–પ્રણયમાં રમીએ તમે અમે.
સંગે પરાક્રમ ઘણાં કરીએ તમે અમે,
તે સંગ ભંગ બનજો ના કદાપિ આપણો.
તેજસ્વી પ્રાણવાન હો સદા જીવન આપણું
કદાપિ ના થજો ભિન્ન વિદ્વષે મન આપણું
જે અંતરે કરી પ્રવેશે સુતેલ મારી
વાણી સજીવન કરે નિજ ભર્ગ પ્રેરી
જે રોમ રોમ મહીં પ્રાણ પૂરે પ્રતાપી
તે શકિતનાથ પુરુષોત્તમને પ્રણામ.

*

હરિ ઓમ્ તત્સત શ્રી નારાયણ તું પુરુષોત્તમ ગુરુ તું
સિદ્ધ બુદ્ધ તું સ્કંદ વિનાયક સવિતા પાવક તું
બ્રહ્મ મઝદ તું યહવ શકિત તું ઈશુ પિતા પ્રભુ તું
રુદ્ર વિષ્ણુ તું રામ કૃષ્ણ તું રહિમ તાઓ તું
વાસુદેવ ગો વિશ્વરૂપ તું ચિદાનંદ હરિ તું
અદ્વિતીય તું અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું.

## આરતી ૨

આરતી અગર કપુરની, કરે કાનજીની માય
કનક થાળની આરતી, મહી જળહળ જ્યોત
શામલ વર્ણ શામળા, જુએ નયણાની કોર
ગુંજા ફળરે ગળે ઘણા, મોરલી વાગે ઘનઘોર
મોર મુગટ સોહામણા, કાને કુંડલ સાર
રામકૃષ્ણ પ્રભુના ઓવારણા, મુખ પર જાઉં બલીહારી
આરતી અગર કપુરની, કરે કાનજીની માય.

## આરતી ૩

આનંદ મંગળ કરુ હું આરતી
હરિ ગુરૂ સંતની સેવા રે વાલા... (૨)...આનંદ
પ્રેમ ધરીને મારા મંદિરે પધારો
સુંદર સુખડા લેવા રે વાલા... (૨)...આનંદ
મારે આંગણે તુલસીનો કયારો
શાલિગ્રામની સેવા રે વાલા.... (૨)...આનંદ
રત્ન સિંહાસન આપ બિરાજો
દેવાધિ છો દેવા રે વાલા... (૨)...આનંદ
કાને કુંડળ માથે મુગટ
પ્રગટયા છો દર્શન દેવા રે વાલા... (૨)...આનંદ
રામ, લક્ષ્મણ ભરત શત્રુઘ્ન
ચારે ભાઇઓની સેવા રે વાલા... (૨)...આનંદ

સંત મળે તો મહાસુખ પામું
ગુરૂજી મળે તો મેવા રે વાલા... (૨)...આનંદ
અડસઠ તીરથ સંતને ચરણે
ગંગા જમના રે વાલા... (૨)...આનંદ
ત્રિભુવન તારણ ભકત ઉદ્ધારણ
આવો દર્શન દેવા રે વાલા (૨)...આનંદ
માખણ મીસરી મધુ ફળ લાવું
આરોગો મીઠા મેવા રે વાલા (૨)... આનંદ
કહે પ્રીતમ એવા હરિ ગુણ ગાયે
હરિના જન હરિ જેવા રે વાલા (૨)...

## ❊ શ્રી રામકૃષ્ણદેવની સ્તુતી ❊

અધર્મ જયારે પ્રસરે ધરામાં, અંધાર વ્યાપે જડતા હવામાં
ત્યારે તમે જયોત બની પ્રકાશો, ને ચેતના નિત્ય નવી પ્રસરો
સદ્દધર્મને નૂતન પ્રાણ આપો, શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો
યુગે યુગે સિન્મય દેહ ધારી, લીલા કરી પ્રેરક દિવ્ય ન્યારી
અનુગ્રહે ભકત અસંખ્ય તારી, સંમોહ સંતાપ વિષાદ મારી
પ્રકાશનો પંથ સદા બતાવો, શ્રી રામકૃષ્ણ પ્રભુ હે પ્રસન્ન હો
મા શારદાના પ્રભુ પ્રાણ પ્યારા, યોગીન્દ્ર જ્ઞાની ઋષિ શ્રેષ્ઠ ન્યારા
હે પ્રેમના સાગર હે પવિત્ર, પ્રપન્નના પૂરણ સત્ય મિત્ર,
કૃપા કરો તો ભય ના રહે કશો, શ્રી રામકૃષ્ણ પ્રભુ પ્રસન્ન હો.

કૃપા કરી દો વરદાન આપો
આશક્તિને ક્લેશ મહત્વ કાપો
રક્ષો સદા સર્વ સ્થળે અમોને
પ્રશાંતિ પુર્ણત્વ વિમુક્ત આપો.
અનાથના નાથ થયા સદા છો
શ્રી રામકૃષ્ણ પભુ હે પ્રસન્ન હો.

*

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ
ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વં મમ દેવ દેવ

*

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઇ જા
તું હીણો હું છું તો તુજ દર્શનના દાન દઇ જા

*

સર્વથા સૌ સુખી થઓ, સમતા સૌ સમાચરો
સર્વત્ર દીવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વીસ્તરો
ૐ શાંતિ, શાંતિ, શાંતિ

*

ગુરુ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરા
ગુરૂ સાક્ષાત પર બ્રહ્મા, તસ્મૈય શ્રી ગુરવે નમઃ

## * હે નાથ જોડી *

(રાગ : બહુ પુણ્ય કેરા પુન્યથી )

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ,
શરણું મળે સાચું તમારુ, એજ હૃદયથી માંગીએ.
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો.
વળી કર્મના યોગે કરીને જે કુળમાં એ અવતરે,
ત્યાં પુર્ણ પ્રેમે એ પ્રભૂજી, આપની ભક્તિ કરે.
લક્ષચોર્યાસી બંધનોને, લક્ષમાં લઇ કાંપજો,
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.
સુસંપતિ, સુવિચારને, સત્ કર્મનો દઇ વારસો,
જન્મો જન્મ તમ ભક્તિથી, કિરતાર પાર ઉતારજો.
આ લોકને પરલોકમાં, તમ પ્રેમ રગરગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.
મળે મોક્ષ કે સુખ સ્વર્ગના, આશા ઉર એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો, ભજન કરવા ભવાથી.
સાચુ બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરત્મા એ આત્માને, શાંતિ સાચી આપજો.

## નોતરુ ❊

રાગ ( છૂટી રે જાને પ્રાણ તુ મારા )
નોતરુ મારે નારાયણનું, અંતકાળે હરિ આવો,
સારંગ ધરજો વેળાએ વરજો, વેળાએ વાર ન લાગે,
સારાં કર્મ તમે જે કર્યા, તેની ગાંઠલડી શિર બાંધી.
ગોપી ચંદન તિલક તુલસીને, નામ નારાયણ બાનુ,
વિપરીત કર્મે કંઠ વિરોધ્યોને,સગા થજો રઘુનાથ.
ઘોડલે ચઢી ગોવિંદજી આવ્યા, સાર્યા સેવકના કામ,
મોરલી વગાડતાં મોહનજી રે, આવ્યા રે ગોવિંદદાસ.

## ❊ પામ્ય શરણ ❊

પામ્ય શરણ હરિ પરિબહ્મા રાય
ગર્ભ ટાળવા નથી અનેરો ઉપાય રે...
માયા રે સીકોતેરે આત્મા ધર્યો
મલિન મંત્ર વિષય દેખી ભાળ્યો રે...
પરિબ્રહ્મા નામે મંડલ પુરાવ્યો,
સ્મરણ નરસિંહ વીર બોલાવો રે.
પરબહ્મા નામે મહામંત્ર સાધ્યો,
ઇન્દ્રિય સહિત નિશ્ચલ મન બાંધ્યો રે.

ચરાચર પ્રગટ અભ્યાંતર જુગ થાપ્યું,
નરક વિડંબવા જમ કરી આપ્યું.

આત્મા આપે રે તું તો કરમ કરાવે,
કરમ ભોગવવા દેહ ધરાવે રે.

જન્મ મરણ વશ આત્મા વગોયો રે,
ડંશ ભર્યો તારા નામ શું ન રોયો રે.

ક્ષિતી જલ ગગન પવન નહિ તેજ,
નહીંએ સ્વામીજી મારા પરિહ્રમ એક રે.

જઈને સ્વામીજી તમો વડપત્ર સુતા રે.
ત્યારે તું આત્મા કહો કયાં હતા રે.

અણુછતો ભગત વિનતિં કર જોડ,
તું ભલે હવે સંકુષ્ટ બંધન છોડ રે.

## * સ્વર્ગ ભુવનમાંથી ઉતર્યા રે હંસા *

સ્વર્ગ ભુવનમાંથી ઉતર્યા રે હંસા,
આવ્યા તે મૃત્યુ લોકની માય મારા હંસલા.

કાયાની વાડી મેલી ના જઈએ હંસા,
આવતા તે આવ્યા પ્રાણી એ જણા રે હંસા.

જતા તે જુઝવો સંગાથ મારા હંસલા,
કાયાની વાડી મેલી ના જઈએ હંસા.

એક થાણામાં થાણું રોપીચુ રે હંસા,
ઉગ્યો કંટારોને કેવડો રે હંસા.

હું છેમ વાડીમાંનો વેલ મારા હંસા,
ધમણ ધમેને તપે થંભા રે હંસા,

તેની સાથે ભીડાવો બાથ મારા હંસા,
કાયાની વાડી મેલી ના જઈએ એ હંસા.

ધમણ ધમેને તપે ગોરા રે હંસા,
ચૌટે કરાવો પતિત મારા હંસા...કાયાની

તમે છો તરકીશ ભાથડા રે હંસા.
હું છે ચોર મજીષ્ટ હંસા...કાયાની,

તમે છો બાંયે રૂડાં ચુડલા રે હંસા
હું છું લાલ કમાલ મારા હંસલા...કાયાની

કાયા કાયા રે પ્રાણી શું કરો રે હંસા.
કાયાના કરશું કોડીયા રે હંસલા,
આંગળીની વણશુ દીવેટ મારા હંસા...કાયાની.
દિવેલ ખુટચુંને દીવા નાઠીયારે હંસલા,
ઓરડીએ ઘોર અંધાર મારા હંસલા...કાયાની.
ચાલવું ચાલવું પ્રાણી શું કરે રે હંસા,
ચાલવું છે નિરાધાર હંસલા...કાયાની.
ભણે નરસૈયો એમ વિનવે રે હંસા,
ચરણે રાખોની નાથ હંસલા....કાયાની.

*

# * મારી છેલ્લી ઘડીએ પ્રભુજી આવજો *

મારી છેલ્લી ઘડીએ પ્રભુજી આવજો
આવજો આવજો ઉતાવળા અંતકાળ...મારી

બાંગો તને આપુ નાથ નોતરા,
જોજો જીવણ લગાડશો નહી વાર...મારી

આવ્યું ઘડપણ કાયા કંપશે,
નયણામાંથી વહયા જાશે નીર...મારી.

કંઠ રૂંધાશે નાડી તૂટશે,
કેમ લેવાશે હરી તમારા નામ...મારી.

નથી કર્યા મેં તો દાનને પુણ્ય,
નથી સંતોષ્યા બ્રાહ્મણને ભાણેજ...મારી.

નથી કર્યા તીરથ જાત્રા,
નથી કીધા ગાયો કેરા દાન...મારી.

માધવ દાસની વિનંતી,
દેજો અમને વૃજ ભૂમીમાં વાસ...મારી.



## * પિયરના પીયુ આણા રે આવ્યા *

પિયરના પીયુ આણા રે આવ્યા,
સાવલીએ સુખમાન સખી એના આણા રે આવ્ય
પરદેશી પરોણા રે આવ્યા,
વાહન છૂટયા બહાર સખી એના આણા રે આવ્ય
આલાને લીલા વાંસ વઢાવો,
સેંગાસેણ ઘડાવો......સખી એન
શેરી લગી સખી સુંદરી વાલા,
ઝાંપા લગી માને બાપ......સખી એન
સિમાર સેડે સગો બંધવો વાલા,
તીર્થ લગી સાજન લોક...સખી એના
હંસે પાછું ફરી જોયું વાલા,
શું રે આવે મારી સાથ...સખી એના
ગાડે ભર્યા ચંદન લાકડા રે,
બળતુ છાણું હાથ...સખી એના
રાન વગડામાં લઇ ગયા રે,
અગ્નિ પ્રગટાવી દેહ...સખી એના
સોના સંમાણી એની ચેહ બળે વાલા,
કેશર વરણી વશાળ...સખી એના
સંસાર કડવો લીમડો રે,
સ્વર્ગ મીઠેરા દુધ...સખી એના
તાળા દીધા કુંચી હરીને હાથ,
વિનવે ગોવિંદ દાસ...સખી એના

=X=

વાલ.ને અક્રુર આવ્યા તેડવા રે, ઉતર્યા નંદજીને દ્વાર,
નંદે અક્રુર પ્રત્યે પૂછ્યું રે, કેમ આવ્યા ગોકુલ મોઝાર.

કોઇ વારો રે નંદના કુંવરને રે,
કોઇ વારો રે હળધરના વીરને રે,

અક્રુર કહે કંસે ધનુષ જંગ માંડયો રે, એ તો તમારે કાજ,
આજે પુત્ર સહિત તમને તેડવા રે, મથુરા ચાલો મહારાજ.

કોઇ વારો રે નંદના કુંવરને રે,

વ્રજ વનિતાએ વાર્તા સાંભળી રે, મથુરા જાશે મોરાર,
ત્યારે દુઃખ દારૂણ સહુને થશે રે.

વ્યાકુળ થઈ વ્રજનાર...કોઇ વારો રે,

વ્રજ વનિતા તે સર્વે ટોળે વળી રે આવી ઉભા નંદજીને દ્વાર,
સહુ આહેર દીઠા આનંદ ભર્યા રે, મધ્યે દીઠા મોરાર...કોઇ.

હરિને પીળાં પીતામ્બર પહેરણા રે, કેડે કંદોરા દીઠા સાર,
હરિને કસ્તુભ મણિનું લાછન ઉર છે રે.

ઉપર મુકતા ફળોનો હાર...કોઇ વારો રે,

હરિને હેમ કાંકણ હાથે જળહળે રે, આંગળીએ મુદ્રિકાની જોડ,
હરિને બાંયે બાજુબંધ બેરખા રે, આહેરે દીઠા રણછોડ...કોઇ.

હરિને મસ્તકે મુગટ મણિ જડયા રે, હરિને કુંડલ ઝળકયા કાન,
અમને હેત કરીને ઓળખાવ્યાં રે, હવે શાને જાઓ તરછોડી કોઇ

જશે દા રોહિણી સરખી માવડી રે, ગોકુલ ગામે નંદજી છે તાત;
એ તો આપણા સરખી દાસીઓ રે. તેના બલિભદ્ર સરખા છે.
વીર...કોઇ...

વ્હાલાનું ગોકુલિયું ઉજ્જડ થશે રે, મથુરા જાશે જદુનાથ,
ઇન્દ્ર ગોકુલ ઉપર કોપશે રે, ગોવર્ધન કર ધરશે હાથ...કોઇ...

અગાસુર બગાસુર ફરીને આવશે રે, આજે ઘેરઘેર નાનેરાં બાળ;
કાલુડો કાલીનાગ પ્રગટ થશે રે, ત્યારે આપણો કોણ
રખેવાડ...કોઇ...

શંખાશુર તણાં વૃન્દ આવશે રે, બકાશુર આવી કરશે ઘાત રે,
ચાલો મથુરા જતા હરિને વારીએ રે, નંદજીને કહીએ
એક વાત...કોઇ....

વ્હાલા અવર કાંઇ સમજ્યા નથી રે વિસર્યાં બાલપણાની પ્રીત;
આજ અળગા થઇને ઉભાં રહ્યાં રે, કોઇ કહો જશોદાનંદને
રે....કોઇ....

કોઇક કહો રે જશોદાનંદને રે, હરિને મથુરા જવાની પેર રે,
કોઇક કહો રે રોહીણી કુંવરનંદને, શે નથી રખતા વારી ઘેરજો
....કોઇ....

હવે સહુ ભોજન કરીને પરવાર્યાં રે આવી ઉભા નંદજીને દ્વાર
સહુ આહેર દીઠા આનંદ ભર્યાં, ભાઇઓ કહો ધરો ધીર જો કોઇ
જુઓ સખી નંદજી બહુ ઉતાવળ કરે, વ્રજવાસી આહીરોની સાથ
જશોદા રોહીણી મુખેથી નથી બોલતો રે,
છે નથી રાખતા ઝાલી હાથ જો......કોઇ

અક્રુર હાથ જોડી ઉભારર્યાં, રથે જોડયા અશ્વચાર,
રથે સોનાના કળશ બેઉ જળહળ્યા, મુકતા ઝાલર તેજ અપાર
ત્રિવિધ પવન ધજા ઉડી રહી રે ક્ષણ ક્ષણ ઉડીને પલટાઇ જો,
જાણે નીજ ઘરથી હરિ ચાલ્યા રે, ફરી ફરી લુરાણા લેશે ભલાઇજો
પાપી પ્રાણ લેવાને રે આવીયો. કોણે ધર્યું અક્રૂડ એનુ નામ
કારૂડો નાગ શેની આડો ઉતર્યો,
એને આવતા ગોકુળીએ ગામજો.......કોઇ

અક્રુર શું કરે સખી આપણે પાપણી, કુલવંતી મથુરાની નાર
શ્રી હરીને આંખેથી નિહાળશે, નાગરનંદ તણા કુમાર...કોઇ

મથુરાની નારે પૂરાણ બહું સાંભળીયા રે,
પૂર્વે કીધા હશે બહુ દાન
જપતપ બહુ કર્યા હશે રે, સાધુજનને દીધા હશે દાન કોઇ

તે પૂન્ય પ્રીતે મથુરા જાય છે, રે પૂણ્યવતીના પુરવા છે કોડ
વૃજસ્રી આંખેથી નિહાળશે, વશીકરણ વશ થયા રણછોડ ...કોઇ

એવું કહીને રથ ઉપર બન્ને ચઢયા રે, રથ હાંકયો મથુરાની વાટ
ચાલતા રથને સહુ વિટાઇ વળ્યા,
સાંભળો અક્રુર જાણુ અજાણુ જો...કોઇ

મારા સમ જો મથુરા લઇ જાઓ તો રે, તમને કંસરાજાની આણ
હરિને મથુરા જવાનું મુહુર્ત નથી રે,
પુછી જોષીને બોલાવી જોષ જો...કોઇ

હમે માણસની રીતે તમને વારીએ, પછી અમને નહિ દોષ
હરીએ રૂદન કરતા દીઠા માણસો રડતા દીઠા જશોદા માતજો

બળીભદ્ર કંસનું તેડુ પાછુ નહિં ફરે, જઇ કરવા ઉતાપાત જો
ભાઇ ક્ષણ એક ધીરજ ધરો, એમ બોલ્યા બળીભદ્ર વીરજો

અમો દિવસ ચાર પછી આવીશું રે
માથે નરસૈંયાના નાથે દીધી એમ ધીરજો...કોઇ વારો.

÷✱÷

## * આવું રૂડુંને રસાળુ રે

આવું રૂડુંને રસાળુ રે, આવ્યા અયોધ્યામાં રામજી
આ પ્રજા લઈને ભરત પરહર્યાં રે હરિના વદન નિહાળુરે...આવ્યા
આ મલપરતે ગજરે શણગાર્યા રે, સાથે પખાળ્યા પલાણરે
દલ વાદળ દીસે ઘટાર રે, વાગે દેવના નિશાન રે...
આવ્યા આવ્યા જુગજી વનને જાનકી રે, રામલક્ષમણ જોડ રે
શોભિતા હનુમાન સાથિયા રે, હરિના પ્રસન્ના શરીર રે,
અયોધ્યા તો થયુ રે સોહામણુ રે, હરિના કલ્યાણના કોડ રે
ચૌદ વર્ષે આવી મળ્યા રે, સાથે રામલક્ષમણ વીર રે,
ઘર ઘર ઓચ્છવ અતિ ઘણા રે, વાજે તાલને મુદંગ રે
ભેરના વાગે મેદનાં રે, મૃદંગ ડફને ગાજે રે
હરિને છત્ર ચમર વાયે વીઝણો રે, હરિને મોતીડે વધાવો રે,
એક એક લે ઓવારણા રે, પોડે તોરણ બંધાવો રે,
હરિના ધજા પતાકા ફરહર રે, ચોક મોતીડે પુરાવો રે,
સ્હેજે સ્હેજે જુએ સુંદરી રે, હરિના દર્શનનો ભાવ રે,
હરિના હરિજન હરિજશ ગાતા રે, વિપ્રને વેદ ભણાવો રે,
ગાયે માનુની મંગલ ચારે દેવ દુદુંભિ બજાવે રે
કૌશલ્યા કરે હરિની આરતી રે, હરિ મારે મંદિરે પધારો રે,
અગર ચંદનના ઓવારણા ઘણા રે હૈયે હર્ષના માય રે.
ત્યા સઘળા સેવકો આવી મળ્યાં રે, પહોંચી મનડાની આશ રે,
રાજે બેઠા રઘુનાથજી રે, ગુણગાયે ભાણદાસ રે......

## * શામળીયાજીને સંગે તેડો રે *

શામળીયાજી સંગે તેડો રે, સંગે તેડીને રથ જ ખેલો રે,
પછી નહી મેલું તમારો કેડો, હું ગોકુળમાં નહિ રહું રે.

વાલો અવધ કરીને ચાલીયો રે, ચાલતામાં હાથ જ ઝાલીઓ રે.
પછી નહી મેલું તમારો છેડો......હું ગોકુળમાં

ઉડે ઉડે તે કાળા કાગ રે, હરિ વાટ જોતા દિન જાતા રે.
મને હરિ વિના કડવા વખ લાગ્યા......હું ગોકુળમાં

શામળીયાજી મુજને મારો રે, મુજને મારીને મથુરા જાવો રે
પછી જઇને મથુરામાં માલો......હું ગોકુળમાં

વા'લા તમો વિના દિસે રાત રે, કરગ્રહીને કહુ કાન રે
લજજા મેલીને કહું છું અમ રે......હું ગોકુળમાં

## * પ્રાણી એક દિન એવો રે આવશે *

પ્રાણી એક દિન એવો રે આવશે,
ઘર મેલી પરોણા ચાલશે.
તારા વાલા મળીને વળાવશે.
વળાવીને આશન વાળશે.

તારી દશ દિન કરશે વારતા.
પછી કોઇના જોશે આવતા,

લીલા વાંસના આવ્યા વાહન,
પછી કોને વરઘ કોને આંગણે.

ભોળા કાનુડા કાનુડા કાનુડા,
દહાડે હું મોટી તમે નાનેરા

શામળીયાને લેજો સાથ રે,
હરજી હૈયાના નાથ રે.

પ્રાણી છે નથી રામ સંભળતા,
તને જમડા તે લઇ જશે મારતા.

કેમ તજ્યો તેં હમારો સંગ રે,
જેમ તજે છે કાળભોરિંગ રે.

એમ કહે હરજી મન રે, તમે સંભાળો એક દિન રે.

એમ ભણે રે નરસંયો સાચું રે,
હરિની ભકિત વિના સહુ કાચું રે.

## * મથુરાની વાટે રે હરિ રસ વહી ગયો રે *

મથુરાની વાટે રે હરિરસ વહી ગયો રે
સુરજ તું તો શું રે ઉગ્યો ઘુંઘરે,
નાથજી તો તજીને ગયા સ્નેહ...... મથુરાની

ગોકુળમાંથી અક્રુરને તેડાવ્યા,
લઇ ગયા ગોપીઓના પ્રાણ...... મથુરાની

જમુનાને કાંઠડે કદમ કેરા ઝાડવાં,
ઉપર ચડીને નીરખે વ્રજનાર રે....... મથુરાની

ઓ રથ જાઇ રે મારા નાથનો રે,
હવે અમે ઘસીને રહ્યા બન્ને હાથ...... મથુરાની

રથ વળાવીને પાછા વર્યા રે,
આવી ઉભા સરોવરની પાળ રે......મથુરાની

ભરેલા સરોવરીયા સુકાય ગયા રે,
બગલા દેશે રે શ્રાપ રે......મથુરાની

સ્વપ્ના સરખા સુખડા વહી ગયા
હવે આવ્યા દુઃખ દરિયાના દિન રે......મથુરાની

ઝુરે ઝુરે નંદજશોદા માવડી રે,
ઝુરે ઝુરે ગાયોના ગોવાળ...... મથુરાની

ધન ગોકુળર ગામના ગરાસિયા રે,
વા'લે મારે માર્યા મોહના બાણ રે...... મથુરાની

શોભણના સ્વામી શ્રીનાથજી રે,
વાલે મારે ઉતાર્યા ભવપારે...... મથુરાની

*—*

## * મથુરા મોહનજી જાવ તો *

મથુરા મોહનજી જાવ તો, તેડીને સધારો મારા વાલાજી રે,
આવ્યું રે ચોમાસું પંખીએ ઘાલ્યો માળો રે.
ભર રે જોબનમાં ગોપીનો કોણ રખેવાળ મારા વાલાજી રે.

આવ્યો રે શિયાળો દેહ થર થર ધ્રુજે રે,
પ્રભુજી વિના તો ગોપીને ઘડીએ ના ચાલે...મારા વાલાજી રે.

આવ્યો રે ઉનાળો આશા લુગડા સિવાઇ રે,
વાલાજી વિના તો ગોપીને વાવલીયા કોણ ગોળે..મારા વાલાજી રે.

કાકારે અક્રુર પાલવ પાથરી પાયે લાગું રે,
જો હરિને મેલી જાવ તો એ મનડા કેમ માને....મારા વાલાજી રે.

અક્રુર મારા જીવનો લેનારો રે,
દુઃખના દેનારા કાનજી મેલીને સધાર્યા....મારા વાલાજી રે.

કાકારે અક્રુર અમને અવતાર દીધો રે,
જો હરિને મેલી જાવ તો સાસરવાસો કરીએ...મારા વાલાજી રે.

એણે ગોકુળીએ હરિ સંગે રમતા રે.
ત્યાંથી તે વાલે મેલ્યા રોતાંને વલવલતા...મારા વાલાજી રે.

વાલારે અલબેલા કાન તમે સંગે તેડો રે,
નઠોરા નમેરા કાનજી અમો ઉપર રથ ખેલો...મારા વાલાજી રે.

વેણુ વગાડી વાલે વૃન્દાવન તેડયા રે,
રાસ રમાડી વાલે વળતીને તરછોડયા.......મારા વાલાજી રે.

રથ રાખ્યો જમુના તીરે ગોપીઓને સમજાવે રે,
ભાલણના પ્રભુજી ગોપીઓના મનડા મનાવે....મારા વાલાજી રે.

÷*÷

## ※ આણા આવ્યા રે અલખના ※

આણા આવ્યા રે અલખના, વહુજી વેલેરા થાવ
નાઇધોઇ લીધા છાંટણાં, નયણે કાજળ સાર,
કાચા તે કરસણ વેડીયા, તેની કોણ પેર થાશે.
જઇને પૂછો કાજીને, કાજી તે મુજની વિનંતી
લેખો સાહેબને હાથ, આણા આવ્યા રે અલખના.

## ※ મારી બેની રે સાચુ કરી માન ※

મારી બેની સાચુ કરી માન, પરોણે ઘેર નહી વસે.
સાંજે આવ્યા રે વાણે ચાલશે એવા રે અવનિશ્વરના બંધ,
આદે અનાદે અંતે નહિ, મધ્યે કાયાની આણ બંધ.
એવી કાયા રે મૃગજળ ઝીલવા, તેવા રે સ્વપ્નાના સ્નેહ.
સેવક કહે રે હરિને સેવીએ, કાયા માયા નહિ કરમને કાજે.

પરિબ્રહ્મ વાણી રે પરણીએ, બ્રહ્માંડ જૈ જેકાર રે,
ચાર ખાણ હવે નિર્મળી, ભાગ્યો મોહ સંસાર રે.

લેખા તે વાર્યા જમતણા, ઉઠયો નરક વેપાર રે,
બંધન છૂટયાં રે જીવતણાં, સૌ મુકત હોયે પાર રે.

મુકતા સ્થાવર જંગમ, મુકતા સુરનર નાગ રે,
મુકતા સપ્તઋષિ નવગ્રહ, મુકતા મુનિવર જાગ રે.

હરિહર બ્રહ્મા આનંદીયા, ઘેર ઘેર હોય ઓચ્છવ રે,
ઓચ્છવ હોય રે અતિ ઘણા, ગાઈએ વાણીનો નાવલીઓ રે.

ઘેર ઘેર ઘોડલી ઉછળે, તરિઆં તોરેણ બારે બાર રે,
બ્રહ્માંડ ફુલે ફગર ભર્યા સૌયર હરખ ઘરે જો રે.

દેવ ચંદન હોય છાંટણા, હરખીઆ બારેજા મેઘ રે,
શંખ પંચજન્ય પૂર્યો, ભુવન ગાજયો નિર્ઘોષ રે.

લક્ષ્મી તે નારી નારાયણ, અતિ હરખ્યાં મન માંહે રે,
શંકર તાંડવ નાચ્યો, વ્યાપ્યો ભુવન વિસ્તાર રે.

મુકતા વછુટી રે ગંગા, સળકયો વાસુકી નાગ રે,
સહસ્ત્ર અઠ્ઠાસી સહિત બ્રહ્મા વેદ ભણે જો રે.

જયાં લગી હતો કુંવારડો, પરિબ્રહ્મ વાણીનો ભરથાર રે,
ત્યાં લગી સંકુષ્ટ બંધન, સુખ નહિ એકેક વારે રે.

સુખીયાં તે સીયલ બ્રહ્માંડ હવાં, હવે પરણ્યા જોગે જગન્નાથ રે,
આનંદ પરમાનંદ હવા, ભાંગ્યાં સંકુષ્ટ મહાદુઃખ રે.

દુઃખ તે ભાંગ્યાં દોહ્યલાં બંધન આત્મા નિર્મલ હોય રે,
રૂપ તે લક્ષ ચોરાશીના, ઓડવલાં સર્વે સર્વે ભાંગ્યાં રે.

ભાંગી ત્રિભોવન કલ્પના, એક જ હોય આનંદ રે,
જય પરમાત્મા પરિબ્રહ્મ, જૈ જૈ જૂગદાધાર રે.

બ્રહ્માંડ ક્રોડ છે ઘોડલી, ઘરે મંગલ ચાર રે,
નહિ દિન રાતને વેળા, મહિ પળ જુગ કલ્પાંત રે.

ક્ષુધા તૃષા નહિ નિદ્રા ચિંતા નહિ ઘેર ઘેર ધંધા રે,
સચરાચર સૌ તૃપ્ત રે, સુખ પરમાનંદ હરખ્યાં રે.

અવર કાંઇ નવ જોઇએ, ગોથા સૌ તણા ભાંગ્યાં રે,
રાજાજી બેઠા પરિબ્રહ્મા આગળ, સંત માનીતાં રે.

અવર ગુણે સૌ જપ કરો, ચત્રુભુજ રૂપ ધરેજો રે,
અવર નહિ મુખ બોલવું, કેવલ રામ જપજો રે.

જન્મ જરા મૃત્યુ ભય નહિ, અવર નહિ કોઇ કાજ રે,
એક જ તું અવનેશ્વર, આનંદીઆ સર્વે સંતો રે.

## ❊ કે ભાઇ રૂડું તે શું કર્યું ❊

કે ભાઇ રૂડું તે શું કર્યું, પામ્યો મનષા રે દેહ
હરિરસ પ્રેમે પીધો નહિ, ન કર્યો હરિ શું સ્નેહ......

રમતા દહાડા નિર્ગમ્યા, જયાં લગી હતો રે બાળ
ધ્રુવની પેરે નહિ સેવીયો, દીનાનાથ દયાળ......કે ભાઈ

નાના થકી પરણાવીઆ, નાંખ્યો માયાની જાળ.
મહાજુગ મોહયો રે નાર શું, ત્યાંથી ભજો રે ગોપાળ......

સાચા જુઠા બહુ કર્યા, એમ કર્યું એકત્ર દ્રાય
છતાં હતુ. નહિ વાપર્યું નહિ આપ્યું પુણ્ય ને દાન......

મરતા દીઠા અતિઘણા, અમર રહ્યું નહિ કોઇ
સહુદેવ સખા ઉઠી ગયા, હૃદયે વિચારી જોઇ

એક દિને એવો રે આવશે, દીવડો વાએ ઓલવાય
એવુ જાણી ભજો ભગવાનને, આત્મા સાધન થાય.

જે જયાં હતું તે ત્યાં રહ્યું, સાથે આવ્યું ના કાઇ
ભાલણુનો સંદેશો કહી ગયા, ભાઇઓ થજો સાવધાન
કે ભાઇ રૂડું તે શું કર્યું.

# * સ્વર્ગની નીસરણી *

ધન ધન રે આજ ધારણુ ધરીયા, દયા કરીને મંદિર આવો રે રામ
ધરમ રાજારે ધરમપુરીમાં બેઠા
વૈષ્ણવની વારતા કરે રે... રામ
પાપી પાંખડીને બાંધી રે લાવો
વૈષ્ણવની રક્ષા કરજો રે... રામ
એમ કરીને ચાર જમરારે ચાલ્યા
મૃત્યુ તે લોકમાં આવ્યા રે.... રામ
સવારના પ્હોરમાં ન્હાવું ને ધોવું
પુન્યને દાન કંઇ કરવા રે... રામ
એ એંધાણીએ વૈષ્ણવ જાણવા
પાપી ચંડાળનેબાંધી લાવો રે...રામ
એમ કરીને ચાર જમરા ચાલ્યા
રાજાના મ્હેલમાં પેઠા રે... રામ
પહેલો કહે રે હું તો તાવ જ થઇશ
રાજાના હાડમાં પેસુ રે... રામ
બીજો કહે રે હું તો વૈદ્ય થઈશ
રાજાની નાડ તપાસું રે... રામ
ત્રીજો કહે રે હું તો જોષી રે થઇશ
રાજાના જોષ જોઇશ. રે... રામ
ચોથો કહે રે હું તો શેઠીયો થઇશ.
બજારે હાટ માંડી બેસું રે... રામ
એમ કરીને ચાર જમરા રે ચાલ્યા
રાજાના હાડમાં પેઠા રે.... રામ

રાજાની રાણીઓ વૈદ પુકારે
રાજયના વૈદ બોલાવો રે.... રામ
મંછારામ વૈદ તમે અહિંજ આવો
રાજાની નાડ તમે જુવો રે... રામ
તાવ તરિયો ને એક આંતરિયો
ચોથીઓ તાવ આવ્યો રે... રામ
એમ કરીને એક પડીકું આપ્યું
ત્યાં ને ત્યાં ઘડી નવ થઇ રે... રામ
સગા વ્હાલા સર્વે ટોળે થઇ બેઠા
અંતરના સગા સોડે બેઠા રે... રામ
જીવ જતા રે એનો કોઇએ ન જાણ્યો
પલકમાં દેહ પડયો રે... રામ
લીલુડા વાંસની પાલખી ઘડાવો
ઊંચકનારાએ ને ચાર રે.... રામ
ચાર જણા એની સાથે રે ચાલે
પુરુષે પાલખી લીધી રે.... રામ
ચકલા સુધી એને સર્વે વળવી
વ્હાલા વળાળી પાછા વળ્યા રે રામ
પાછું વળીને પ્રાણી શું રે જુવો છો
કયાં રે ગયા સગાવ્હાલા રે... રામ
વ્હાલા સગા રે તારા પાછા રે વળ્યા
વ્હાલી તે ધન કેરી કોઠી રે... રામ
પહેલે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢયા
બીજે પગથીએ ભાલા દીઠા રે... રામ

આરે ભાલામાં હવે કેમ રે ચલાશે
હવે તે શી ગતિ થાશે રે... રામ
ભાલા દેખીને પ્રાણી થરથર ધ્રુજે
ધ્રુસકે ધ્રુસકે રોવા બેઠા રે.... રામ
ભલો જમરો જીવને ફરીફરી પુછે
શું કર્યાં પુન્યને દાન રે... રામ
નથી કર્યા પુન્યને નથી કર્યા દાન
દયાનો માર્ગ ભૂલી ગયો રે... રામ
હું જાણું આગળ વિપત્ત પડશે
જમરા તો માર ઘણો મારે રે... રામ
લોઢાની બેડી વતી પ્રાણીને મારે રે રામ
બરાડાને ભુમો મારે રે... રામ
બીજે પગથીએ પ્રાણી જેમતેમ ચઢયા
ત્રીજે પગથીએ ગોખરૂ દીઠા રે... રામ
આરે ગોખરૂમાં હવે કેમ રે ચલાશે
હવે તે શી ગતિ થાશે રે... રામ
જોરે જોડાના દાન આપ્યા હોય તો
ભાડે જોડા આણી આપું રે... રામ
ફરી ફરી મને શું રે પુછો છો ?
નથી કર્યા પુન્યને દાન રે.... રામ
ભલાં જમરાને દયા આવી
જુનો જોડો આણી આપ્યો રે ....રામ
ભુંડા જમડાની નજરે પડયો તો
ધોલો મારી ખુંચી લીધો રે... રામ

દેવના ચોર તારે કંઇ હતું કે નહીં
ઉત્તમ દેહ તમને આપી ...રે રામ
ફરી ફરી મનખાં આવે ન આવો
લક્ષ ચોર્યાશી પડશે રે... રામ
ત્રીજે પગથીએ પ્રાણી જેમતેમ ચઢયા
ચોથેપ ગથીએ ભુખ લાગી રે... રામ
અરેરે ભુખમાં કેમ રહેવાશે
હવે તે શી ગતિ થાશે રે... રામ
એ પેલો એપેલો ભંડાર ભર્યો... રે
તેમાંથી શેર અન્ન આપો રે... રામ
એકશોને બે વર્ષ સુધી કમાયો
ઉઘાડો બરડો બળે રે... રામ
લક્ષાધિપતિ ભાઇ જે રે કહેવાતો
વ્હાણે જેને ઘેર ચલાવતો રે... રામ
તેમાંથી કાંઇ તારે હાથે આપ્યા હોય તો
તે તારી સાથે આવે રે... રામ
ચંખુ ઝારીયો કોરાણે. મેલશે
ખોખરી દોણી સાથે ાવેરે... રામ
આરે રૂધીરમાં હવે કેમ ચાલશે
હવે તે શી ગતિ થાશે રે... રામ
જોરે ગાયોના દાન દીધા હોય તો
તરીને પાર ઉતારે રે... રામ
નથી કર્યા પુણ્ય મેં તો નથી કર્યા દાન
દયાનો માર્ગ ભુલી ગયો રે... રામ

પાંચમે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢયા
છઠ્ઠે પગથીએ દીઠા થંભા રે... રામ

આરે થંભે પ્રાણીને બાથ ભીડાવો
અડધો બળ્યોને અડધો રહ્યો રે... રામ

ભાઇ રે વિમાન તારા ઊભા રે રાખ
તે તો શાં પુણ્ય કીધા રે... રામ

ઉનાળે જેણે પરબ મંડાવી.
ચોમાસે વિશ્રામ આપ્યો રે... રામ

બ્રાહ્મણ જનોને જેણે સીધા રે આપ્યા
તેને પુણ્ય વિમાન મળ્યા રે.... રામ

છઠ્ઠે પગથીએ પ્રાણી જેમ તેમ ચઢયા
સાતમે પગથીએ કુંડ દીઠા રે ... રામ

ચોરે બેસીને જેણે ચાડીઓ કીધી.
જૂઠી શાખો ઘણી પુરી રે... રામ

એરે પ્રાણીને પેલા કુંડમાં નાંખો ... રામ
તેને તે શી ગતી થાશે રે ... રામ

કાન ખજુરા એના કાનમાં પેસે
તે હુંઢીયા આંખો કોચે રે ... રામ

## * ભક્તિ કરતા છુટે મારા પ્રાણ *

ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માગુ રે
રહે અંતસમયે તારો સાથ પ્રભુ એવું માગુ રે

તારું મુખડું મનોહર જોયા કરું
રાતદિવસ ભજન તારું બોલ્યા કરુ

રહે અંત સમયે તારુ ધ્યાન પ્રભુ એવુ માગુ રે

મારી આશા નિરાશા કરશો નહિ
મારા અવગુણ હૈયામાં ધરશો નહિ

શ્વાસે શ્વાસે રટુ તારુ નામ પ્રભુ એવુ માગુ રે

મારા પાપને તાપ સમાવી લેજો
તારા બાળને દાસ બનાવી દેજો

દેજો આવીને દર્શન દાન પ્રભુ એવુ માગુ રે

*

## * અમને અંતસમયે ઉપકારી વેલા આવજો રે *

અમને અંત સમયે ઉપકારી વેલા આવજો રે,
શ્રીમદ સદ્ગુરુ નામ તમારૂ, પ્રાણજતા પણ નકરું ન્યારું
મનોહર મંગળ મુર્તિ નાથ બતાવજો રે...અમને અંત

વિકટ સમય સાચવજો વ્હાલા, કરૂ કોટી કરી કાલાવાલા
આવી દિન દયાળ દયા દર્શાવજો રે......અમને
વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વિઠ્ઠલ વેલા
પ્રણુત પાળનું પેલા પળ પરખાવજો રે...અમને

સ્વર્ગ નીસરણી સાત પગથીઆ
ગાય શીખે ને સુણે રે... રામ

ભટ્ટ પ્રેમાનંદ એમ જ કહે છે
વૈકુંઠ વાસો થાશે રે ... રામ

## ❊ કોઇના મરશો ના માને બાપ ❊

કોઇના મરશો ના માનેબાપ, રૂવે મારી આંખલડી
મારા કયારે જનમના પાપ રૂવે મારી આંખલડી
શું ભૂલી ગયા બાળ યાદ કરે
નિશદિન બાળ તારુ ધ્યાન ધરે
ચારે કોર છે અગ્નિના તાપ રૂવે મારી આંખલડી
મારુ તનડુ બળે મારુ મનડુ રડે
દુઃખીયારાને જગમાં મારગ ન જડે
ડગલે ને પગલે પડે છે સંતાપ રૂવે મારી આંખલડી
દુઃખડા કોને કહું કયાં જઇને રહુ.
નહુ દિલડાની વાત હું કોને કહું
મારા પાપ કરો પ્રભુ માફ રૂવે મારી આંખલડી

મરકટ જેવું મન હમારું, તત્વ તોડે તાન તમારું
અંતરનું અંધારૂ સદા સમાવજો રે... અમને
દેજો દર્શન જનમન હારી, પરમ કૃપાળુ બિરદ વિહારી
રત્નમય બલિહારી, તાત બચાવજો રે... અમને

## * ભકિત સમજાવી છે ગીતામાં વાંચજે *

ભકિત સમજાવી છે ગીતામાં વાંચજે,
મનડું પ્રભુના ચરણમાં તું રાખજે
સંકલ્પો સઘળા પ્રભુને તું સોંપજે,
નિર્ણયો જીવનમાં એના તું માનજે,
મનબુધ્ધિ જેના છે તેને તુ આપજે...મનડું
સંસાર સાગર છે એકલે તરાય ના,
ઇશની સહાય વિના પાર ઉતરાય ના,
જીવન નૈયાનું સુકાન એને સોંપજે....મનડું
ઇશ્વરના કામે આવેશ સદા રાખજે,
આસુરી વૃત્તિનો દ્વેશ દિલે ધારજે,
ભકિતની મસ્તીમાં મસ્ત બની રાચજે...મનડું
બ્રહ્મર્ષિ થઇને તું ચિંતન પ્રગટાવજે,
રાજર્ષિ રૂપે તું વૈભવ વહાવજે,
દેવર્ષિ થઇ સૌના દિલને હલાવજે...મનડું

## * આરે અવસરમાં જેણે સતગુરુ સેવ્યા *

આરે અવસરમાં જેણે સતગુરુ સેવ્યા,
વાદ વિવાદ મટી જાય રે સોહાગીલાલ....આરે

સંતસમાગમ જેને વાલેરો લાગે,
વસ્તુ તો દીધી ઓળખાવી રે સોહાગીલાલ...આરે

ઓહમ સોહંમ શબ્દ નાભીથી ઉઠે,
શુન્ય શીખર ગઢ જાય રે સોહાગીલાલ...આરે

પરાપસતી મધમેં વીખરી વાણી,
મધ્યમ ઘાટ ઘડાય રે સોહાગીલાલ...આરે

ચાંદા સુરજ દોનો એક ઘરે લાવે,
સુરત નુરત મલી જાય રે સોહાગીલાલ...આરે

ઇગલાને પીંગળા રે શુષ્મણા નારી,
ત્રીવેણી સંગમ ત્યાંતો થાય રે સોહાગીલાલ..આરે

આઠેરે પહોર જેને ચઢી રે ખુમારી,
આવા ગમન મટી જાય રે સોહાગીલાલ...આરે

અનુભવ ઉગ્યો ત્યારે થયું રે અજવાળું,
અજ્ઞાન તિમીર ટળી જાય રે સોહાગીલાલ...આરે

અનહદ વાજા વાગે ગગન મંડળમાં,
ઘોર શબ્દ ત્યાં તો થાય રે સોહાગીલાલ...આરે

આચાર વિચાર જેને મળે રે બિહારી,
જેવા હોય તેવા ત્યાં દેખાય રે સોહાગીલાલ...આરે

એક વીસ હજાર છસો દમનેરે સાધે,
ઓમકાર શબ્દ ત્યાં તો થાય રે સોહાગીલાલ...આરે

હરિદાસ હરિનું નામ જપોલો,
હરિ ભજતા હરિમાં સમાય રે સોહાગીલાલ...આરે

## * સુનુ કીધુ રે એણે ગોકુળ ગામ *

( રાગ : આરે અવસરમાં જેણે સદગુરુ સેવ્યા )

સુનુ કીધુ રે એણે ગોકુળગામ
ગોપીજનના તે પ્રાણ મારા પ્રભુજીની પાસે
હમારે કરમે અક્રુર કયાથી રે આવ્યો
કરી લઇ ગયો બળી ભદ્રના વીર...ગોપી જનના

રથને રોકીને જયારે રહ્યા રે રાધાજી
ઘણી એક દીધી જોને ધારણ ધીર...ગોપી જનના

આવ્યાની આશે હમે રહ્યા રે વિશ્વાસે
હરિ લીધારે મારા હૈયાના હીર....ગોપી જનના

વચન તમારા ઓધવ રૂદિયામાં વાગે
આવીને વાગે મારા તનડામાં તીર...ગોપીજનના

પ્રીતની વાત ઓધવ પ્રેમીજન જાણે
વંઝા શું જાણે પેલા પ્રસુતિની પીડ...ગોપીજનના

કેસરી ભૂખ્યો હોયે ઘાસના ખાય
ચઢયોને ઉતરે જેમ સતીનો શણગાર...ગોપીજનન

મીઠા જળનું મચ્છ ખારુંના ચાખે
કેળનું ફળ કંઇ એક જ વાર... ગોપીજનના

જળ વિના જીવે તે તો જાણવા દાદુરડા
મીન મરે રે જયારે ના હોય નીર...ગોપીજનના

શ્યામ સુંદર વિના સાધન શું થાશે
આંબા તજીને કોણ સેવે રે કેળ...ગોપીજનન

પ્રભુજી વીનારે મારે પલક ન ચાલે
પ્રીતમના પ્રાણ આધાર......... ગોપીજનન

## * તને દેવા માટે રામ મારી પાસે એક પ્રણામ *

તને દેવા માટે રામ મારી પાસે એક પ્રણામ
તને દેવા માટે કૃષ્ણ મારી પાસે એક પ્રણામ
જપ તપ તીરથ ત્યાગ સંયમ અધુરા લાગે કામ
બે કરજોડી શીશ નમાવી, કરું છું રામ પ્રણામ...તને
તારી બનાવી દુનિયા માંહે સૌને ધનને ધાન
માનવ કાયા તું દેનારો, તને શું આપુ રામ...તને
જીવ માત્રનું જીવન તું છે, મરવાનું છે ધામ
પુર્ણ પ્રભુ પરમેશ્વર તું છે, લેજે મારા પ્રણામ...તને
તારી દયાએ સર્વસ્વ મારું, રૂપાળુ તારું નામ
ભકતોના રામ દયા કરીને, સ્વીકારી લે પ્રણામ...તને

## * પ્રભુ દ્વાર તમારા ખોલો રે આવ્યા એક પૂણ્યાત્મા *

પ્રભુદ્વાર તમારા ખોલો રે આવ્યો એક પૂણ્યાત્મા
આ દુનિયાની સગાઇ એ તો પ્યારમાં પથરાઇ
એમાં આત્મા ગયો લપટાઇ રે આવ્યો એક પૂણ્યાત્મા
આ ચારે કોરની માયા તેમાં સઘળા ભેદ સમાયા
મન માનવના લોભાયા રે આવ્યો એક પૂણ્યાત્મા

આ કાયા કુંભ છે કાચો સમજો તો એમાં ન રાચો
પ્રભુ તું છે એક જ સાચો રે આવ્યો એક પુણ્યાત્મા

એણે સતકર્મ કંઇ કીધાં એણે દુઃખ સહન કરી લીધાં
તારા નામના અમૃત પીધાં રે આવ્યો એક પુણ્યાત્મા

લીધી તારા નામની માળા હૈયે ભજીલે છેલ છોગાળા
એ ગિરધારી ગોપાલા રે આવ્યો એક પુણ્યાત્મા

તારે હાથે છે મુજ નૈયા તને પોકારું તરવૈયા
તમે આવોને રખવૈયા રે આવ્યો એક પુણ્યાત્મા

તમે વ્હારે આવો નાથ, મારો પકડી લેજો હાથ
પછી છોડુ નહિ સંગાથ રે આવ્યો એક પુણ્યાત્મા

આ અવિચળ ભાનુ ચંદા, એ તારી લીલા ગોવિંદા
એ જશોદાજીના નંદા રે આવ્યો એક પુણ્યાત્મા

પ્રભુ એ છે પ્રાર્થના મારી આત્માને લેજો તારી
તમે સુણજો કૃષ્ણ મોરારી રે આવ્યો એક પુણ્યાત્મા

## * આત્માને જુનું લાગ્યું રે *

આત્માને જુનું લાગ્યું રે પંખીને જુનું લાગ્યું રે
આ પિંજર જુનું લાગ્યું

એને બહુ બહુ સમજાવ્યું, તોયે એણે કહ્યું ન માન્યું
એણે નવું પિંજર માંગ્યુ રે, પિંજર જુનું લાગ્યું

આ કાયા કુંભ છે કાચો, સમજો તો એમાં ન રાચો
પરમાત્મા એક જ સાચો રે...પિંજર જુનું લાગ્યું

આ ચારે કોરની માયા, તેમા સઘળાં ભેદ સમાયા
મન માનવનાં લોભાયાં રે પિંજર જુનું લાગ્યું

આ દુનિયાની સગાઇ, રહી પ્યારમાં પથરાઇ
આત્માં ઝંખે રઘુરાઇ રે...પિંજર જુનું લાગ્યું

તમે સમજુ થઇને માનો આ કામ ન આવે ખજાનો
પ્રભુ નામ ખરો પરવાનો રે...પિંજર જુનું લાગ્યું

આ અજર અમર છે આત્મા, છે તારો અંશ પરમાત્મા
આ જુદો નથી જીવાત્મા રે....પિંજર જુનું લાગ્યું

## * હે મારો દેહપડે જે વાર *

( રાગ : મને લાગ્યો તારો નાદ )

હે મારી દેહ પડે જે વાર, પ્રભુ કરશો ના ત્યારે વાર
પ્રભુજી મારી વારે ચઢો રે, પ્રભુજી મારી વારે...ચઢો

અંત સમયે ભાન ભુલું તો, સંભાળ મારી લેજો
અંતીમ ઘડીએ મુખમા તુળશી, યમુના પાણી દેજો..પ્રભુજી

દેહ ત્યાગ કરતા પહેલા, દર્શન મુજને દેજો
તારા નામનું સ્મરણ કરાવી, પછી વિદાય તમે લેજો...પ્રભુજી

અવગુણ મારા જોશો નહિને, પાપો માફજ કરજો
પ્રભુ ભકત મને સાચો બનાવી, તુજમા સમાવી લેજો પ્રભુજી

### * સમય મારો સાચવજે વ્હાલા *

સમય મારો સાચવજે વ્હાલા
કરૂં હું કાલાવાલા......(૨)

એરે સમય મારો આવશે જયારે
નહિ રહે દેહનું ભાન....(૨)

એ રે સમયે મુખે તુળશી દેજો
દેજો યમુના પાન (૨)...સમય

જીભલડી મારી પરવશ બનશે
હારી બેસું હામ

એરે સમયે મારી વ્હારે ચઢીને
રાખજે તારું નામ (૨)...સમય

કંઠ રૂંધાશે ને નાડીઓ તૂટશે
તૂટશે જીવનની દોર
એરે સમયે મારા અલબેલા તું
કરજે બંસીનો શોર (૨)...સમય

આંખલડી મારી પાવન કરજો
એક જ દેજે વ્હાલ......(૨)

શ્યામ સુંદર તારી ઝંખના કરીને
પુનિત છોડે પ્રાણ (૨)...સમય

× * ×

## * આ અંતકરણની વાણી રે *

( રાગ : પ્રભુ દ્વાર તમારા ખોલો રે )

આ અંતકરણની વાણી રે, તમે સાંભળો...અંતરયામી
મારૂ જીવન થાય ધુળ ધાણી રે, તમે સાંભળો...અંતરયામી
આ તન મંદિર તમારૂ, સંતો વેદો એ વખાણ્યુ
મહીં પેઠા અસુર ભયંકર રે, તમે સાંભળો...અંતરયામી
પથ્થર સમ હૈયું મારુ, છતી આંખે છે અંધારુ
અંતરમાં કરો અજવાળું રે, તમે સાંભળો...અંતરયામી
કયાં સુધી રહેશે આવું, સુરજ ઘરમાં અંધારૂ
અંધારે કરો અજવાળા રે, તમે સાંભળો...અંતરયામી
મારા હૃદય કમળના વાસી, તમે છોડો કાળની ફાંસી
શીત્રરામની આટલી અરજી રે, તમે સાંભળો...અંતરયામી

*

# * ચેતો તો ચેતાવું તમને રે *

( રાગ : મુખડાની માયા લાગી રે )

ચેતો તો ચેતાવું તમને રે, પામર પ્રાણી
સમજો તો સમજાવું તમને રે, પામર પ્રાણી

સજી ઘરબાર સારુ, મીથ્યા કરે મારું મારું
તેમાં નથી કંઇ તારું રે, પામર પ્રાણી

તારે હાથે વપરાશે, તેટલુંજ તારું થાશે
બીજું તો બીજાની સાથે રે, પામર પ્રાણી

માખીઓ એ મધ કીધું, ખાધું નહી ખાવા દીધું
લુંટનારે લુટી લીધું રે, પામર પ્રાણી

ખંખેરી ને હાથ ખાલી, ઓચિંતાના જવું ચાલી
કરી માથાકુટ ખાલી રે, પામર પ્રાણી

સાહુકારી માં સવાયો, લખપતિમાં લેખાયો
કહે સાચું શું કમાયો રે, પામર પ્રાણી

આવે ત્યારે ખાલી હાથે, કમાયો તું માલ કેવો
તેની તો તપાસ લેજો રે, પામર પ્રાણી

હેવે નર તન દીધું, તેની તો કિંમત ના કીધી
મણી સાટે મેંસ લીધી રે, પામર પ્રાણી

ખોળામાંથી ધન ખોયું, ધુળથી કપાળ ધોયું
શાણપણું તારૂ જોયું રે, પામર પ્રાણી

હજી હાથમાં છે બાજી, કરતું પ્રભુને રાજી
તારી મુંડી કર તાજી રે, પામર પ્રાણી

હાથમાંથી બાજી જાસે, પાછળથી પસ્તાવો થાશે
કશુ નહી કરી શકાશે રે, પામર પ્રાણી

મનનો વિચાર તારો, મનમાં રહી જવાનો
વળતી ના આવે વારો રે, પામર પ્રાણી

નિકળ્યો શરીરમાંથી, પછી તો માલિક નથી
કહે દલપત મથી મથી રે, પામર પ્રાણી

## * વેળા તારી વહી જાશે રે *

( રાગ : મુખડાની માયા લાગી રે )

વેળા તારી વહી જાશે રે, પામર પ્રાણી
કરતું પ્રભુને રાજી રે, પામર પ્રાણી

ખોટા જગની માયા આડે, ચઢી ગયો શું તું તાડે
અક્કલ લાવ્યો ભાડે રે, પામર પ્રાણી

જેની મુંછે લીંબુ લટકે, કાળથી કદીના છટકે
ભવોભવ ભટકે રે, પામર પ્રાણી

ઓચિંતો તું પોઢી જાશે, મનનું મનમાં રહી જાશે
મરવું મિથ્યા નહીં થાશે રે, પામણ પ્રાણી

માયા એ ગરદન માર્યો, પુણ્યથી પરવાર્યો
જીતી બાજી તું તો હાર્યો રે, પામર પ્રાણી
જેવો રસ્તો તને ફાવે, હરી ભજી લેને ભાવે
વેળા વીતી નહી આવે રે, પામર પ્રાણી
સત સંગે હૈયા વળશે, ગુણગાતા પ્રભુ મળશે
ચોર્યાસી ફેરા ટળશે રે, પામર પ્રાણી

## * હરી મારા હૈયે રહેજો પ્રભુ મારી પાસે રહેજો *

હરી મારે હૈયે રહેજો, પ્રભુ મારી પાસે રહેજો
તમારો વિશ્વાસ છે.
ઊંડા જળમાં ગજ ઘેરાયો, જરાઇએ આંટો દીધો જો
જરોઇ ના તો કટકા કર્યા, ઉગાર્યા ગજરાજ....વ્હાલા
હરીદાસે ખેતર ખેડયા, વેરુળી વવડાવી જો
સાધુ સંતના ખાતર પુર્યા, ઘઉં ના ગાડા ભર્યા...વ્હાલા
જૂનાગઢમાં નરસિંહ મહેતાએ, નાગરી ન્યાત જમાડી
કુંવરબાઇના મામેરા પુર્યા, વ્હાલા બન્યા વેપારી...વ્હાલા
ધ્રુવ રાજાની અપરમાયે કઠણ વચન કીધા જો
પાંચ વર્ષના તપ માંડયા, અવીચળ પદવી દીધી...વ્હાલા

ભરી સભામાં દુર્યોધને, સતીના ચીર તાણ્યા જો
નવસે નવ્વાણું ચીરજ પૂર્યા, રાખી સતીની લાજ....વ્હાલા

પ્રહલાદજી ના તાતે દુભાવ્યા, સ્થંભે પુર્યા વાસ જો
સ્થંભના તો કટકા કર્યા. ઉગાર્યો પ્રહલાદજી...વ્હાલા

સુધન્વાને તાતે નાંખ્યો, તેલ કઢાની માંહે જો
તેલ કઢા તો શીતળ કીધા, ઉગાર્યો સુધન્વા...વ્હાલા

રાણાજી કોપ્યા ત્યારે, ઝેરનો પ્યાલો મોકલ્યો જો
ઝેરના તો અમૃત કીધા, ઉગાર્યા મીરાંબાઇ...વ્હાલા

ઈંદ્ર જયારે કોપ્યા ત્યારે, વરસ્યો મેઘ મલાર જો
ટચલી આંગળીયે ગોવર્ધન તોળ્યો, ઉગાર્યા ગોપ ગોવાળ

બ્રહમાજી વાછરડા હરી ગયા ત્યારે, નવા નીપજાવી લાવ્યા જો
બ્રહમાજી એ કૌતુક દીઠું, પ્રગટયા શ્રી ભગવાન...વ્હાલા

કરજોડી ને કરું વિનંતી હું છું તમારો દાસ જો
દાસ જાણીને દર્શન દેજો, દેજો વૃજમા વાસ વ્હાલા

## * રહી જાને આજની રાત *

રહી જાને આજની રાત હંસા રે રાજા રહી જાને આજની રાત
કરવી છે મનડાની વાત હંસારે રાજા...

પહેલો વિસામો હંસા ઘરને ઊંબરીયે
બીજો વિસામો ઝાંપા બહાર...હંસા રે રાજા

ત્રીજો વિસામો હંસા ગામને ગોદરે
ચોથો વિસામો સ્મશાન ...હંસા રે રાજા

ચાર જણા તો હંસા ઊંચકીને ચાલ્યા
પાંચમો કરે રે પોકાર ...... હંસા રે રાજા

માને માસી રે હંસા બન્નેવ બેનડી
ચકલા સુધીનો સંગાથ ...... હંસા રે રાજા

ગાડું ભરીને સુકા લાકડા મંગાવ્યા
કોરી મટુકીમાં અંગારા રે... હંસા રે રાજા

સ્મશાને જઇને ભાઇઓએ ચીતાઓ ખડકીને
જમણે અંગુઠે મૂકી આગ...... હંસા રે રાજા

ઘરની સ્ત્રી તો હંસા ખૂણે જઇને બેઠી
ખોળીયાની થઇ રાખ... હંસા રે રાજા
રહી જાને આજની રાત હંસા રે રાજા રહી જાને આજની રાત

## * કીધી હતી જેલમાં શું વાત *

કીધી હતી જેલમાં શું વાત હંસલા ભુલી ગયો રામને
કયાં ગઇ તારી કબૂલાત ... હંસલા

બહારનું જગત જોવા ફાંફાં તું મારતો
પોકારો પાડીને આંસુ તું સારતો
તે દી નોતી જીવને નિરાંત ...... હંસલા

માયાના માંડવા હેઠળ તું નાચતો
દુનીયાનું રાજ તારી મુઠીમાં માનતો
ઝુલી રહ્યો સોનાનો ખાટ ....... હંસલા

ખાધા તે માર વારી વારી યદમદેવના
તોયે સુધારવાની રાખીના ખેવના
વિચારીના જોયું દીન રાત ...... હંસલા

મનહર વખત વિત્યો સમજે તે સાનમાં
માનવનું મુલ સાચુ રામ ગુણ ગાનમાં
ખાલી ભરે આભથી શું બાથ...... હંસલા
હંસલા ભુલી ગયો રામને

## * છુટી જાને પ્રાણ તુ મારા *

( રાગ : હરી મારા હૈયામાં રહેજો ભુલુ ત્યાં ટોકતા રહેજો )

છૂટી જાને પ્રાણ તું મારા, હરી વિના જીવન ખારા
જીવવાનો રે મોહ લાગ્યો છે, નથી જીવનમાં કંઈ સાર

રિબાઇ રિબાઈ ને મરવા કરતાં, તોડી દે તુ તાર.
પાપના તાપે બળી બળીને, હૈયા બન્યા છે ખાખ
હરી વિમુખ થઇ જીવે જગતમાં નથી કંઇ એની શાખ
શાખ ગઈ એણે સમજી લેવું, કપાયું અંગનું નાક
દોષ દેવો નહી કોઇને એમાં, ભાગ્યનો મારો વાંક
પુનીત પ્રભુની પ્રાપ્તી વિના, તું અટકી જાને શ્વાસ
પરમ શાંતિ મૃત્યુને માની હૈયે થાશે ત્યારે હાશ,

## હરી મારા હૈયામાં રહેજો

( રાગ : પ્રભુ મારી પાસમાં રહેજો, માંગુ મને એટલું દેજો )

હરિ મારા હૈયામાં રહેજો, ભુલુ ત્યાં ટોકતાં રહેજો,
મનડુ મારુ મૂરખ ન માને, કરે ખોટા વિચાર,
ખોટા વિચારો એના છોડાવી, રાખજો ખરાની માંય....... હરિ

પરમાર્થમાં પ્રીતિ કરૂં ત્યાં સ્વાર્થ આવી જાય
આંખ મીચીને અંતરે જોયુ તો હતો ત્યાં નો ત્યાંય...... હરિ

બીજાની ભૂલો નાની હોય તે ડુંગર જેવી દેખાય
ડુંગર જેવી ભૂલો મારી નજેર આવે નહિ...... હરિ

અંતર ખોલ્યુ આપની સામે, જોઈને કરજો વિચાર
'શિવરામ' ના હરિઆપ શું જાણો એળે ગયો અવતાર
હરિ મારા હૈયામાં રહેજો ભુલુ ત્યાં ટોકતાં રહેજો.

## * જીવ કાયાને કહેશે રે *

જીવ કાયાને કહેશે રે હું પંખી છું પરદેશી
અમે કયાં સુધી રહેશુ રે, પડી અમને ફાંસી
ગુરૂએ સમજ પાડી રે, જોયુ સરવે તપાસી
તારી વાસના લીધે રે, ફર્યા લક્ષ ચોર્યાસી
નીરખ્યા બ્રહમ સ્વરૂપે રે, પોતાનુ રૂપ પ્રકાશી
મારો કેડો તમે મેલોરે શાને ફરો ઉદાશી
તમને તીરથ કરાવ્યા રે, શ્રી ગંગાને કાશી
થયા રૂપ અરૂપે રે, માયા ત્યારે દૂર ખસી
મળ્યા તેજમાં તેજ રે, હરી જેને ગયા વસી
દાસ નારણશીંગ કહે છે રે, અચળ થયા અવિનાશી
ગુરુ ગોવિંદને ભજશે રે, અમરાપુરના વાસી.

## * કાયા જીવને કહેશે રે *

કાયા જીવને કહશે રે હું પંખી છું પરદેશી,
મેલી મુજને ક્યાં જાશે રે, આ વગડામાં અથડાતી.

જીવ તમારે લીધે રે, ચાલું છુ મદમાતી,
તમો વિના નહિ મારે રે, આ દેહનો સંગાથી.

જયારે તમે જ જાશો રે, મારી શી ગતી થાશે,
જયારે જાવું જ હતું રે, પ્રીત કરવી નોતી.

ઘણા લાડ લડાવ્યા રે, ભેગી બેસી જમતી હતી,
હવે કેમ તરછોડી રે, આવી કેમ ફરી મતી.

કોઇક ગુરૂ મળ્યા રે, અગમ નિગમ ગતી,
મળ્યા બ્રહ્મ સ્વરૂપે રે, હું જાણતી ન હતી.

છો દેવ નીરંજન રે, સુખે મંગળ મુર્તી,
તારો ભેદ ન જાણ્યો રે, એવી તારી અકળ ગતી.

મારી કરણીના જોશો રે, હું કરજોડી કરગરી,
મેલી માયાને ચેતન રે, ચાલ્યા અમરાવતી.

દાસ નારણસીંગ કહે છે રે. માયા પછી રોતી રહી,
ગુરૂ ગોવિંદને ભજતા રે, થશે તેની સદ્ગતી.

# શામળીયા સર્વે છે તારૂં એમાં નથી કંઇ મારૂં

( રાગ : પ્રભુ મારી પાસે રહેજો માગું મને એટલું દેજો )

શામળીયા સર્વે છે તારું એમાં નથી કંઇ મારું
મારું મારું કરી ગયેલાં, લઇ ગયા નથી સાથ
તારું કહ્યું તે તરી ગયા છે, પકડી લે તું હાથ.... શામળીયા

જન્મ દઈને જીવડાવતો તું, ત્યારે રાખી મારી સંભાળ
દયાની દૃષ્ટી રાખજે વ્યાલા, કરૂણાનો કીરતાર... શામળીયા

તું બોલાવે મુખ બોલતું તું, ચલાવે તેમ ચલાય
પ્રેરણા દેજો હૈયે બેસી, મનડુ જયારે મુઝાઇ... શામળીયા

સરજનહાર તું સુષ્ટીનો છે, સૌનો પાલનહાર
કલ્પનામાં આવે રચના તારી, કરું છું નમસ્કાર... શામળીયા

અંતરયામી અંતર વાંચે, છુપી નથી કંઇ વાત
તારા ખોળામાં માથુ મેં મુકયું, આપજે આશીર્વાદ.... શામળીયા

જીવનદાતા ઓ જગદીશ્વર, મારે તારો આધાર
પોતાનો જાણી પાળજે વ્હાલા, દુનિયામાં દાતાર... શામળીયા

તન મનને ધન પ્રભુજી, તુજને અર્પણ થાય
બાળક તારે શરણે આવ્યો, વ્હાલા રણછોડરાય... શામળીયા

## પ્રભુ મારી પાસમાં રહેજો માંગુ મને આટલુ દેજો

( રાગ : હરી મારા હૈયામાં રહેજો ભુલુ ત્યાં ટોકતા રહેજો

પ્રભુ મારી પાસમાં રહેજો, માગું મને આટલું દેજો
સાંજ સવારે આરતી વેળાએ, આવોને સુંદીર શ્યામ
અંતર આંખ ઉઘાડજો મારી, આતમના હે રામ
કહેવાનું તે કાનમાં કહેજો.... માંગુ મને

આખા દહાડામાં એક ઘડી પણ થાય રૂડો સતસંગ
રાત દહાડો રહું વહેવારમાં ને લાગે ન માયાનો રંગ
આઠે પહોરે આનંદ દેજો.... માંગુ મને

બુધ્ધિ તો મારી બદલાઈ નહિને, કરું ન કોઈનો દ્વેષ
નાટક વેશ ભજવું છતાં પણ ભુલું ન મારો વેશ
ભલે શિરે દુઃખ જ પડજો... માગું મને

સમાન ભાવ રહે સહુ જીવો પર, દૈત્યપણું નવ થાય
હુંપદ હૈયામાં પેસે નહિને, ભકિત તારી ના ભુલાઇ
મારું મન સંકટ સહેજો... માગું મને

આરે દેહનું આખર વેળાએ, થવાનુ હોય તે થાય
સગા નહિ પણ સંતોનો મેળો જીવ કૃષ્ણ તણા ગુણ ગાય
બે કરજોડી કરુ વિનંતી. શ્રીવ્રજમાં દેજો વાસ... માગું મને

# * અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે *

અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે
શ્રીમદ સદ્‌ગુરુ તામારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું,
મનહર મંગલ મૂર્તિ, નાથ બતાવજો રે... અમને.

વિકટ સમય સાચવજો, વ્હાલા ! રડું કોટિ કરી કાલાવાલા,
આવી દીનદયાળ, દયા દરશાવજો રે... અમને.

વસમી અંત સમયની વેળા, ન્હારે ધાજો વિઠ્ઠલ વહેલા
પ્રણુત પાળનું પહેલા પણ પરખાવજો રે.... અમને.

મરકટ જેવું મન અમારું, તત્વનું તોડે તાન તમારું.
અંતરનું અંધારું સઘ, સમજાવજો રે.... અમને.

દેજો દર્શન જનમનહારી ! પરમ કૃપાળુ ! કૃષ્ણ મુરારિ !
આત્મમય બલિહારી, બાપ બચાવજો રે... અમને.

## * મારી નાડ તમારે હાથે તમારે હરિ સંભાળજો રે. *

મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે.
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે... મારી૦

પથ્યા પથ્ય નથી સમજાતું, દુ:ખ સદૈવ સહે ઉભરાતું
મને હશે શુ થાતું, નાથ નિહાળજો રે મારી૦

અનાદિ આપ વૈદ છો સાચા, કોઇ ઉપાય વિષે નહિ કાચા.
દિવસ રહ્યા છે ટાંચા વેળા વાળજો રે મારી૦

વિશ્વેશ્વર શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો
મહા મુંઝારો મારો, નટવર ટાળજો રે... મારી૦

કેશવ હરિ મારુ શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે
લાજ તમારી જાશે ભૂધર ભાળજો રે... મારી૦

સદગુરૂ જ્ઞાન બુધ્ધિ આપો, સતચિત આનંદ ઉરમાં સ્થાપો
અગમનીગમનો માર્ગ, સુગમ બતાવજો રે... મારી૦

ભકિત થકી ભવ બંધન છુટે, ડગલે પગલે આયુષ્ય ખુટે
ત્રિવિધ તનમનાં તાપ સમાવજો રે... મારી૦

## * કહે ભરતજી સૂણો માતાજી ભુલ કરી બહુ ભારી *

કહે ભરતજી સુણો માતાજી, ભૂલ કરી બહુ ભારી
અવિચારીને વચન માંગ્યું ભુલ કરી બહુ ભારી... માતાજી

વચન કહેતા તારી જીભના કપાણી, અંગમાં ન લાગી કટારી
અંગમાં રે તુજને આગ ન લાગી, ભોરીંગ ડસ્યો તને ના કાળો
... માતાજી

વડીલ બંધુ વનમા પધાર્યા, ધર્મ સંકટ બહુ ભારી
દશરથ જેવા મારા પિતાના, પ્રાણ ગયા પરવારી... માતાજી

જન્મ થતાં પહેલા મરી ન ગઇ તું, માતા બની કેમ મારી
જન્મ થયા પછી ઝેર ન પીધા, ઘર સૂત્રમાં ગોઝારી... માતાજી

દયા વગરની તું છે નારી, દિસે નાગણ કાળી
કહે પરસોત્તમ વનમાં જવાની ભરત કરે તૈયારી.... માતાજી

## * મારા રામનું નામ રૂપૈયા *

મારા રામનું નામ રૂપૈયા. મારા શીવજીનું નામ સોનૈયા.
મારા હરિ હૈયાના હાર. મારા ગોવિંદ ગરથ ભંડાર
મારે ત્રીકમ નામનું તાળું, મારા રૂદિયામાં થયું અજવાળું
મારે કલ્યાણ રાયની કુંચી, મારા હૈયાની અકકલ ઉંચી

મારે મોહન મોતીનો નેડો, મારે શ્રી કૃષ્ણ સોનાનો દોરો
મારે વલ્લભ કુળ વેઢ વીંટી, મારે પુરુસોત્તમ સોનાની પેટી

એ પેટીમાં ભર્યા રામનામ, મારે અવસરે આવશે કામ
મને સંસાર લાગ્યો ખારો, મને વૈકુંઠ લાગ્યુ છે પ્યારૂ

ધર્મ રાજા તે લેખન લેશે, મને વૈકુંઠ મોકલાવી દેશે
પેટી મોકલાવી દ્વારિકા ઠેઠ, મારા રણછોડ રાયને ભેટ

રણછોડ રાય તે પ્રસન્ન થાશે, મને નિત્ય નિત્ય દર્શન દેશે
કરજોડી મીરાંબાઇ બોલ્યા, મારા અંતરના પડદા ખોલો.

## * ભોળા ભુદર તારી ભુલવણીમાં ભૂલ્યા *

ભોળા ભુદર રે તારી ભુલવણીમાં ભૂલ્યા.
જળની રે બુનમાં જલનો પાર્યો, જલના અંતર જાયો
એ માયાનો મર્મના જાણ્યો, પ્રભુ વારે વારે શું વાય.... ભોળા

સાચું સગપણ શ્રીકૃષ્ણજીને, જુઠા માને બાપ
પુત્ર જાયા સબ સુખ પાયા, માતા મંગળ ગાય.... ભોળા

પંચમળી પરણાવીયાને, રૂપ બન્યા છે રૂડા
ખોટામાંથી ખરું કરીને, કપટ ચલાવ્યા કુડા.... ભોળા

સાડે વાળી શું સુતા ભુદરજી, ઉઠો ભુદરજી મળીએ
વણ બોલાવ્યા જાવ છો તો, વણુ આગળ ગઇ મળીએ... ભોળા

બેનીને તો બંધવ વાલા, હસી હોકારા દઇએ
માતાને તો પુત્ર વાલા, ઉઠીને બેઠા થાય .... ભોળા

હાથ પગ તો હાલે નહિને, મસ્તકને શું મરડો
સુંદર કાયા પડી રહીને, મરી ગયુ તે કોણ.... ભોળા

માયા વળગી માતા રૂવે, જઈ સંભળાવો તાત
ત્રીકમજીના તેડા આવ્યા, તે કેમ પાછા જાય... ભોળા

સાધુ તેડાવો ઓચ્છવ કરાવો, ભુદર થયા દેવલોક
શીશ નમાવી રણછોડ બોલ્યા, મુકિત આપો રામ... ભોળા



# * પ્રભુજીએ ધાર્યું હોય તે થાય *

પ્રભુજી ધાર્યું હોય તે થાય એ
ડહાપણ કોઈનું કામ ન આવે, કરોને કોટી ઉપાય... પ્રભુજી

ભીમ અર્જન, સહદેવ નિકુળ, પાંચમાં ધર્મ કહેવાય
એ પાંચેનાં દેખતાં તે સતી તે કેમ લૂંટાઇ ...પ્રભુજી

રામ જેવા સત પુરુષ કહીએ, તે પણ વનમાં જાય,
સતી સીતાજીને કલંક લગાવ્યું તે રાવણ શીર રોળાય ...પ્રભુજી

રાજાને જયારે રઢ લાગી ત્યારે મૃગીયા રમવા જાય
એરે ઋષિને કોઇ દૂભવશે, તેને તરત સર્પ ડંશ થાય ...પ્રભુજી

પરીક્ષીત રાજાને જન્મેજય કહાવે, તે પણ રાજા કહેવાય
જગન કરતાં રંભાને વરતા, અઢાર બ્રહ્મ હત્યા થાય ...પ્રભુજી

શુભ મુરતને શુભ ચોઘડીયાં, શુભ ગ્રહે લેવાય
સારા સુકન જોઇ લગ્ન લખ્યાં તોયે રંગ ભરેલી રોળાય... પ્રભુજી

હાણ વૃધ્ધિ છે હરિને હાથે, મુરખ મલકાય
કરનારો તો કરી રહ્યો ને, અણસમજુ અથડાય... પ્રભુજી

# * સતી અનસુયાને આંગણે આવ્યા બ્રહ્મા વિષ્ણુ મહેશ *

સતી અનસુયાને આંગણે આવ્યા, બ્રહ્મા વિષ્ણુને મહેશ
પંચમળીને પરીક્ષા કરવા લીધો ભગવાનનો વેશ
સતીનું સત્ય છોડાવવાને કાજે અંતે ધર્યો અવતાર ...સતી

ત્રણે દેવો હળીમળીને, આવ્યા સતીના ઘરે
સતી રે અમને ભિક્ષારે આપો, આપો ઉઘાડે અંગ ....સતી

સતીએ પોતાનું ધ્યાન ધરીને, મનમાં કર્યો વિચાર
અંજલી ભરીને પાણી રે છાંટયું, રે ત્રણે દેવો બન્યા બાળ...સતી

ત્રણે દેવોને પારણે પોઢાવ્યાને, હેતે કરાવે પાન
હેતે કરીને હાલરડા ગાવે, સતી ઝુલાવે ઘનશ્યામ ....સતી

ત્રણે રે દેવીઓ હળીમળીને, આવ્યા સતીના ઘેર
સતીરે અમને પતિ રે આપો, આપો હમારા કંથ
ત્રણે દેવોને પોઢાવ્યા, ઓળખો તમારા કંથ
એમા રે અમને ગમ નથી પડતી, ઓળખાવો ભગવંત ...સતી

સતી કહે તમે જાગો જોગેશ્વર, જાવો તમારે ઘેર
બે કરજોડી શિશ નમાવું, ગાયે છે પ્રેમળદાસ
સતી અનસુયાને આંગણે, આવ્યા બ્રહ્મા, વિષ્ણુને, મહેશ.

# * સતી સીતાજી રથમાં બેઠા *

સતી સીતાજી રથમાં બેઠા લક્ષ્મણ હાંકન હારો રે
રૂષિ મુનીના આશ્રમ દીઠા, આવ્યો છે ગંગા કીનારો રે....
લક્ષ્મણ વાંક નથી કંઇ મારો રે
લક્ષ્મણ કહે સુણો માતાજી, ખેલ કરમનો ન્યારો રે
કોઇ કારણે રામજી રૂઠયા, ત્યાગ કર્યો તમારો રે ....લક્ષ્મણ

દુઃખી રુદયે સીતાજી બોલ્યા, શું અપરાધ હમારો રે
તન મન ધનથી પતીએ સેવ્યા સતિનો ધર્મ બજાવ્યો રે...લક્ષ્મણ

નગર વિષે નર નારી લઢતા, ધોબી બોલ્યો ધુતારો
રામે સીતાને ઘરમાં રાખ્યા, તેવો નથી હું થનારો ...લક્ષ્મણ

મુજ ગર્ભવંતી ને કોઈ બચાવે એકલડી હું નારી
અવિચારીએ વચને બાંધ્યા, બળતી ને શીદ બાળો ...લક્ષ્મણ

વન વગડામાં જીવન વિતાવતા, દુઃખનો ન આવ્યો આરો
ભાવીની જો ખબર હોય તો, પ્રાણ તજત હું મારો....લક્ષ્મણ

મારે કારણે રાવણ માર્યો, સમુદ્ર બાંધી પાર
કહે પુરુષોત્તમ સુણો માતાજી, રામધણી સંભારો
લક્ષ્મણ વાંક નથી કંઇ મારો...

## * મિત્રમાં પંકાઇ ગયા છે કૃષ્ણ સુદામાના નામ *

મિત્રમાં પંકાઇ ગયા છે કૃષ્ણ સુદામાના નામ
એક ગરીબને એક તવંગર, સદા હૃદયમાં ભાવ.... મિત્રમાં

ગુરૂને આશ્રમે સાથે રહેતા, ભણતા એક નિશાળ
એક જઈ દ્વારીકા બેઠા, બીજાને નહિ આરામ... મિત્રમાં

સુદામા સંકટમાં રહેતા ભુખ તરસ વેઠી રહેતા
એક દિવસ સ્ત્રીએ મહેણું માર્યું, યાદ કર્યા ભગવાન...મિત્રમાં

મિત્ર તમારો મોજ કરે છે, ખાવા આપશે અન્ન
જાવો દ્વારિકા મળવા માટે, એ દેશે સન્માન... મિત્રમાં

મિત્રને મળવા શું લઇ જાવું, ખાલી હાથે જાવું
તાંદુલની એક પોટલી બાંધી, છોડી ચાલીયા ગામ... મિત્રમાં

રસ્તે જાતા શંકા થાતી, આવ્યા કૃષ્ણને ધામ
કૃષ્ણ પ્રભુનો ઠાઠ જોઇને, રહ્યું નહી કંઇ ભાન ...મિત્રમાં

મિત્રનું આવવું જાણ્યું જયારે, કૃષ્ણ પ્રભુ દોડી આવ્યા
હર્ષ કરીને બન્ને ભેટયા, ભુલ્યા દેહનું ભાન... મિત્રમાં

ચરણ ધોય ચરણામૃત, લીધા આંગણા પાવન કીધા
હળીમળીને તાંદુલ ખાધા, મિત્રના રાખ્યા માન... મિત્રમાં

હળીમળીને પાછા વળાવ્યા, મહેલ કનકના કીધા
સુદામાંનું દરિદ્ર કાપ્યું, એવા શ્રી ભગવાન... મિત્રમાં

ધન્ય કૃષ્ણ ધન્ય સુદમા, જગમા અમર કીધા નામ
દુઃખીજનોના દુઃખડા ટાળ્યા, એવા શ્રી ભગવાન.... મિત્રમાં

## * પાય પડીને શબરી બોલી *

પાયે પડીને શબરી બોલી, દાસી હું પ્રભુ તમારી
પાવન કરો ને ઝુંપડી મારી, પ્રેમે રામ પધારી
પ્રભુજી સુણો વિનંતી મારી

ઉત્તમ કુળમાં હું નથી જન્મી, ભીલ જાતી છે મારી
સગા સબંધી કોઇ નથી મારું, એકલડી હું નારી
પ્રભુજી સુણો વિનંતી મારી

યમ નિયમ હું કંઇ ન જાણુ મૂઢ જાતિ છે મારી
પાઠ પૂજા હું કંઇ નવ કરતી રામનામ રટનારી...... પ્રભુજી

હેત કરી શ્રી રામચંદ્રજી બોલ્યા વચન સદા સુખકારી
નાતજાતનો ભેદ ન મુજને પ્રેમ તણો પુજારી ... પ્રભુજી

પંડીતાઇ પર પ્રેમના મુજને ભોળાપણાં પર જાઉં વારી
તપ તીરથ કરતાં તો મુજને ભકિત છે બહુ પ્યારી... પ્રભુજી

ધન ધન રે તું શબરી બાઇને ધન ધન ટેક તમારી
નાથ મારા રૂદયમાં રહેજો સંશય દેજો ટાળી ... પ્રભુજી

## * વિધિના લેખ નહિ સમજાય. * ( કીર્તન )

વિધિના લેખ નહિ સમજાઇ, નસીબમાં થવાનું હોય તે થાય
હરીશચંદ્ર રાજા તારામતી, રાણી દુઃખીથી કેમ પીડાઇ
રોહિત તેનો બાળ કુંવરને, વિના કફને દટાઇ... વિધિના

શગાળશા શેઠને ચંગાવતી રાણી ભુખથી કેમ પીડાઇ
કુંવર તેનો ચેલૈયોને, ખાંડણીએ ખંડાઈ ... વિધિના

પાંચ પાંચ પાંડવને કુન્તા માતા, બાર વર્ષ વન જાઇ
ભરી સભામાં દ્રોપદીની લાજ તે કેમ લુંટાઇ ... વિધિના

કૈકયી માતાના વચન પાળવા, રામજી વનમાં જાઇ
વિધાતા એ લેખ લખ્યા જે, કોઇથી મિથ્યા ના થાય... વિધિના

દશરથ રાજા રામને જોવા. હૈયું ઘણું હરખાવે
રામજી વનમાં ચાલી નીકળ્યા દશરથ છોડે પ્રાણ... વિધિના

માયા મૃગ સીતાએ જોયો, લેવા મન લલચાય
રામજી મૃગની પાછળ દોડયા સીતા હરણ કેમ થાય ...વિધિના

નાનું સરખું રાજય રાવણનું, અનિતી બહું થાય
દશે મસ્તક છેદાય ગયાને, વિભિષણને આપ્યું રાજય... વિધિના

રામ નામનો મહિમા મોટો, પાપી પાવન થાય
રામ નામથી પથ્થર તર્યો, એવો રામ મહિમાય... વિધિના

એવા એવાને જયારે ભીડ પડી ત્યારે માનવનું શું થાય
ગુરૂ પ્રતાપે રામને ભજો તો, ભવસાગર તરાઇ ......... વિધિના

## સોગટણા માંડયા શોળ રે લીલા પીળા ને રાતા ચોળ રે

સોગટણા માંડયા શોર રે, લીલા પીળાને રાતા ચોળ રે
એના અવળા પડયા પાસા રે, જુઓ કર્મતણા તમાસા રે
એણે સમરણ કાંઇ ન કીધુ રે, એણે હાથે કરી વિષ પીધુ રે
લેવા જમરા તે આવ્યા ચાર રે, એને મારે મોગરીઓના માર રે
મારી મારીને જીવડો કાઢયો રે, એણે કોણ કોણ કોટડીમાં ઘાલ્યો રે
ધરમ રાજાએ હુકમ કીધો રે, એને બાંધી ઘસલતો લીધો રે
એક લોઢા તે સ્થંભ ધીકાવો રે, તેની સાથે બાથ ભીડાવો રે
પાણી પીવાને જીવ ઘણું તલસે રે, ઉપરથી અંગારા વરસે રે
થંભે બાંધ્યો બાંધ્યો રૂવે રે એના લોક તમાસા જુએ રે.
પ્રાણી જેમ જેમ મોટેરો થાય રે, પ્રાણી તેમ તેમ બંધાયો જાય રે
હરિ બંધન છોડાવો હવે રે, હું તો તમોને ભાવે રે
ભાઇએ કર્મ કીધા સાના રે, સોગા રામના નામ ન લીધા રે
મારી મારીને રોટલો કીધો રે, એણે પાપનો પોટલો લીધો રે
ધરમરાજાએ જોયા પાના રે, એણે કર્મ કીધા શાન રે
ધરમરાજાએ જોયા પાના રે, એણે વરણાગીમાં ખોયુ રે
તું તો લક્ષચોર્યાશી રવડશે રે, તું તો બળદ થઇ અવતરશે રે
ભાર ભર્યો નહિ ઘસલાશે રે, ઘર બેઠા ગોદા ખાશે રે
એમ ભણે રે નરસૈંયો હરિની ભકિત વિના બધું કાચુ રે

## * કૌરવ કુળની રાજ્યસભામાં લાજ સતીની લુંટાઇ *

કૌરવકુળની રાજય સભામાં લાજ સતીની લૂંટાઈ
દુશાઃશન લાજ લૂંટી છે ભરી રહ્યો છે ભરી સભામાં આજ
વ્હારે આવે શ્રી જદુરાઇ

વગર વિલંબે વેલા આવીને, મારી લાજ બચાવો
બળીયા પાંચેવ પાસે હતા પણ બની હું નિરાધાર... વ્હારે
જુઠાણું જગમાં ચાલે છે સમય નથી સાચાનો
ઉલટ સુલટના ધંધાથી કંઇ, થઇ ગઈ હેરાન... વ્હારે
સગા સંબધી ભેગા મળ્યા, પાસા જુગારના પડયા
હાર્યા રાજ મુકી હોડમાં, હાર્યા પાંચવેની નાર.... વ્હારે
ધર્મરાજા લાચારી બતાવે, રહી નહિ શુધ્ધને શાન
હારીને બેઠા ઠેકાણે, ભીમ બહુ અકળાય... વ્હારે
કૌરવના હૈયા છે કાળા, દુસાશનના કર્મ નઠારા
ભરી સભામાં લૂંટી રહ્યા, વસ્ત્રો મારા આજ.... વ્હારે
અર્જુનધારી ગયા છે હારી, મુકયા ધનુષ્યબાણ વિસારી
નખરાવાળા નિકુળજી તે, થઇ બેઠા નિરાશ... વ્હારે
સહદેવ છે પણ ભલેને જોષી, એની છે કર્મ કસોટી
મોટી મોટી પદવીધારી, થઇ બેઠા ખુવાર....... વ્હારે
સંકટ વિકટ પડે છે જયારે, ભકતો યાદ કરે છે ત્યારે
અરજી મારી ઉરમાં લઇને, આવો દીન દયાળ... વ્હારે

## * મનવા હેતે હરી રસ પીજીએ *

મનવા હેતે હરી રસ પીજીએ, ઉરમાં આનંદ આણીએ
મરનારાને તમે શું રૂવો છો, નથી રોનારા રહેવાના
જનમ્યા એટલા જીવે નહિ. ને જાશે જનમ આપનાર ... મનવા

કોના છોરૂને કોના વાછેરૂ, કોના મા ને બાપ
અંતકાળે જવું એકલુંને, સાથે પૂણ્ય ને પાપ... મનવા

માલણ વિણે રૂડા ફુલડાંને, કળીયો કરે કલોલ
આજના દહાડા ઉમંગનોને, કાલે થશે ધુમરોળ... મનવા

કાચો ઘડો કુંભારનો ને, ઢળક ઢળક ઢળી જાય
નાખ્યો નદીના પૂરમાંને, નીર ભેગું નીર થાય... મનવા

આ દેહ દુલ્લભ છે દેવને, પડતા નહિ લાગે વાર
આંકડાના દુધ પેઠે ઉડવું, સ્વપ્ના જેવો સંસાર ... મનવા

ધીરો ખેલે રંગ મહેલમાં ને, ખેલે દિવસેને રાત
મારૂં માનેલુ મીથ્યા કરીને, લીધા સાધુડાનો સંગ... મનવા

## * મુરખો રળી રળી કમાણો *

મુરખો રળી રળી કમાણો, માથે મેલશે મોટો પાણો
મુરખ જન્મ ગયો છે તારો, બાંધ્યો પાપનો ભારો... મુરખો

હરિ નામ સાંભળતા નિંદ્રા આવે, હરી રસ લાગે ખારો
અમૃતનો રસ અળગો કરીને, કરે વિષય રસ પ્યારો... મુરખો

ધાઇ ધુતીને ધન ભેગું કર્યું, કોટી ધ્વજ કહેવાણો
પુણ્ય ને નામે પાઇ ન વાપરી, અધવચમાં લુંટાણો... મુરખો

ભર્યા કોઠાર તારા પડયા રહેશે, નહિ આવે સાથે દાણો
મસાળની રાખમાં રોળાઈગયા કંઇ, કોઇ રંક ને કોણ રાણો...મુર

હમણા તારો હુકમ ચાલે છે, દેશે સહુ ને ગાળો,
ધર્મના દૂતો ધકકા દેશે, ત્યારે કોઇ નથી આરો... મુરખો

મંદિર માળીયા મેલી કરીને, નીચે જઇ હેરાણો
ભોજો ભગત કહે મુવા પછી, જીવ ઘણો ઘણો પસ્તાણો
મુરખો રળી રળી કમાણો, માથે મેલશે મોટો પાણો

## * જીભલડી રે તને હરી ગુણ ગાતા

જીભલડી રે તને હરી ગુણ ગાતા, આવી આળશ કયાંથી રે
લવરી રે કરવા નવરાઇ મળે, બોલી ઉઠે મુખમાંથી રે... જીભ

પરનિંદા કરવાને પૂરી, શૂરી ખટ રસ ખાવા રે
ઝઘડો કરવા ઝુકે વહેલી, કાયર હરી ગુણ ગાવા રે... જીભ

અંતકાળે કોઇ કામ ન આવે, વ્હાલા વેરીની ટોળી રે
સ્વજન ધારીને સર્વસ્વ લેશે, રહેશે આંખો ચોળી રે....જીભલડી

તલ મંગાવો તુલશી મંગાવો, રામનામ સંભળાવો રે
પ્રથમ તો મસ્તક નહિ નમશે, પછી શું નામ સુણાવો... જીભ

ઘર લાગ્યા પછી કુપ ખોદાવો, આગ કેમ હોલવાશે. રે
ચોરો તો દાન હરી ગયાપછી, દીપકથી શું થાશે રે... જીભ

માયાના ઘેનમાં ઉંઘી રહી છે, જાગીને જોની તપાસી રે
અંત સમે રોવાને બેઠી, ઘડી કાળની ફાંસી રે...... જીભ

હરી ગુણ ગાતા દામના બેસે, એક વાળના ખરશે રે
સ્હેજે પાપનો પારના, આવે ભજન થકી ભવ તરસે રે...જીભ

## * ભજનીશદીનશ્યામ મોરારી *

ભજનીશદીનશ્યામ મોરારી, તારી આશા રહે અધુરી
કર આગળથી તૈયારી...... તારી આશા

આવી જીંદગી ચાલી જાશે, અંતે ગભરામણ થાશે.
પસ્તાવું પડશે ભારી ભારી ભારી...તારી આશા

લઈને જાશે યમ નગરીમાં, પાછું જોયુંના પાપ કરવામાં
પછી છુટવાની નહિ બારી...... તારી આશા

ચેતી જા ઓ અજ્ઞાની, તારી કાયા રાખ થવાની
જીવ જાતા મુંકશે વિશારી શારી શારી...... તારી આશા

લઇલે જીવનો લ્હાવો, ફરી નહિ મળે અવસર આવો
મેળવજે મોરલી ધારી ધારી ધારી... તારી આશા
બાળકનું લેજો માની તો થાશે અમર કહાની,
તમે હિંમત રાખો ભારી ભારી ભારી... તારી આશા

## ❊ મેણા ન કોઇને મારો રે હો મનવા ❊

મેણા ન કોઇને મારો રે હો મનવા, મેણા ના કોઇને મારોરે
વદતા વાણી વિચારો રે હો મનવા મેણા ના કોઇને મારો રે
સતી પાર્વતી પાણી ભરે જયાં, સાગરે શબ્દ ઉચાર્યો રે,
ત્રણલોક ત્રીભુવનની નારીને, મળ્યો નહિ જળ ભરનારો રે
ગાગરને લઇને ગવરી ચાલ્યા, અંગમાં લાગ્યો અંગારો રે
મહાસાગરે મને મેણું રે માર્યું એનો ગુમાન ઉતારો રે
વાણી સુણીને શંકર બોલ્યા, ધીરજ ધરો મન રે
સાગર કિનારે આસનવાળી, જાપ જપે જટાવાળો રે
ત્રણ દિવસ શીવે તપ માંડયું ત્યાં, બળવા લાગ્યો કિનારો રે
કરજોડીને સાગર વિનવે ક્ષમા કરોને દોષ મારો રે
બ્રહ્માવિષ્ણુ કહે સાગરને હાથે કરીને શુ હાર્યો
ચૌદ રત્ન એના લુટી રે લીધા, સાગર કીધો ખારો રે
ગુરૂપ્રતાપે ભણે પુરુસોત્તમ, બોલતા બોલ વિચારો હો
સીંધુપુરીને શરણે રાખો. ભવસાગરથી તારો
હો મનવા મેણાના કોઇને મારો રે

o=o

## + જુના ધર્મલ્યો જાણીરે સંતો જુના ધર્મલ્યો *

જુનો ધર્મલ્યો જાણી મારા સંતો જુના ધર્મ લ્યો જાણી
નદી કિનારે કોઇ નર ઉભો તૃષ્ણા નહિ સમાણી
કાંતો એનું અંગ આળસુ, કાંતો સરીતા સુકાણી... સંતો
કલ્પ તરૂ તળે કોઇ જન બેઠા, શ્રધા નહિ પીડાણી
નહિ વિકલ્પ નહિ બાવળીયો, ભાગ્યની રેખા પોછાણી સંતો
સદ્‌ગુરૂ સેવ્યે શિષ્યના સુધર્યો, વિમળ બની નહિ વાણી રે
કાતો ગુરૂજી જ્ઞાન વિનાના, કાંતો પાપી એ પ્રાણી... સંતો
ચિંતામણી લાધ્યો નરને તોયે, ચિંતા નહિ હોલાણી
નહિ ચિંતામણી નક્કી એ પથરો, વસ્તુ નહિ ઓળખાણી...સંતો
મળ્યું તોયે મોજ ન માણી, કઠણ કરમની કહાણી
કાંતો ભાગ્ય બીજાનું ફળિયું, કાંતો ખોટી કમાણી... સંતો
અમૃત મળ્યુ પણ અમર થયો નહિં, પીવાની જુગતી ન જાણી
કાંતો ઘટમાં ગયું નહિં ને કાંતો પીધું પાણી રે... સંતો
ધર્મને કર્મની ગતી છે ન્યારી, એ બધું ધૂળધાણી
કહે ગણપત પ્રભુ સાધુ સંતે, પૂરી પ્રીત પ્રમાણી રે...

=*=

## * સતસંગનો રસ ચાખ રે પ્રાણી તુ *

સતસંગનો રસ ચાખ રે પ્રાણી તુ સતસંગનો રસ ચાખ
પ્રથમ લાગશે તીખોને કડવો, પછી આંબા કેરી શાખ
હાથી રે ઘોડાને માલખજાના, તે નહિ આવે તારી સાથ
આરે કાયાનો ગર્વના કરીએ, અંતે થવાની છે રાખ
સતસંગથી બે ઘડીમાં મુક્તિ, વેદ પૂરાણ પૂરે શાખ
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ હરિચરણ ચિત્તરાખ સતસંગ

## ÷ તમારો ભરોસો મને ભારી સીતાના સ્વામી ÷

તમારો ભરોસો મને ભારી સીતાના સ્વામી... તમારો
રંક ઉપર વાલો ચમર ઢોળાવે, ભુપને કીધા ભીખારી
નખ વધારી વાલે હીરણાકંશ માર્યો, પ્રહલાદ લીધો ઉગારી
પાંડવની વાલે સ્હાય જ કીધી, લાખા ભુવને મેલી બારી
બાઈમીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, રંક ઉપર જાઉં વારી

o=o

## ✻ કેવુ તે વાણુ વાશે રે ઘેલા પ્રાણી ✻

કેવુ તે વાણુ વાશે રે ઘેલા પ્રાણી કેવું તે વાણું વાશે
લાડી લાવુંને પુત્ર પરણાવું, કાલની વાતના જાણું... કેવુ
બલીરાજા કહે મારે લેવું ઇન્દ્રાશન. યજ્ઞ કીધા નવ્વાણું
જગદીશ જગત્રાતા નહિ ઓળખ્યા, ક્ષેણુ નહિ રહેવાનું.... કેવું
કાયા જુઠી માયા જુઠી, જુઠુ ઘરનુ નાણું
સુરદાસ કહે પ્રભુ ભજીલે, ઓચિંતુ આવશે આણું .. કેવું

oxxo

## ✻ પ્રેમે પ્યાલો પીધો રાણાજી મેં તો ✻

પ્રેમે પ્યાલો પીધો રાણાજી મેં તો પ્રેમે પ્યાલો પીધો
આરે જગતને જોઈને વારો, અમ્મર પછેડો કોણે લીધો
આરે શરીરના સર્વેરે સુખડા, તે અમે ત્યાગી રે દીધા
આરે મનડાને બહુ સમજાવ્યો, જોગ જંગલમાં લીધો
બાઈમીરા કહે પ્રભુ ગિરધરના ગુણ સ્વર્ગ પુરીમાં વાસો લીધો

=o=

## માનસરોવર જઇરે કુદી કાયા

માન સરોવર જઇ રે કુડી કાયા માનસરોવર જઇએ
હંસની સંગે વીરા સંગજ કરીએ, ભેગા બેસી મોતી ચરીએ
સાધુની સંગે વીરા સાધુ કહેવાયા, નીત્ય નીત્ય ગંગામાં નાહીએ
માંહેલા મનડાને કેમ તું ભૂલ્યો, દર્શન ગુરુજીના કરીએ
બાઇમીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, ભવસાગર તરીએ

## કાયા કારણે ભેખ લીધો રાણાજી મેતો

કાયા કારણે ભેખ લીધો રાણાજી મેતો,
કાયા કારણે ભેખ લીધો.
રમતોને ભમતો જોગી આવ્યો આંગણીયે,
દાસી જાણીને દર્શન દીધા.
ગિરધર વિના મને ઘડીના ચાલે,
હરિરસ ઘોળી ઘોળી પીધો.
એરે કામણ મારા કાનુડાએ કીધા,
જગથી છૂટકારો લીધો.
બાઇમીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
સ્વર્ગપુરીમાં વાસો લીધો

## ❀ તુલશીંના પત્રે નાથ તોળાયા ❀

તુલશીના પત્રે નાથ તોળાયા, તુલશીના પત્રે તોળાયા
એવા ગુણ ગોવિંદના ગવાયા. નાથ તમે તુલશીના... તુલશી
બોઢાણે બહુ નામ સમર્યો, બોલડીયે બંધાયા
મંડેર કરી મહારાજ પધાર્યા, ડાકોરમાં દર્શાયા...... તુલશી
ઘુગરીયો સહુ શોધવા લાગ્યા, અધવચ્ચે અટકાવ્યા
વ્હાલમાં વ્હાલાએ વેર કરાવ્યા, સાન કરી સંતાયા ...તુલશી
સોનુ બરાબર મુલ કરાવ્યું, વાલ સવાયે તોલાયા
બ્રાહ્મણને ભુલવણી આપી, સેવકને વશ થયા....... તુલશી
ગુજરાત મધ્યે રચી દ્વારીકા, વેદ પુરાણે લખાયા
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચારે યુગમે ગવાયા ... તુલશી

## ❀ જોબનીયાની જોરે ❀

જોબનીયાને જોરે તેતો ગોવિંદજી કેમ ન ગાયા
આજ કાલ કરતા ઘટ ઝાંઝરીયાને કાળ ઓચિંતો આવ્યો
સાચે દિલે સાધન ના કીધા સમર્યા ન સુંદિર સ્યામ
મંદિરીયા પાવક પર ઝાળીયા કૂપ ખોદાવાને લાગ્યો
સંસાર રમણી રમી રમી આવ્યો જીવ તું હજીઓના ચેત્યો
ઘટમેરે ઘાવ પડયોરે ગળ ગજીયો મુરખ મનને પસતાયો
સામા સરોવર ઝીલવા પેઠા વિખયા પાર ના આવે
બુડતોરે જીવડો વખલારે મારે તરવા તુમડા વાવે
સામા સરોવર પારના બાંધી હરી ભજી ભલોના કહાવે
ભણે રે નોરસૌઇઓ જયારે ભોમધરીને હરીને ભજીને ભવસાગર
તરે રે

=०=

## * નુગરાજનો સંગના કરીએ *

નુગરાજનનો સંગના કરીએ, સુગરાનો સંગભારી
નુગરા સંગે નરકે જઈએ, અથવા નરને નારી રે
નુગરા સંગે વાત કરતા, લક્ષ ચોર્યાશી પડશે
ભુતલ મનશા દેહ ધરીને, ફોગટ ફેરા ખાશો રે
નુગરાનું જલપાન કરતા. કોટી કર્મ શીર ચઢશે રે
માત તાત પાડોશી મેળીને, અધોગતિ દુઃખ દેશે રે
નુગરાજનનો દોષ ઘણો છે, કહેતા તે પાર ન આવે રે
ભણે નરસૈયો સુણો નારાયણ, નુગરાના બંધન છોડાવો રે

=०=

## * બળતો ઝળતો પ્રભુજી આવ્યો તારે દ્વાર *

બળતો ઝળતો પ્રભુજી આવ્યો તારે દ્વાર સુણજે મારા પોકાર
આવ્યો રે તારે દ્વારે રે પ્રભુજી સુણજે મારા પોકાર
દુઃખરે જોયુને સુખરે જોયુ, જોયો જગતનો સાર.
દંભ ભરેલી આ દુનિયામાં, તારો છે આધાર
દુખીયારે જોયાને સુખીયા રે જોયા, જોયા છે નીરાધાર
સઘળું જોતા લાગ્યુ છે રે, તારી લીલા અપરમંપાર
સજ્જન જોયાને દુરીજન જોયા, જોયા પાપી હદપાર
ઈર્ષાને અદેખાઈને આગે, સળગી હિંસાચાર
બચાવ માટે બુમો પાડે, અલબેલા ઉગાર
એકજ રણછોડ મારા, અંતરનો ઉદ્દગાર
આ જીવનમાં દયા કરીને, દર્શન દો એકવાર

÷०÷

# પ્રાણી કંઇ થયો આંધળો તને હરિ મારગ સેનો સુજે

( રાગ સતસંગનો રસ ચાખ તું પ્રાણી )
( રાગ : સતી સીતાજી રથમાં બેઠા )

પ્રાણી કંઇ થયો આંધળો, તને હરિ મારગ સેનો સુજે
સંભાળી પગ ધરજે રે પ્રાણી, તું સંસાર કુપમાં પડશે.
માયામોહમાં બંધાયો રે પ્રાણી, તું લખચોર્યાશી રવળશે
કાળ ભોરીંગ ભમ્યા કરે, એતો કોઇ દિન આવીને નડશે
ચેત રે વાલે ચેતાવ્યો, તને તજી ચિતામાં ગોઠવશે
કર્મકુડા કરી કયાં રે ચાલ્યો, પ્રાણી રડી રડીને ભોગવશે.
કંચન કામીની કોયલા, ચાલ્યો હીરા રત્ન જન્મ શુ હાર્યો
કાલા ઘેલા છોકરા, રમાડી હરિને વિસાર્યા
પરીવાર પૈસો પાપશું, સુધહરી ભજવાને કોઇ
વેવારમાં જો ઓછું હોય તો, કુટુંબ હમાંરૂ વગોવ્યું
લોક લાજે કુલકી મર્યાદા એહ ગળામાં ફાંસી
જમદૂત લઇ ચાલશે, ત્યારે નથી રે જવાતું નાસી
સદગુરુ સેવ્યા પ્રેમશું, હરી હાથ ઘસીને દેખાયા
ધીક ધીક પ્રાણી તુજને શું કહું, તને સંત સંગત સેની ભાવ્યા
સંતવૈદ મલ્યા વિના, તારો કર્મનો રોગ કોણ કાઢે
ફળ તૂંટયું રે શાખા ડીચથી, તે તો કેમ ના લાગે ફરી
ફરી ફરી અવસર કયાંથી મલશે. તમે જોજો મન વિચારી
સંત વચન હદયમાં આલી, તુ હરી ભજવાને આવ્યો.
ઉત્તમ જ્ઞાન તારૂં કયારે તને કારમો સંસાર ભાવ્યો.
સાચી શિખામણ સાંભળપ્રાણી તું ભજને શ્રી મહારાજ.
રામકૃષ્ણ જન કહે ભજો, ભાવે સરસે તમારા કાજ કરણ

oxxo

## * પ્રાણી કંઇ રે ફરે ઉદાસ *

પ્રાણી કંઇ રે ફરે ઉદાસ, ગોવિંદ ભજની રે
જેણે ભરમાવ્યો માયા, સંસાર તજની રે
પ્રાણી માયા છે મોહની જાળ, જંતુ બંધાયો રે
પ્રાણી ખોટા તે સુતને નાર, ખોટી કાયા રે
પ્રાણી વેચાતો લોભીને હાથ, મિથ્યા વગોવ્યો રે
તારા જનમનું લેખું લાવ, લાંબો કાં સુતો રે
તારૂં કુટુંબ દેખીને પોતાનું, અંગે શુ ફુલ્યો રે
જેમ નિસાચરને કાગ, ઉંઘે સુખે ઝુલ્યો રે
પ્રાણી સાંકુષ્ટ સેવે શું થાય, મથિયા તાણી રે
પ્રાણી હુ કરીને વિસાર્યા, સારંગ પ્રાણી રે
પ્રાણી નદી રે તણા જેમ નીર, રાખ્યા નથી રહેતો રે
પ્રાણી તેમ તારા આયુષ્ય જાઇ છે વહેતા રે
પ્રાણી સંત સેવે સુખ થાય દુઃખને કાપ રે
પ્રાણી સંત સેવ્યા અખંડ, જેણે હાથે રે
તેને કાળ તણો નહિ ત્રાસ, ગોવિંદ માથે રે
પ્રાણી ચેતવું તો ચેત, કહું ફરી ફરી રે
તમે હરીનું ભજન કરો પ્રેમે, ચીઠ્ઠી નાંખો ફાડી રે
પ્રાણી ઝાઝુ કહીએ શું થાય, થોડામાં રાચું.
રામ કૃષ્ણના સ્વામીનંદલાલ, નીરખી ને હું રાચું રે

★

## * કાગળ કે લેઇ જાય મથુરામાં * •

કાગળ કોણ લઇ જાય મથુરામાં, વસે મારો વાલો
એરે કાગળમાં શું રે લખ્યું છે થોડેથી હેત જણાતો
મિત્ર તમારો મલવાને ઇચ્છે જશોમતી અન્ન ન ખાય
સેજલડી મને સુની સુની લાગે, રોતાં રજની વહી જાય
મથુરાથી વેલાં આવો મોહનજી જસોદા ઝુરી ઝુરી મરશે
ગોપીઓ તમારી વિયોગે મરશે, એકવાર મળવા આવો
પિતા તમારા ચિંતામાં રહેશે, એકવાર દર્શન આપો
બાળકો તમારા દર્શન વિના, સુના સુના ફરતાં
બાઈમીરા કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણકમળમાં રહેજો

## * કદમ નીચે મોહન ભાંગ પીલાઇ *

કદમ નીચે મોહન ભાંગ પીલાઇ,
કોણે રે વાટી ને કોણે રે ઘુંટી, કોણે રે સરસ બનાઇ
ભગવાને વાટીને ગોવિંદે ઘુંટી, લક્ષ્મણે સરસ બનાઇ
સહુ સખીઓએ થોડી થોડી પીધી, રાધા કુ બહુત પીલાઇ
તનકા રે તાળા ને મનકી રે કુંચી, જીવડાકો પેટી બનાઇ
બાઇમીંરા કહે પ્રભુ ગીરધરનાગર, ચરણ કમળચીત લાઇ

## ❊ તમે તો વનવન ચારો ગાય ❊

તમે તો વન વન ચારો ગાય, હમોને અહીં કેમ ગમશે રે
અમો તો આવશું પાણીલાને માંસ અમને દર્શન દેજો રે
બીજે પોરે જોજો વાટ ઘાટે ઉભા રહી ને રે
એવા વચન કહ્યા વૃજના રે હરી તો હસીને ધાયા રે
અઢવણુ પગે કોમળ વન માંહી, નંદને શું કહેવાશે રે
આવો હું રાખુ સુખ માંહી રહીશું બાળક થઈને રે
કાન તો પડયા જડયા તમે હેઠ, સોપ્યા ગૌવને કહાનને રે
વલ્લભ ગોપીજનની પ્રીત ગાઈ ગાઈ કારજ સાર્યા રે

## મોરલી કોણે ઘડાવી નંદલાલ

મોરલી કોણે ઘડાવી નંદલાલ, રંગે રાતી રૂડી રે
મોરલી સોહે તમારે હાથ, મીઠી મધુરી વાગે રે
એનો ઘડનારો છે કોણે, ઘડી એક કોણે ઘડી છે રે
એનો ઘડનારો ધનવાન, હરીએ હાથે ઘડી છે રે
જેવા પર ઘેર પામ્યા સુખ, તેવા અમઘેર કયાંથી રે
જેવા ઘરના માણસ હોય, લીધા મુલ કરીને રે
વલ્લભ ગોપી જનની પ્રીત, ગાય ગાય કારજ સાર્યા રે

=o=

## ❊ જીવન દીધું શામળીયા એ જીવવા રે ✱

જીવન દીધું શામળીયા એ જીવવા રે
તેના જાણી લેજો તમ મુલ રે...... જીવન દીધું
માનવતા રહૃદયમાં ધારજે રે
જોજે સમજીને કરતો ના ભુલ રે......જીવન દીધુ
મીઠા ફળો રે ભકિતના ચાખતા રે
તું તો ફાકતો કહીએ ના ધૂળ રે...... જીવન દીધું
કાળના દૂતોની સવારીઓ આવશે રે
ત્યારે જીવ તો થાશે વ્યાકુળ રે...... જીવન દીધુ
મનહર બાંધીના લેતો શ્યામને રે
થાજે ગુણલા ગાવામાં મશગુલ રે.......જીવન દીધું

## ✠ જીંદગી જીવી સદા તમે જાણજો રે ✠

જીંદગી જીવી સદા તમે જાણજો રે
થાજો દીન ગરીબના દાસ રે...... જીંદગી
કોઈ દીન પડતાને પાટુંના મારશો રે
કોઈના દીલની ના તોડશો આશ રે....જીંદગી
જીવન હેતુનો સેતુ કરી બાંધજો રે
ચાલવા દેજો બીજાની સુવાસ...... જીંદગી
આશરે આવેલા ને નિભાવજે રે
એને દેશોના વાણીથી ત્રાસ રે......જીંદગી
મનહર કામો કરજો ઉજળા રે
હૃદયે ધારીને એક અવિનાશ રે... જીંદગી

○✕○

## ❀ આગળ આગળ રામજી ચાલે ❀

આગળ આગળ રામજી ચાલે, વચમાં સીતા માતા
પાછળ પાછળ પગ સંભાળી , ચાલે લક્ષ્મણભાઇ
વનમા ચાલ્યા શ્રી રઘુરાઇ
પશુ પંખીઓ ટોળે મળીને, જોઇ રહ્યા હરખાઇ
વૃક્ષ વેલીઓ નમી નમીને, ફળ આપે સુખદાઇ... વનમાં
કાંટા કાંકરા ખાડા ટેકરા, ધરતીમાં જાઇ સમાય
મેઘ મંડળ વરસી વરસીને, વરસે જળ અપાર... વનમાં
પુષ્પ વૃષ્ટી દેવો કરે છે, જોઇ રહ્યા હરખાઈ
શ્રીરામ જગનું કલ્યાણ કરતા, વનમાં ચાલ્યા જાઇ...વનમાં

oxxo

## ❀ સતી સીતાજીને સ્વપ્નુ આવ્યું ❀

સતી સીતાજીને સ્વપ્નું આવ્યું, આજની રાત ગોઝારી
કાલે સવારે વનમાં જવાની, થઇ રહી તૈયારી
ભવિષ્યમાં આજની રાત ગોઝારી...
કાલે સવારે કાળો કેર વર્તાશે, રોશે નરને નારી
પશુ પંખીઓ આસુંડા સારી, રોશે રાજદરબારી...ભવિષ્ય
રાજા રામના કર્યાં કરમ પર, ધોબીએ મારી વચન કટારી
અયોધ્યાના રાજા રામના, રદયમાં વાગી વચન કટારી...ભવિષ્ય
કાલે સવારે તજવી પડશે, મખમલ કેરી પથારી
જગત જનની જાનકી માતા, થઇ રહ્યા નોધારી... ભવિષ્ય
કર્મની ગતિ મીટાવવાને, તલપી રહ્યા તપધારી
સદ્‌ગુરુ ચરણે પુરુષોત્તમ બોલ્યા, દેવગતિ છે ન્યારી
ભવિષ્યમાં આજની રાત ગોઝારી

÷o÷

## * ચૌદ ભુવનને ચિતરીને બેઠા કયાંથી આવ્યો ચિતારો *

ચૌદ ભુવનને ચિતરીને બેઠો કયાંથી આવ્યો ચિતારો
ઠગારો કયાંથી આવ્યો ચિતારો
કલ્પનાનો કાગળ લીધો સંકલ્પનો સહારો... ઠગારો

સુરજ ચિતર્યો ચાંદો ચિતર્યો આભનો ના આવે આરો
થાંભલો એણ્ કયાંયેના ચિતર્યો માંડવો ઉભો નોંધારો...ઠગારો

જાણ્યું જણાયના પામ્યું પમાયના કળાનો કામણગારો
એના ચિત્તમા એ ચિતરાયો છતાંયે રહેતો ન્યારો ...ઠગારો

પાંચ તત્વે પ્રાણને પુર્યા ચેતનનો ચમકારો
મારા તારા ભેદના પળદા, અતરીને હસનારો......ઠગારો

ઘણાં ચિત્તાર ચીતરીને હાથે ભુસી નાખ્યા હજારો
પીંછી લઇ પાછા ચીતરે અનેક લઈ અવતારો....... ઠગારો

બ્રહ્મા વિષ્ણુ શિવ શકિત રામ બધે રમનારો
ઓળખનારા ઓળખી લેજો ચિત્તમાં બેઠો ચિતારો...ઠગારો

## ❋ તેડાં આવ્યા રે મારા રામના ❋

તેડા આવ્યા રે મારા રામના
નાવડુ મારું હાલક ડોલક થાય રે પ્રવાસી વીરા...તેડાં
આકુળવ્યાકુળ થાયે જીવડો
મનડું એને માયામા ખેંચી જાય રે પ્રવાસી વીરા...તેડા
વ્હાલા સગાનો મળ્યો મેળલો
હાટયું મુકયું પૂછવા લાગ્યા સહુરે પ્રવાસી વીરા...તેડાં
છેલ્લી ઘડીની ધમણ ચાલતી
છુપું છુપું દુઃખ થાતું બહુરે પ્રવાસી વીરા...તેડાં
કોપ્યો વાયુ કફ પિત્ત કોપીયા
રોકાઇ ગયા શ્વાસનળીના દ્વાર રે પ્રવાસી વીરા...તેડાં
કાયા રાણી કહે છે જીવને
આમ શું ચાલ્યા છોડીને પ્રાણ ધાર રે પ્રવાસી વીરા....તેડાં
કાયા સૂણો રે જીવ બોલીયો
તારો ને મારો પૂરો થયો એક તાર રે પ્રવાસી વીરા...તેડાં
એવું બોલીને જીવ ઉપડયો
આવી ભરાણો શ્વાસનળીની માંય રે પ્રવાસી વીરા...તેડાં
હો તા નાડી લાગી રે હાલવા
તૂટવા લાગ્યા માંહવડાના બંધ રે પ્રવાસી વીરા...તેડાં
હંસલો ચાલ્યો મુકીને પિંજરુ
છુટી પડયા કંઇ કાયા કેરા બંધ રે પ્રવાસી વીરા...તેડાં
આવ્યો એવો રે હંસલો ચાલીયો
એક ઘડી પણ ભજ્યા નહી ભગવાન રે પ્રવાસી વીરા...તેડાં
ગોવિંદનો નાથ રૂઠયો તે ઘડી
નાખ્યો તેને લક્ષ ચોરાસી માંય રે પ્રવાસી વીરા...તેડાં

÷○÷

કીર્તન

## * પ્રિત લગાડી ખોટી મનવા *

પ્રિત લગાડી ખોટી મનવા, પ્રિત લગાડી ખોટી
જગની મોહમાયામાં પડીને તું તો બન્યો નટી... મનવા
સગા વહાલા સહુ છુટી ગયાને, તારા વિના કોણ બેલી
વ્હાલા હતા તે વેરી બનીને, ઠાઠડીમાં દીધા બાંધી...મનવા
ઘોડા ગાડી મ્હેલ બંગલા, મિલકત ગઇ લુંટાણી
બાંધીરુધીને લઇ ગયા સ્મશાને, ચિતામાં દીધો સુવાડી...મનવા
દયાળુ હતા પણ દેવતા મુકયા, દયા ન કોઇને આવી
ભડભડ ચિતા બળવા લાગી, કાયાની થઇ રાખોડી...મનવા
અંહીનું અહિંયા રહી ગયું ભાઇ, સાથે ના આવી પાઇ
બનાવટી જગની પ્રીતીમાં, તો શું કરી સત્ય કમાણી...મનવા
જતન કરતી પતન કરતી, ધરતીમાં જાય સમાઇ
ગુરૂ પ્રતાપે દાસ બોલ્યા, ભવસાગર તરાય...મનવા

## * પ્રભુને પેટમાં દુખવા આવ્યું *

રાગ ( પ્રભુજીએ ધાર્યું હોય તે થાય )

પ્રભુને પેટમાં દુઃખવા આવ્યુ. કાળજુ માનવનું મંગાવ્યું
હરિને પેટમાં દુઃખવા આવ્યુ
અર્જુન કહે પ્રભુ અણધાર્યું, આ દુઃખ કયાંથી આવ્યુ
કાળી રાતે કોણ આપે કાળજુ, ઔષધ બુરુ બતાવ્યુ... હરિ

અનેક પાસે માંગ્યું છતાએ, સૌએ ના સાંભળ્યુ
એવી ભલાઇ કરીને ભાઇ, મરવું નથી રે મુંડાવું...હરિ

કૃષ્ણ માટે કાળજુ આપવા, સંત સુરદાસે સંભળાવ્યુ
અર્જુને કાઢી લીધું ઉમંગમાં, પ્રભુએ પેટે લગાવ્યુ...હરિ

દુઃખ ગયુને દયાળુ બોલ્યા, વેદ વચન સંભળાવ્યા
આવા સંતની અમર નામના, દુનિયામાં નામ દીપાવ્યું....હરિ

સંત સુરદાસને સજીવન કીધા, અર્જુનને જ્ઞાન સંભળાવ્યુ
પુરૂષોત્તમ કહે ગુરૂપ્રતાપે, રૂપમાં રૂપ મિલાવ્યુ...... હરિ

=÷=

## ❊ આજે રામજી વનમાં જાય ❊

રાગ ( પ્રભુજીએ ધાર્યું હોય તે થાય )

આજે રામજી વનમાં જાય, એને સર્વે મનાવવા જાય...આજે
આજ્ઞા લઇને માતાપિતાની. નીકળ્યા વન મોઝાર
આગળ રામજી પાછળ પ્રજા, ધ્રુચકે રડતી જાય...આજે

ચાલતાં ચાલતા પહોંચ્યા એતો ગંગા કેરા તીર
ગૃહરાજાને ખબર મળતા, દોડી પડયા પગમાય... આજે
ભાવધરી એના સનમાન કીધા, મનડામાં હરખાય
આજ્ઞા કરો રઘુરાઈ અમારા, કરવા છું તૈયાર...આજે

માગી પ્રભુએ નાવડી એની, ગંગા ઉતરવા પાર
અણઘટતી આ માંગણી થાતા, ગુહક બોલ્યો ગમખાય...આજે

પ્રભુજી મારી આજીવિકાનું, સાધન આ કહેવાય
ચરણ સ્પર્શ થતાની સાથે, નાવ નારી થઇ જાય... આજે
ધોવા દો પહેલા પાય તમારા, પછી બેસાડુ નાવમાંય
છોડુ શંકા તજી મનડાની, ઉતારે ગંગા પાર.... આજે

o–o

## વડલાનીચે શબરી બેઠી જુએ રામની વાટ

વડલા નીચે શબરી બેઠી, જુએ રામની વાટ
ભાવધરી આંગણિયે મારા, કયારે આવશે રામ
રઘુપતિ રાઘવ રાજા રામ
રામ પ્રભુનું નામ જ લેતા, વિતાવે દિનને રાત
આવશે આવશે આજ પ્રભુજી, પાવન કરવા જાત...રઘુપતિ
ઋષિમુનિના વચનો લઇને, હૈયે રાખતી હામ
વર્ષો પર વર્ષો વિત્યા પણ, મળ્યા નહિ ભગવાન...રઘુપતિ
ગદ્ ગદ્ કંઠે રોમાંચ થઇને, કરતી સઘળુ કામ
આંખે અશ્રુની ધારા વહેને, મુખે રામનું નામ...રઘુપતિ
શ્રધ્ધા ભકિત જોઈ શબરીના, રામ થયા મહેમાન
ભાવ થકી એઠાં બોર આપી, ભુલી દેહનું ભાન...રઘુપતિ
પ્રભુએ અંતે આપ્યુ અવિચળ, શબરી બાઇને ધામ
ભાવ જુએ ત્યાં દોડે ભુદરજી, છોડી વૈકુંઠધામ....રઘુપતિ
ધન્ય શબરીબાઇ ભાગ્ય તમારા, ખૂલ્યા મોક્ષના દ્વાર
આવી ભકિત જે કોઇ કરશે, મેળવશે શ્રીરામ...રઘુપતિ
ભાવિક થઇ હરિને ભજજો, થાશે કાયાનું કલ્યાણ
રામપ્રભુજી દર્શન દેશે, ઉઘડે ભાગ્યના દ્વાર......રઘુપતિ

:—:

## * તારી પાછળ ગાંડો ઘેલો રે પીતમ પ્યારા *

( રાગ : મુખડાની માયા લાગી રે પ્રીતમ પ્યારા )

તારી પાછળ ગાંડો ઘેલો રે, પ્રીતમ પ્યારા
ભલે ના આવે નંબર પેલો રે, પ્રીતમ પ્યારા

તારૂં દર્શન કરવા માટે, આવ્યો છું આ વસમી વાટે
દેને દર્શન વહેલો વહેલો રે,......પ્રીતમ

તારી મીઠી દષ્ટીમાંહી, જીવે સારી સૃષ્ટિ આંહી
ભરી દેને મારો થેલો રે......પ્રીતમ

તારા ગુણલા ગાઉં ભાવે, બીજુ કાઇ નજરે ના આવે
કરી ચુકયા બધાં ખેલો રે......પ્રીતમ

કહે શંકર સાચે સાચુ, તારા માંહિ સદાયે રાચું
છોડી દીધા મોટા મ્હેલો રે,......પ્રીતમ

## * મેં તો તારી માળા લીધી રે અંતરયામી *

રાગ : ( મુખડાની માયા લાગી રે પ્રીતમ પ્યારા )

મેં તો તારી માળા લીધી રે અંતરયામી
જુઠી દુનિયા છોડી દીધી રે અંતરયામી

તારી લગની લાગી જયારે ત્યારે આવ્યો તારે દ્વારે
પ્રેમ રસની પ્યાલી પીધી રે અંતરયામી

જયાં જોઉ ત્યાં તને ભાળુ ખોલી ગયુ બ્રહ્મતાળુ
વાંકી રેખા થઇ સીધી રે....અંતરયામી

તને જે ગમે તે કરૂં બીજાનું હૈયે ના ધરૂં
ખરી વસ્તુ ખોળી લીધી રે અંતરયામી
કહે શંકર બધુ છોડી આવ્યો તારી પાસે દોડી
તેં તો ખુબ દયા કીધી રે અંતરયામી

=÷=

## :: તારી ભક્તિ વ્હાલી લાગે રે ::

( રાગ : મુખડાની માયા લાગી રે પ્રીતમ પ્યારા )

તારી ભક્તિ વ્હાલી લાગી રે અંતરયામી
આજે મારી સુરતા જાગી રે અંતરયામી
તારામાં મન મોહ્યું મારૂં ખુલી ગયું બ્રહ્મબારૂં
જુઠી દુનિયા છેટે ભાગી રે અંતરયામી
તું જો રાજી તો હું રાજી ખુલ્લા દિલે કહું ગાજી
બન્યો હું પુરો વૈરાગી રે અંતરયામી
ભૂંડી દુનિયા ભુંડું બોલે ભુંડા આળો માથે ઢોળે
તેં જ મારી ભીડ ભાગી રે અંતરયામી
કહે શંકર કૃપા કરજે અરજી મારી ઉરમાં ધરજે
આખા જગમાં લાય લગાડી રે અંતરયામી

## જીવ તારો અવસર ચાલ્યો જાય હો જીવતારો અવસર

અવસર ચાલ્યો જાય હો જીવતારો અવસર
કેમ ના હરી ગુણ ગાય હો જીવ તારો અવસર ચાલ્યો જાય

ફરી ફરી તને નહિ સાંપડશે આવો દુર્લભ દાવ
બાલપણું રમત રમતમાં ખોયું ઢીંગલા ઢીગલી માંય હોજી

આવી જુવાની ને બન્યો દિવાનો સાચુ ન સમજાય
ગઈ જવાની ને આવ્યો બુઢ્ઢાપો કાળા ના ધોળા થાય હોજી

નાના ને સમજે છે મોટો ખોટું ભણતર ભણાય
આંખે દેખાય નહિ ઠોકર ખાતો હડોહડ સૌમા થાય હોજી

જેમ તેમ કરીને જીવન વિતાવે માયાથી દુર થાય
દેવોને દુલ્લભ એવું ઓળખવું આવ્યું તેવું જાય હોજી

ખભે મુકીને કંઇકને મુકી આવ્યા તોયે ભુલી જવાય
ચેતો ચેતો હજી સમય છે. ભુલ્યા ફરી ગણાય

હાથ આવેલો હીરો ના ખોશો મોંઘેરૂં તન આ મન
માન દેહનો અણમોલો લ્હાવો ગુણલા હરી ના ગવાય

સંતોનો સંગ કરી હરી ભજી લ્યો હારેલી બાજી જીત
રામ શ્યામ રસીકની સુણો વિનંતી ત્યારે શાન્તી થાય.
હોજી જીવતારો અવસર ચાલ્યો જાય.



## * કાયા પૂછે જીવને પ્રેમથી રે *

રાગ : ( તારે માથે નગારા વાગે મોતના રે )

કાયા પૂછે છે જીવને પ્રેમથી રે,
ક્યાંથી આવ્યોને કંયા તું જઇશ રે
કોને માટે કરે છે તું આટલું રે
કરવા આવ્યોને શું ને શું કર્યું રે
પ્રભુજી પુછશે ત્યારે તુ શું કહીશ રે.... કોને માટે
રાત દિવસ રમ્યો માયા રંગમાં રે
સાચું કહેતા મને ચઢે રીસ રે... કોને માટે
લોહીનું પાણી કરી ધન મેળવ્યું રે
સાથે આવેના કોડી એક રે... કોને માટે
ધોરી મારગ મુકીને ચડયો વાડમાં રે
એક ઝાલીના રાખી ટેક રે... કોને માટે
મોંઘા મોતી મુકીને મોહ્યો કાચમાં રે
મીઠડા લાગ્યા માયાના વેણ ... કોને માટે
શાણો થઇને સઘળુ તું સાંભળે રે
કાયમ ઢાળે જ નીચા નેણ રે... કોને માટે
મારું મારું કરી તું મથી મરે રે
તોયે તારું કોઇ નવ થાય રે... કોને માટે
પસ્તાવો છે પુરી તારી પ્રીતથી રે
અધવચ્ચે મુકીને ચાલ્યો જાય રે... કોને માટે
હજી સમજે તો હરી તારી સુધારે રે
નહીંતર લક્ષ ચોર્યાશી માંહીં રે... કોને માટે
શંકર સમજયા તેતો ભવતરી ગયા રે
પહોંચ્યા મહાપદ નિર્વાણ રે
કોને માટે કરે છે તું આટલું

:—:

## :: જીવ જાગીને જોને તારા રૂપને રે ::

રાગ : તારે માથે નગારા વાગે મોતના રે

જીવ જાગીને જોને તારા રૂપને રે
તારે માથે છે જમ કેરો ભાર રે
કેમ ભુલી ગયો ભગવાન ને રે
ઉંધે માથે તું ગર્ભમાં ઝુલતો રે
ત્યાં તારી લીધી સંભાળ રે... કેમ ભુલી ગયો કિરતાર ને રે
તારે માટે સર્વ સર્જાવ્યું રે
પય, પાણી, વસ્ત્રને અન્ન રે... કેમ ભુલી
તને સ્વપ્ના માંહી નહિ સંભાળ્યા રે
બન્યો હું મારામાં અંધ રે... કેમ ભુલી
પાપ પૂર્વના મારા આવી મળ્યા રે
તેથી બાંધ્યું વાલા સાથે વેર રે...કેમ ભુલી
છટ દેખીને તું છટકી ગયો રે
પડયો ગળે માયાનો ફંડ રે... કેમ ભુલી
માણેકદાસ હજી તારું સુધરે રે
ગુરુ કબીરને કરજે યાદ રે.... કેમ ભુલી

::=::

## * નહિ ભુલુ તારા નામ ને રે *

રાગ : માથે નગારા વાગે રે મોતના રે

નહિ ભુલું પ્રભુ તારા નામને રે
મારા જનનો જનમ સંગાથ રે... નહિ ભુલું પ્રભુ તારા

સોંપ્યા તન મન ધન આપને રે,
દીધા પ્રેમ પાણીના દાન રે... નહી ભુલું
ભલે માથે આભ તુટી પડે રે
મારૂ શરીર છેદાઇ જાય રે...નહી ભૂલું
લીધો વૈરાગ્ય વાલા તારા નામનો રે,
નીશ દીન જપુ તારા જાપ રે....નહી ભુલુ
મારા અંતરમાં વ્હાલો વસી ગયો રે
મારે નથી જોઇતુ બીજા નુ કામ રે... નહી ભુલું
માણેક દાસ રંગીલો રાખે હાથ માં રે,
બંદી છોડ કબીર તારનાર રે... નહીં ભૂલું પ્રભુ તારા

=÷=

## * નમો નમસ્કાર તારી પાવડી પૂજવા *

રાગ : પ્રભુજીએ ધાર્યું હોય તે થાય

નમો નમસ્કાર તારી પાવડી પૂજવા
ભરત શત્રુઘ્ન આવ્યા, અયોધ્યા દીઠું સુનું
આવીને કૈકયને પુછ્યુ, કયાં ગયા ભગવાન...નમો નમસ્કાર
મુખ ન જોઉ તારુને, કપટે કરી વાત
શુ કરુ જો દોષ લાગે, હમણા કરુ ધાત... નમો નમસ્કાર
દશરથ સ્વધામે ગયા, સીતા લીધા સાથે
લક્ષ્મણ સેવામા રહ્યા, મેં કર્યા અપરાધ... નમો નમસ્કાર
રામચંદ્ર રાજય કરેને, ભરત કરે સેવા
સીતા સતવંતી હરિના, ચરણ રજ લેવા... નમો નમસ્કાર

એવું કહીને ભરત ચાલ્યા, દંપતીને લેવા
સૈન્ય બધું સાથે લીધું, અયોધ્યા રહી સુની....નમો નમસ્કાર

બ્રહ્મ જાત ભીલ મળ્યા, ઘરે ચાર ભાઈ
ઉઠીને સેવાને લાગ્યા, ભરતને જઇ ધાયા... નમો નમસ્કાર

શૈલ્યા તેની નારી થઇ, ચરણ રજ પ્રતાપે
કુળ સહીત માછી તાર્યા, ચૌદ લોકના નાથે... નમો નમસ્કાર

કૈકયના વચન ઉપર. તમે આવ્યા વન
કૌશલ્યા રૂદન કરે, દાઝ તેના તનમાં... નમો નમસ્કાર

ભક્ત કેરા કારજ સાર્યા, રામજી રઘુનાથે
ભીલડીના બોર હરીએ, ખાધા એના હાથે... નમો નમસ્કાર

રામે આલી પાદુકાને, જઇ બેસાડો રાજ
ગંગાને કાંઠે ગોદાવરી ઘાટે,... નમો નમસ્કાર

રામે આપી આજ્ઞા, એમ બોલ્યા મહારાજ
દંડવંત વનગયા, રાવણે કર્યો અપરાધ.... નમો નમસ્કાર

અત્રિમુનીને ઘેરે, હરિએ કર્યો વિશ્રામ
માતા અનુસ્યાએ, સીતાને દીધા માન... નમો નમસ્કાર

તુલસીદાસ તો ચરણ સેવે, રામજી રઘુનાથ
ગાય શીખે સાંભળે એનો વૈકુંઠ વાસો થાય... નમો નમસ્કાર

## * કાયાના પીંજરે પુરાયો પરદેશી હંસા કાયાના *

કાયાના પીંજરે પુરાયો પરદેશી હંસા કાયાના પીંજરે પુરાયો
માયાના મોહમાં ફસાયો પરદેશી હંસા કાયાના પીંજરે પુરાયો
સપના જેવી રે તારા સુખોની સાહ્યબી
તોયે તું મનમાં ફુલાયો.......પરદેશી
આંખો છતાંયે બન્યો તું આંધળો
લાલચે તુ લપટાયો...... પરદેશી
ઘડપણ ઘેરાયું ને ડોલ્યું ત્યાં પીંજરું
દુઃખનો દરિયો રેલાયો...... પરદેશી
છુટવાને માટે ફાં ફાં તું મારતો
એવે ટાણે તું અકળાયો......પરદેશી
બિંદુએ સાર ના જોયો સંસારમાં
ભક્તિનો ભેખ જગાયો....... પરદેશી

+——+

## * કઠણ ચોટ છે કાળની રે મરણ મોટેરો માર *

કઠણ ચોટ છે કાળની રે મરણ મોટેરો માર (૨)
કંઇક રામ ને કંઇક રાજીયા હાં મેલી ચાલ્યા સંસાર
હેતે હરિરસ પીજીએ
સંસાર ધુમાડા ના બાચકા રે સાથે આવે ન કાંઇ (૨)
રંગ પતંગનો ઉડી જાશે જેમ આંકડાનો ખોલ...... હેતે
કોના છોરુ ને કોનો વાછરુ રે કોના મા ને બાપ (૨)
અંતકાળે જવુ એકલું, હાંરે સાથે પુણ્યને પાપ......હેતે

માળી વિણે ખીલ્યા ફુલડાં રે કળિઓ કરે છે વિચાર (૨)
આજનો દિવસ રળિયામણો હાંરે કાલે આપણા એ હાલ....હેતે

જાયા તે તો સર્વે જાશે રે નથી કાયા રહેનાર (૨)
મરનારને તમે શું રૂવો, હાંરે નથી રોનારો રહેનાર... હેતે

દાસ ધીરો રમે રંગમાં રે રમે દિવસને રાત (૨)
હું ને મારુ મિથ્યા કરો, હારે રમો પ્રભુ સંગાથ... હેતે

## * શાને ફરે અભિમાનમાં રે *

રાગ : કઠણ ચોટ છે કાળની રે

શાને ફરે અભિમાનમાં રે જરા મનથી વિચાર... (૨)
ઓચિંતા આણા આવશે, હાંરે જાવું મોટે દરબાર
ભાવે ભજો ભગવાનને.

માયા નગરમાં મહાલતો રે હાંરે ગળે બાંધી જંજાળ
કાળ કરે છે માથે ડાકીયા, એળે જાશે અવતાર.... (૨) ભાવે

ખાધુ પિધુને ખેલમાં રે બાંધ્યા મોટા ઘરબાર
આતમ પંખી ઉડી જશે, હાંરે ભૂતરડશે ભેંકાર... (૨) ભાવે

જુઠી જગતની સાહ્યબી રે જુઠો સઘળો સંસાર
સાચો છે બિંદુનો શામળો, હાંરે નાવ ઉતારે પાર (૨) ભાવે

## * બોલ રે પંછી જગમાં તારે કોણ કોણ વ્હાલા *

બોલ રે પંછી જગમાં તારે કોણ કોણ વ્હાલા, કોણ કોણ સહારા
પ્રાણી જગમાં એકલો આવ્યો, આવી માયામાં મોહ લગાવ્યો
જાવું પડશે એકલા તારે સુણી મૃત્યુ નાપોકાર... કોણ કોણ
માતા કે પિતા કોઇના તારે, ભાઇ કે બેની દૂર થનારા
ઘરની સ્ત્રી પણ પાસે ન આવે, ભૂલશે બાળક તારા... કોણ કોણ
કંચન જેવી કાયા તારી રેશમ સરખી કેશવાળી
શશી સરખું મુખડું તારું ખાખમાં બળનારા... કોણ કોણ
પિંજરમાંથી પંછી જાશે, સ્મશાન પછી જાશે
ભસ્મ થયા પછી વ્હાલા સૌએ દુર થઇ જનારા... કોણ કોણ
છોડી દે માનવ જગની માયા, જોડી દે પ્રભુ પંથે કાયા
નૈયા તારી પાર લગાદે, લાખોના તારણહારા... કોણ કોણ
સંસારના દુઃખો દૂર કરવા આત્મની જયોતિને જગાવતા
જલારામના કર્મો હતા એ, રામને ભજનારા... કોણ કોણ

o—o

## * પથિક તારે વિસામાના દૂર દૂર આરા *

પથિક તારે વિસામાના, દૂર દૂર આરા
ના સિંચશે માર્ગે કોઇ તારા, હિમાજોની શીતળધારા
માથે વરસે ઘોમ ધખારા, ઉની રેતીના પથારા ....દુર દુર
ફુલ કે બુલબુલ વાટેના મળશે હરણા કે ઝરણા દષ્ટેના પડશે
સોનેરી સ્વપ્નું એકેના જડશે, મુકિત માર્ગ થારા... દુર દુર

વાહન મળેના કોઇ વાટે પગના કુંણા તળિયા ફાટે
કંટાળીને શિરથી સેવાના, ફેંકી દેતો ના ભારા... દુર દુર
કેડમાંથી શું વાંકો વળે, પગે તારે ખાલી ચઢે
ધમણ હૈયાની ફાટી પડે, આંખે આવે અંધારા... દુર દુર
તારા મૃત્યુની સંજીવન ધારા, સર્જી રહે છે જીવન અમારા
રોમે રોમે જ્યોતિ જાગે, કળશના ચમકારા... દુર દુર
સીમા સ્થાને ગોડાઇ જાજે માર્ગ સુચક બનજે તું આજે
પાયામાં પૂરાઇ હરખે જાજે, આગિયાના ચમકારા... દુર દુર

:X:

## * માડી તારા અનહદ છે ઉપકાર *

માડી તારા અનહદ છે ઉપકાર, ભવોભવ ગણ્યા ન ગણાય રે
મારે કારણે તેં વેઠયા ઉજાગરા, આકરી રાતોના અપાર
એકધારી ઉંઘવા ન દીધી કદીએ, તોયે તારો પ્રેમ અપાર રે...માડી
હાલતાં ને ચાલતાં ગાય હાલરડા, પીવડાવ્યા તે સંસ્કાર
અંતર ઉમળકાથી ખમ્મા ખમ્મા કરીને, બોલાવે વારંવાર રે..માડી
સુતી ભર ઉંઘમાંથી ફાળ ભરી જાગતી, માંદગી જો આવે લગાર
જીવની જેમ મને રાત દિ જાળવતી, કેમ ભુલુ ઉપકાર રે... માડી
હૈયે વળગીને તારો ખોળો ખુંદયો છે, જપવા ન દીધી લગાર
મારે માટે તેં પીધા છે હોશથી, કડવા ઘુટંડાઓ અપાર રે...માડી
ભૂખીને તરસી જોતી તું વાટડી, બારણામાં મારતી લટાર
હજુ કેમ ન આવ્યો, હજુ કેમ ન આવ્યો શાને થઇ આટલી વાર રે

હૈયાના હીર પાઇ જીવન ઘડયું, માતાનું છત્ર પ્રેમાળ
માતૃપ્રેમની અમર જ્યોતિ, જલતી રહે સદાકાળ રે... માડી
અમીભરી આંખડીને વ્હાલભરી વાણી, હૈયામાં હેત અપાર
માતાનું દીલડું બનાવીને માંહી, પોતે વસ્યો નિરાકાર રે...માડી
સો સો દિવાળી જીવો આશિષ આપતી પ્રગટાવી દિવડા હજાર
એરે માતાને મારા લાખો પ્રણામ, કોટી કોટી નમસ્કાર રે...માડી
મંગલમૂર્તિ માત પિતાની, સાક્ષાત શકિત સ્વરૂપ
મંગલમૂર્તિ માત પિતાની સાક્ષાત કરૂણા ક્ષમાને કૃપાળુ...માડી

:o:o

## * જનની તું જન્મ તણી દુઃખિયારી *

જનની તું તો જન્મ તણી દુઃખિયારી... (૨)
જન્મ આપનારી માતા તું તો, કોણ ખબર લેતારી રે...જનની
નવ નવ માસ તને ગર્ભમાં રાખ્યો ને કીધી ઉઠબેસ ભારી
માયા મમતામા મોહી પડયો એતો, કોણ કરે સેવા તારી રે...
અડસઠ તીરથ કરવા ચાલ્યો શ્રવણ, માત પિતાને ખાંધે મારી
દશરથ રાજાએ પ્રાણ લીધો એનો, સાંભળી કાયાને પાડી રે...
ભૂત તરસને વેઠીને માતાએ, ધરતીની કીધી પથારી
તારા હૃદયની કોઇએ વાત નજાણી, જીવનભર તું મુંઝાણી રે....
પ્રાણુ કહે છે માતા રે તારા, ઉપકાર બહુ ભારી
માતાના દિલને દુઃખ દીધુ જેણે, તેનું જીવન ધુળધાણી રે...

o–o

## * છેતરીને સ્વધામ ગઇ તું હાંકી તારી નાવડી *

છેતરીને સ્વધામ ગઈ તું હાંકી તારી નાવડી
ઉતાવળ શું કરી માતેં જવા માટે આવડી... છેતરી

અપાર પ્રેમ વરસાવી અમને તે પોષ્યા
તારી છાયામાં અમને સૌસને સંતોષ્યા
તોયે તારી સેવા અમને કરતા ન આવડી... છેતરી

દીલ તો દરિયાનું મા તે રાખ્યું હતું મોટું
ફાવે તેમ બોલ્યા તોયે લાગ્યું નથી ખોટુ
સ્વભાવની સદા હતી માતુ ગરીબ ગાવડી...છેતરી

નથી કોઇ દિવસ માંગ્યું કાંઇ મુખે
એક રૂપે રૂપે રહી મા તું સદા સુખે દુઃખે
ઠોકર ખાતા જોઇને અમને પકડી લેતી માવડી... છેતરી

અમને ભૂખ્યા રાખી કદી નથી ખાધુ
આવી રૂડી માવડી હું હવે કયાંથી લાવું
લાખો પ્રયત્નો કર્યે મળે કયાં તું માવડી... છેતરી

અનંત ઉપકારો માડી બદલો શું દઇએ
ભવોભવ માડી તારા ચરણોમાં રહીએ
તારા બાલુડા તો પૂજે તારી પાવડી... છેતરી

## * ઓ માત રે મારે કોની ગોદમાં જાવુ *

હે માત રે મારે કોની ગોદમાં જાવું
મને કોણ કરશે ખમ્મા રે ખમ્મા.
હે માત રે હું અંધારે અથડાઉં હું મા મા કરતો આવુ... મને
યાદમાં તારી રોતો જ્યારે, આંખે આંસુ ચાલ્યા
હે માત રે મારા મુખડા ચુમવા કાજે, મારા લોચન લુછવા કાજે.મને
વ્હાલ ભર્યા એ વેણ મધુરા, તુજ વીણ કોણ સુણાવે
હે માત રે મને કહેતા સૌ બિચારો, હું તુજ વીણ છું નોધારો...મને
મારો કહેતા મુખડુ મલકે, માને દેખી હૈયુ છલકે
હે માત રે હું મનમાં બહું મુંઝાવું, મારે કોના શરણે જાવું... મને
હેત ભરેલું હૈયુ તારુ, આજે સુકાણુ
હે માત રે મારું અંતર અકળાઇ જાતુ, તને કંઇ કંઇ કહેવાય જાતુમને
કાં તે હૈયા કઠણુ કીધા, બાળકડા વીસારી દીધા
હે માત રે તારું પૂનિત શરણું ત્યાગી, આ જીવશે કેમ અભાગી
મને કોણ કરશે ખમ્મા ખમ્મા.

## * કાયાનું રૂડું પીંજરૂ છોડીને જવાનું *

કાયાનું રૂડું પીંજરું છોડીને જવાનું
સમજી લે હંસા ધાર્યું ધણીનું થવાનું...કાયાનું
કોના માતા કોના પિતા કોના ભાઇ ભેરૂ
સાથે નહિ આવે કોઇ આવશે જવા તેડુ
પરભવનું દેણું લેણુ પુરુ થઇ જવાનું......સમજી લે હંસા

ભલે હોય રાજા મોટો ભલે હોય ભિખારી
સૌના માટે છે સરખી અગન પથારી
સપનાના જેવું સુખ આ કયાંથી ટકવાનું......સમજી
રામની રમતની ભેદો તું તો નહિ જાણે
ભોગવવું પડશે તારે કર્મો પ્રમાણે
બિંદુ સૌ જગના મેળે વિખરાય જવાનું....... સમજી

૦;૦;

## * નથી રે રહેવાની તારી કાયા દેખાવડીને *

રાગ : પહેલા પહેલા જુગમાં રાણી

નથી રે રહેવાની તારી કાયા દેખાવડીને
રૂપના રખોપા નથી કામના
દુનિયામાં રહેશે તારા ઉજળા કરમના સંભારણાં
માનવ અવતારમાં તું તો જનમ્યોને
કરવાને માનવતાના કામ આ સંસારમાં
હે... એરે ફૂલીને તું તો માયામાં મહાલતોને
અમીરો માને છે તારું સ્થાન આ સંસારમાં... દુનિયા
જોબનનું જોર તારું ઝાઝુના ચાલશેને
ચાર દહાડાનો તું મહેમાન આ સંસારમાં
હે.... કાળના તેડા એવા અણધાર્યા આવશેને
સુના થશે રે તારા ધામ આ સંસારમાં... દુનિયામાં

માટીની કાયા તારી માટી થવાની ને
આખરના એજ અંજામ આ સંસારમાં
હે...બિંદુ કહે વ્હાલા સંતોની સાથમા ને
રખવાળા કરશે રામ આ સંસારમાં
દુનિયામાં રહેશે.......

## આંસુડા બે આવે છતાં રામ પાંપણમાં જ સમાવે

આંસુડા બે આવે છતાં રામ પાંપણમાં જ સમાવે
હરિને આંસુડાં બે આવે.
સતી સીતાના ચારિત્ર્ય ઉપર ધોબી શંકા ઉઠાવે
અવધપુરીની મહારાણી માથે કુડા કલંક ચડાવે...હરિને
સતી સીતાને રથમાં બેસાડી, લક્ષ્મણ વનમાં સીધાવે
અંધાર વનમાં મુકી સીતાને લક્ષ્મણ પાછા આવે... હરિને
અશ્વમેધની આહુતિ ટાણે વાંધો વિપ્ર ઉઠાવે
સીતા વિહોણા રામની સાથે બિડલા કોણ હોમાવે... હરિને
મહાયતિ મહાજ્ઞાની મુંઝાયા યજ્ઞ બધા અટકાવે
સતી સીતાની ઘડી પ્રતિમા, રામની સાથે પધરાવે... હરિને
લવકુશને લઇને સીતાજી, અવધપુરીમાં આવે
બંને પુત્રો સોંપી પતિને, ધરતીમાતાને પોકારે... હરિને
ધરતીમાતા પ્રસન્ન થઇને. ત્રણજ ભાગ થયા
સિંહ સન પર બેસ ડીને સીતાની સાથે સમાયા... હરિને

*—*

## * વાલો મારો રાખેના કોઈના ઉધારો *

વ્હાલો મારો રાખે ના કોઇનો ઉધારો
એવો શેઠ પ્રમાણિક ખરો...... વ્હાલો મારો રાખે
દુનિયાની પેઢીના નીકળે દેવાળાં, કંઇક બને નાદારો
પેઢી પ્રભુજીની પુરાણી એના ખોટા ન હોય વેપાર... વ્હાલો
દુષ્ટ દુર્યોધને દ્રોપદી ઘેરી, પાંચાળી પાડે પોકારો
નવસે નવ્વાણું ચીર પૂર્યા પાટના ગણીગણી તાર.... વ્હાલો
મિત્ર મોહનને મળવા આવ્યો, ગરીબ સુદામો બિચારો
મુઠી તાંદુલ એના ભેટ લઇને, રાજ વૈભવ આપનારો...વ્હાલો
વર્ષોથી ઝંખના કરતી ભીલડીના, ઝુંપડે પગ ધરનારો
ચપટીક બોરના બદલામાં એને, સાયુજ્ય મુક્તિ દેનારો....
થોડું કરે એને અદકુ આપે, છે એવો છે એનો ધારો
ગોવિંદ ગુણ વિસારે જે એના તે નર આત્મહત્યારો...વ્હાલો

## * હે રામ કોણે ઘડયો આ મારો ઘાટ *

રાગ : માડી તારા અનહદ છે ઉપકાર

હે રામ કોણે ઘડયો આ મારો ઘાટ
એના ઘડનારાની જોઉં છું હું વાટ રે... હે રામ
પંચ તત્વનું કોડિયું બનાવીને, કોણે રંગ્યો એનો દેહ
કોણે રે એમાં ઘી પૂર્યા હશે, કોણે પ્રગટાવી એની વાટ રે...હે રામ

આરે દુનિયામાં અંધારા તોડવા, કોણે મૂકયો એને હાટ
ઝાંખો પડયો દીપ જયારે મારો, કોણે સંકોરી એની વાટ રે હેરામ

લક્ષચોર્યાસીના ફેરા છોડાવે, એવો રૂપાળો દીધો જેણે દેહ
એને ઓળખવાનું ભૂલી ગયો હું છોડી દીધો એનો સાથ રે...હેરા

ભવના સાગરમાં નાવ આપી મને કોણે હલેસુ લીધું હાથ
એરે ખલાસીને જાણી શકયો ના તદ્દન હતો એ મારી પાસ રે

## * હરીશ્ચદ્દ પામ્યો માન જગતમાં *

રાગ : સરોવર કાંઠે શબરી

હરિશ્ચંદ્ર પામ્યો માન જગતમાં, લાજ રાખી જગમાં ભગવાને
રાજાઋષિનું ઋણ ચુકવવા હૈયામાં રાખી હામ... લાજ રાખી

સત્યને ખાતર વસ્ત્ર ઉતાર્યા રાજ કીધા કુરબાન,
વિશ્વામિત્રને અર્પણ કીધા, પ્રેમે કીધા સન્માન... જગતમાં લાજ

કાશીનગરમાં ત્રણે વેચાયા, કાયાના કીધા મંડાણ
અવધપતિને દીધા વિના, ત્યાગ્યા અન્નજળપાન...જગતમાં લાચ

બાળ રોહિતને સર્પડંશથી, ઓચિંતુ થયું અવસાન
તારા સતીએ સબ ઉઠાવ્યું, દહન કરવા સ્મશાન...જગતમાં લાજ

દાન દીધા વિના અગ્નિ ન દીજે, કરવેરો ચુકાવો
હરિશ્ચંદ્રરાજા ક્રોધે ભરાણા, ખડગ કીધું ખેંચાણ....જગતમાં લાજ
આવી પ્રભુએ દર્શન દીધા, ભકિત થકી ભગવાન
કુંવર રોહિતને કર્યો સજીવન, આપ્યા અભય વરદાન...જગતમાં
સંકટ પડયું પણ દીલ ન ડગ્યુ, હરિશ્ચંદ્રરાજા સુજાન
લવજી કહે એવા ભકતજનોએ, રાખ્યા નવખંડ નામ જગતમાં લાજ

=*=

## * તારૂં શરણું સોંપી દીધું સુણી ને પોકાર *

તારું શરણું સોંપી દીધું સુણીને પોકાર
તારે શરણે લઇ લીધો તેં પ્રભુ તારો બાળ
શરણાગત ને શાંતિ દેજો સ્મરણ કરે પરિવાર
શ્રી રામ જય રામ જય જય રામ......... (૨)
આ દુનિયા પંખીનો મેળો સૌએ ભેળાં થાય (૨)
  વારા ફરતી વારો આવે ત્યારે ઉડી જાય...... શ્રી રામ
અસ્તોદય જેમ રવિશશીની, ઘટમાળા ફરતી (૨)
  આવે તેણે જરૂર જવાનું ઓટ ત્યાં ભરતી....શ્રી રામ
કૌરવ પાંડવ રામચંદ્રને ગયા શ્રીકૃષ્ણ મોરારી (૨)
  રાવણ યોદ્ધો રણમા રોળાયો કીધી કાષ્ટ પધારી...શ્રીરામ
સતવાદી હરિશ્ચંદ્ર કંઇ અમીર ગયા નિરધારી (૨)
  વીર ગયા ને ધીર ગયા, કંઇ સત્તાના અધિકારી... શ્રીરામ
પુણ્યો કરેલા સાથે જાયે રામનું નામ (૨)
  શરણે લીધેલાને પ્રભુ આપો મુકિતધામ........ શ્રીરામ

;o;o;

## * ગુરૂમુંકુંદ મુસાફરી નીસર્યા *

રાગ : ભોળા ભુદર રે તારી ભુલવણીમાં

ગુરૂમુકુંદ મુસાફરી નીસર્યા, સહુને કેજો સતનામ રે
પહેલા પહોરમાં અમે જઇશું ગુરૂગામ....સહુને કેજો સત
સહેજે આવ્યા'તા સંસારમાં કંઇ કરવા ઉત્તમ કામ રે.
સતસંગ ઓરતો ઓરીયા ને ચેત્યા આતમરામ...સહુંને દેય રે
અધરું તે પુરું કર્યું, કીધુ દેવું સહુને દઇ રે
બાકી રહ્યું નથી કોઇનું. બંધન મોક્ષવાસના ખોટા... સહુને
ઓચિંતા ઉઠી અમે ચાલ્યા, જોવા કાયા ગઢ શહેર રે
વેપારી મળ્યા સુખદુઃખના ને આશ તૃષ્ણાના તોર... સહુને
સાંકડી શેરીમાં આવતા, મળ્યા લુટારાં લાલ રે.
ડંકા દીધા સતનામના ને કાલ રહ્યો મુખ તાકી... સહુને
અસંખ્ય કોટીની મારી સાહેબી, તેના આંકના અંકાય રે
પારસમણિના ઢગલા મેલી જઇએ ખાલી હાથ દેખાય... સહુને
વાલા રૂવે રંગ મહેલમાં, હાથી ઘોડા દરબાર રે
પોપટ ઝુરે પાંજરે ને રૈયત કરતી પોકાર.. .... સહુને
ગુરૂ કબીર આણા મોકલ્યા તેડા થયા તતક્ષણ રે
જયાંનું ત્યાં મેલી ચાલીયાને માણેકદાસ તૈયાર...... સહુને

## * વ્હાલા રે સંતને જય જય સીતારામ્ *

વ્હાલા રે સન્તને જય જય સીતારામ્
હાંરે મારી હાલતી વેળાના રામ રામ્
હાંરે મારા ગુરુને કહેજો પ્રણામ
કયાં થકી આવ્યા તમે કયાંરે જાશો
હાં રે તમે કયાં રે કરશો વિશ્રામ... વ્હાલારે
સતસંગ કરવો ને ભવસાગર તરવો
હાંરે કાયા પડીયેલ પીપળ પાન....... વ્હાલા રે
હૃદયમાં રાખુને ઘડીના વિસારુ
હારે મારે જગજીવન સાથે કામ...... વ્હાલા રે
સતસંગમાં એક હંસ બિરાજે
હાંરે હોય રે જીવને અગમની ઓળખાણ...... વ્હાલા રે
દાસી જીવણ સંત ભીમ કેરે ચરણે
હાંરે આપણે જાવું છે વૈકુંઠ ધામ....... વ્હાલે રે

## * કેમ ભુલું તુજ પાડ જનેતા *

કેમ ભુલું તુજ પાડ જનેતા, કેમ ભુલું તુજ પાડ
જન્મ થતામાં દૂધ તેં દીધું
એ તારો ઉપકાર, જનેતા કેમ ભુલું તુજ પાડ.
જોવા માટે આંખો બનાવી
સાંભળવાને કાન, જનેતા કેમ ભુલું તુજ પાડ
દાંત દીધા સાથે ખાવાનું દીધું
એ તારો ઉપકાર, જનેતા કેમ ભુલું

બુદ્ધિ શકિત તેં મા દીધી
એ તારો ઉપકાર, જનેતા કેમ ભૂલુ....
તારે શરણે આવ્યે. હું તો.
નાનો તારો બાળ, જનેતા કેમ ભુલુ......
ઘડપણમાં મા કાયા થથરતી
કેમ લેવાશે તારૂં નામ જનેતા કેમ ભુલુ....
શરણે આવ્યો ઉગારી લેજો,
દર્શન દેજો માત, જનેતા કેમ ભુલુ તુજ પાડ

## * દેજો મને અંત સમે ગુરૂજ્ઞાન *

રાગ : મંડી તારા અનહદ છે ઉપકાર

દેજો મને અંત સમે ગુરુજ્ઞાન
એ......જેથી પામું પદ નિર્વાણ રે... દેજો મને
શ્વાસ ઘેરાશે ને જીવ અકળાશે, નાડી છુટે છુટે પ્રાણ
તે વેળા આત્મા જયોતી જગાડી, મોક્ષનું ભાન રે.... દેજો
તન ધન પ્રિયા આશા તૃષ્ણામાં, બહુ દિન થયો હેરાન
સુખ સત્તા ધન રાજય કે વૈભવ, ન દેશો આબરૂ માન રે દેજો
ડોળ દંભને ક્રોધ વિકારો, પેસે ના અભિમાન
શિષ્ય ભાવ મારો સદા ટકાવી દેજો ચરણામૃત પાન રે...દેજો

પ્રેમ ન તૂટે શ્રધ્ધા ન છુટે, અચળ રહે બ્રહ્મજ્ઞાન
કર્મ–ચારિત્ર પવિત્ર રાખી, જોડાવો પરમ સંધાન રે... ...દેજો

સુણજો બાવન થકી ન્યારી, આત્મા પુકારની વાણી
દર્શન દઈને મરણ સુધારી, શરણે લેજો ભગવાન રે......દેજો
દેજો મને અંત સમે ગુરૂજ્ઞાન.

## * પ્રભુ તમે ભુલ્યાં ને પંથ બતાવો *

રાગ : માડી તારા અનહદ છે ઉપકાર

પ્રભુ તમે ભુલ્યાં ને પંથ બતાવો
હે... જીવન પંથ બતાવો રે......પ્રભૂ

ભૂલો પડયો છું ભવના રણમાં, રસ્તો મળે નહીં કોઇ
બની ને ભોમિયો આવો ઓ ભૂધર, જોઇ રહ્યો હું વાટ રે...ઓ પ્રભુ

ભવરૂપી આ રણ અતિ વિકટ છે, દયાનિધિ દયા લાવો
હે કરૂણામય જગતના સ્વામી બચું જો આપ બચાવે રે...ઓ પ્રભુ

કામક્રોધને મદ મોહના કાંટાં પડયા મારગમાંથઈને સંત
લોભ ને થોભ જરા નથી જગમાં, પડયા છે ઈર્ષા નાં ફાંટા રે ઓ પ્રભુ

અંતરયામી સાદ સુણીને, શરણે મને તમે લેજો
અંતઃકરણથી પોકાર પાડું જીવન જયોત જગાવો રે...ઓપ્રભુ

## * ગાય ચારી ગાય ચારી ગાયો ચારી રે *

ગાય ચારી ગાય ચારી ગાય ચારી રે, મારા હોશીલા હો કાન
ગોકુળમાં જઇને તમે ગાય ચારી રે
મથુરામાં જન્મયાને ગોકુળમાં કીધો વાસ
નંદ જશોદા હરખ્યા, ત્યારે હરખી વૃજની નાર...મારા હોશીલ
જમુના કાંઠે ધેનું ચરાવે, મધુરસી મોરલી વાય
મોરલીના નાદ સુણીને ગોપી દોડી જાય... મારા હોશીલા
ગોવાળીયાની મંડળી લઇને જમુના કાંઠે જાય
કાલીન્દ્રીમાં કુદી પડયાને નાથ્યો કાળીનાગ... મારા હોશીલા
ઈંદ્ર જ્યારે કાપ્યો ત્યારે, વરસ્યો બારે મેઘ
ટચલી આંગળીએ ગોવર્ધન, તોળ્યો, તાર્યા દીવસ સાત...મારા
વૃન્દા વનની કુંજ ગલીમાં, માંડયો નૌતમ રાસ
ગોપી જનને રાસ રમાડી, નાચે નટવર લાલ
મારા હોશીલા હો કાન , ગોકુળમાં જઇને ગાય ચારી રે

## * ફુલ્યા આવે રે વનમાંથી વનમાળી *

ફુલ્યા આવે રે વનમાંથી વનમાળી
ફુલ નારે તકીયા ને ફુલની રે ગાદી
ફુલના બિછાના બિછાતે નંદલાલા... ફુલ્યા આવે રે
ફુલની પીછોડીને ફુલનો રૂમાલ
ફુલના મશુરીયા તો શોહે ગોરે ગાલ...ફુલ્યા આવે ર

ફુલની રે પોંચીને ફુલની છળી
ફુલનો તોરો રહ્યો લકટંતો લળી... ફુલ્યા આવે રે
ફુલનો રે વિજણો ને ફૂલનો રે હાર
ફૂલનો દડુલો ઉછાળો નંદલાલ... ફુલ્યા આવે રે
ફુલની રે ઝારીને ફુલની રે બારી
ફૂલી રહી જેમ ફુલની વાડી... ફૂલ્યા આવે રે
જુવો નૈરસઇઆના સ્વામી કેરો રંગ
ફૂલી રહી ગોપી અંગો અંગ.... ફુલ્યા આવે રે

## * સંત કબીરની વાણી *

રાગ : માડી તારા અનહદ દે ઉપકાર

સંત કબીરની વાણી સુણજો, જીવન ધન્ય બનાવો,
માયા મમતાના ચકકરથી છોડો, કાપો તજો સંતાપ.
સોનલ વર્ણો સુરજ સરીખો, સંત કબીર ઉપદેશ રે (૨)
રાજા રાવણને ઉપદેશ દિધો, તજી દે તું અભિમાન
માનવ મોંઘો દેહ મળ્યો છે, છોડી દે તું ગુમાન,
માયા મમતા સાથે ન આવેશે, આવશે તારા કરમ જે કીધા (૨)
તેજોમય છે સ્વરૂપ તમારું, દેવી પુરુષ કહેવાયા
સદગુરુ છો પ્રભુ આપ અમારા, કરુણામય કહેવાયા
જયોતિમય પ્રભૂ દીપ જલાવ્યો, ખોલ્યા ધરમના તાળા રે દીધો
મુનિ દુર્વાસાનો ક્રોધ જીત્યો, સદબોધ દીધો પ્રભુજી.

*—*

## ❀ કોઇનું ઋણ ન રાખે રામ ❀

કોઈનું ઋણ ન રાખે રામ વ્હાલીડો વ્યાજ સાથે વાળે દામ
પાંળીએ પાટો બાંધ્યો પ્રભુને વધેરી મોંઘેરા ચીર
કૌરવ સભામાં વસ્ત્રો વીખાયે, વડીલોએ ખેચ્યુ હીર...વ્હાલીડો

આર્ત સ્વરે પાંચાળી પોકારે આવોને શામળા આજ
હરિવર હાંસસી થાસે જગતમાં, જાશે જો મારી લાજ...વ્હાલીડો

નિંદરમાંથી જાગ્યા જદુપતી દ્રોપદીને દેવા ચીર
તારને બદલે પટકુળ પુર્યાં. પાંચાળીનો વીર.... વ્હાલીડો

મુઠી તાંદુલ લઇ સ્નેહી સુદામાને, સ્વર્ગના આપ્યા સુખ
દરિદ્રતાના દુખડા ટાળ્યા ભવની ભાંગી ભુખ....વ્હાલીડો

નરસીંહ મહેતાની હુંડી સ્વીકારી, મીરાંના પીધા ઝેર
શામળશાનું સત સાચવ્યું, મોહનની એ મહેર...વ્હાલીડો

કાચા સુતરના તાણે તણાતો, શામળીયો ભગવાન
ખરેખરી ખેવનાથી ખેંડતાં, ડુબે ન જીવન નાવ ....વ્હાલીડો

## * નાથ તમે નિર્ધનીયા નું છો નાણું ÷

નાથ તમે નિર્ધનીયાનું છો નાણું
એવી અખુટ હીરાની ખાણું...નાથ તમે

કુંવરબાઇને આવી અઘરણી, નરસૈયા પાસે નો તુ નાણું
મામેરૂ લઇને પ્રભુજી પધાયાં ત્રીકમે સાચવ્યું ટાણુ...નાથ

માનવીનો જયારે મેળો ભરાણો, કબરનું નો તુ ઠેકાણું
પોઠીયો લઇને પ્રભુજી પધાર્યા, જગમાં એવું કેવાણું...નાથ

મુકતા ફળ બહું મોઘા મળે છે, સસ્તું મળે છે દાણું
મીરા માથે માવે મહેર કીધી, અંતે ઝેર ખવાણું....નાથ
ઘટઘટમાં મારો ગોવિંદ બીરાજે, ઠાલુ નથી રે ઠેકાણુ
હરિગુણ વચન કહે છે રે લાખો, આખી ઉમરમાં જણાવું
નાથ તમે નિર્ધનીયાનું નાણું

## ✲ ભાવી પ્રબળ બળવાન ✲

ભાવી પ્રબળ બળવાન સમયને ઓળખી આપો માન.
માંડ્યું તે કોણ મીથ્યા કરે છે વિધાતાનું ફરમાન
મુરખ મન છોડી દે અભિમાન
બલી રાજાએ યજ્ઞ કર્યો લેવાને ઇન્દ્રાસન
સ્વર્ગને બદલે પાતાળ દીધું વામન થઇ ભગવાન... મુરખ
રામને બદલે પાપજ પ્રજળે નામે તરીયા પાષાણ
ગાદીને બદલે વનવાસ વેઠયો લક્ષ્મણ સીતારામ...મુરખ
પારથ જેવો મહાન બળીયો, અનેકનાં લીધા પ્રાણ
તેના સંગમાં અબળા લુંટાણી ધનુષ્ય આવ્યા નહિ કામ...મુરખ
ભાવી પાસે કામ ન આવે દેવ ગણી બળવાન
લવજી કહે હું અલ્પમતીને સન્મતી દો ભગવાન....મુંરખ

## ÷ ભજી લેને ગોવર્ધન ગીરધારી ÷

ભજી લેને ગોવર્ધન ગીરધારી,
નોંધારાનો આધાર એ જગમાં, મૂર્તિ સદા મનહારી... ભજી

દેવને દુર્લભ દેહ મળ્યો છે. જીંદગી પાપમાં ગાળી
સ્વપ્ના સમા સંસારે ઓ મુરખ ભરમાયો શું ભાળી.... ભજી

માતાપિતા સુત બંધવ બેની, નારી મળી છે રૂપાળી
તેડુ થયે કોઇ કામન આવે, રડશે સૌ સ્વાર્થ સંભારી...ભજી

રંકને રાજા મુકીને માયા સુતા સહુ આગ પથારી
ચેતઓ મુરખ પ્રભુજીને ભજો તો, ડુબતાને લેશે ઉગારી...ભજી

તન ધન ધામ સૌ સાથીડા તારા, જયાં સુધી આંખ ઉઘાડી
આતમ દીપ બુજાતા મૂકી સૌ સૌને જાવું હાથ ખાલી...ભજી

કામ ક્રોધ લોભ મોહ મદની, કાઇ છે આંખ અંધારી
જન્મી જગે જગનાથ ન જાણ્યા, ઉગારવાની નહિ બારી...ભજી

પાપ કરી કરી બહુરે કમાયો, કંઈકના કાળજા બાળી
લીધા તેનાં તે દીધા નહિને દેવા વેળા લે નાદારી... ભજી

ભુલ્યા ત્યાં થી ફરી ગણીને લેવી જીવનબાજી સુધારી
પૂણ્યનું ભાથું બાંધી આ જગથી જવાની કરતું તૈયારી...ભજી

ભકિત દે તારી પાપ પ્રજાળી. જન્મ મરણ દેતી ટાળી
આથી વધુ દેવ કાંઇ નવ માગુ ભવપાર કરજે મોરારી... ભજી

## * આદ = પરમ પુરૂષ પરમાત્મા *

બીજો રાગ : હે પ્રભુ હે પ્રભુ શું કહું

પરમ પુરુષ પરમાત્મા, આત્મા કેરો તાત
વાસુદેવ હરિ પરિબ્રહ્મ, બ્રહ્મ મહેશ્વરનાથ
આપણા છે, રે તો અવિગત, વિગત કીધા અવતાર
બ્રહ્માદિક શુર માનવ, દાનવ નવ લહે પાર
શુક શનકાદિક સેવીને, દેવ અનુપમ એક
રૂપ ઘણા છે જેહ તણા, તેહ તણા નામ અનેક
ચરાચર જેણે ભુલાવ્યું ભૂલાવ્યો વિવેક વિચાર
પ્રકૃતિ તણે ગુણ વાહીયો, મોહયો ભમે રે સંસાર
સ્થાવર જંગમ સ્થાપીને, આપ્યુ કાળને હાથ
ગર્ભ સાંકુષ્ટ દુઃખ દુક્રિત, સુક્રિત કીધા સાર
જન્મ મરણ વશ આત્મા, આત્મા જ્ઞાન અજાણ
સાર વચન જેણે આપીને, સ્થાપ્યું વેદ પુરાણ
એક અધ્યાત્મા વાહીયો, વણસે સમ્રીક પુર ધ્યાન
શયલ નવનેશ્વર છોડીને, માંડયું નિશ્ચત ધ્યાન
મારા રે સ્વામી તમો છો રે અવર નથી, નથી રે કોઇ સૈયર સંસાર
નેપત પડી કરો કારમી વારોની ગર્ભ અવતાર

## * આદ=સુરમુનીઅંતરીક્ષ *

સુરમુની અંતરિક્ષ, સર્વથી ગોકુળ રે હરીતે અતી રે અકલ
વાલો અતિ રે અકલ, હરિ હરિ રમે રે ગોવિંદ આનંદ ભર્યા રે
આપણા પે રમતો પીંડારા રમાડે રે
હરિ તે રમેને રમાડે, વાલો જમેને જમાડે
હરિના ગગન બ્રહ્માદીક વિચાર કરે રે
અકળ રમત માંડી, ગોકુળ માહે રમત, બ્રહ્માદીક ચાહે
હરી હરી આપણ પે અડને આભડે રે
બ્રહમા વસ હરંતો મેલ્યો, વડેરા પીંડારા રે
હરિ તે સરજનહાર, વાલો સરજનહાર
હરિ લીલા કોટ બ્રહમાંડ ઘડે રે

## *રંગ લાગ્યો રે રંગ લાગ્યો રે *

રંગ લાગ્યો રે રંગ લાગ્યો રે, લાગ્યો પરીબ્રહમા ધ્યાન
કર્મ મારગ જોઇ મુકયે
ત્યાં નથી ઓરે ત્યાં નથી ઓરે, લહીયો કંઇ ન સાર
પાર નહી છે રે ભવતણી
મન રાચુ રે મન રાચુ રે, આગે અનેકવાર
પુત્ર કલિત્ર ધન જોબને
તે વણ સંતુ રે તે વણ સંતુ રે, સુખ સૌને આપ
એમ જોઇને રંગ ઉતરે

## * અઢીયા *

મોહન જોઉં રે તમારા મુરીયા
તમારા મુરીયે શમા ઘણેરો, તો કંકુંમા કેસર ઘોરીયા... રંગમોહન
પીત્તળ લોટા જળે ભરી મેલ્યા તો, આવળ દાતણ પુરીયો..મોહન
ખીર ખાંડ ઘી તરતના તાવ્યા તો, પીરસણુ પાપડ પુરીયો...મોહન
સુરદાસ કહે પ્રભુ તમારે મીલન કો તો, પાવન કીધા ખોરીયા મોહન

o-o

અહિં આવો તો લાજ તુમારીયા
ચીરજ લઇ કદમ ચઢી બેઠા તો અમો જલમે ઉભા રહ્યા...અહિ
ધુપ પડેને અમો ચીર આપો તો, માતપિતા દેશે ગાલીય
એક એક આવીને ચીર પેરો સખીઓ તો
બીજ'વતી આલો તો તાળીઓ...અહિં
ચાંદાજી દેખેને સુરજ દેખે તો, દેખે તમારી આંખીયો...અહિં
સૂરદાસ કહે પ્રભુ તમારે મિલન કો તો
તમે જીત્યા અમે હાર્યા...અંહિ

o—o

કયાં ગયો રે પંખીડો બોલતો
તેજીરે ઘોડાને વાઘ વછેરા તો, એસા એસા કપડા પેરંતો...કયાં
મુછજ મરડેને પાઘ સમારે તો, દર્પણમેં મુખ દેખંતો...કયાં
સુરદાસ કહે પ્રભુ તમારે મિલનકો,
રામની વાડીમાં ખેલંતો...કયાં

o—o

ામ છે કામ છે કામ છે નહિ આવું રે, વાલા મારે કામ છે.
માગલી પરાસાળે મારા સસરાજી સુતા
ાછલી પરસાળે સુંદર શ્યામ છે... નહિ
ાસુડી શુરીને નણંદી હઠલી
ંચરિયો હેવાન છે... નહિ
મા તીરે ગંગાને, પેલી તીરે જમુના
વચમાં ગોકુળીયું ગામ છે.... નહિ
ાનાની માળા મારે શુ કરવી છે
ળશીની માળા મારે ધ્યાન છે... નહિ
રદાસ કહે પ્રભુ તમારે મિલન કો
હુ સંતોને રામ રામ છે... નહિ

ેાધવ દોષ હમારા કર્મનો
ાટલું જ ચાલો તો મિલી ચાલો તો
કાગળ ના લખ્યો મર્મનો... ઓધવ
ાક સખી કહેલો મત રાધાનો
રોગ થયે ચિત્ર ભ્રમનો.... ઓધવ
રદાસ કહે પ્રભુ તમારે મિલનકો
એ બાળક કલપંતા... ઓધવ

## ÷ અઢીયા ÷

નર કાહેકું માયા જોડીયા, નર કાહેકું માયા જોડીયા
હાથી રે ઘોડારે માલ ખજાના
તો એ માયા થોડીયા (હરી) નરકાહે કું માયા જોડીયા
સજજન કુટુંબ સહું મીલ કરી બેઠાતો
લેશે કંદોરા છોડીયા.... નરકાહેકું
ખોખરી આંઢીને મંહી ભર્યા લારાતો
બાંધણુ દાંભકી દોરીયે...નરકાહેકું
ચાર સખા મળી લઇ કરી ચાલ્યા તો
બેસણુ વાંસકી ઘોડીયો....નરકાહેકું
સુરદાસ કહે પ્રભુ તમારે મીલનકો તો
કુંક દેશે જૈસી હોળીયો....નરકાકું

## * અઢીય *

ઓધવજી ગયુ રે જોબનીયું વહીને...ઓધવજી ગયુ રે
વ.ની દીવાની કોઇનું કહ્યું ન માને તો
આભ ગયુ લુટાઇને...... ઓધલજી ગયુ રે
માથે આવ્યા પરીયા ડાચા બેઉ મલીયા તો
શરીર ગયું છે સુકાઇ ને...ઓધવજી ગયું રે
નથી રે હાલતું ને નથી રે ચલાતું...ઉઠે છે લાકડી સાઇને
ઓધવજી ગયું રે
સુરદાસ કહે, પ્રભુ તમારે મીલનકો તો, ઘડપણુ આવ્યું ધાઇ ને
ઓધવજી ગયું રે જોબનીયું વહીને

## પ્રભાત્યાં : દશરથ વાણી બોલ્યા, સુણો શ્રોતા રે જન

દશરથ વાણી બોલ્યા, સુણો શ્રોતારે જન
રામને ગાદીએ બેસાડવા. ખુશી છે સહુ જન

સભા માંહેથી બોલીયા, રામ રાજા રે થાશે
હર્ષ થયો અવધપુરમાં, રામ ગાદીએ બેશે

શુભ દિવસ શુભ ચોઘડીયા, ચાલો ગુરૂ મહરાજ
ગુરૂએ પોથીમાં જોયું, શુભ કાલનો દીન

સામગરી તૈયાર કરો, રામ અભિષેક થાશે.
વાત ચાલી સહું દેશમાં, હરખ્યા મોટેરા રાય

સભા ભરી સહુ દેવની, મનમાં કરે વિચાર
રામ જો વનમાં નહી જશે, કારજ શી રીતે થાશે.
કળીને ત્યાં બોલાવીયો, અવધપુમાં જોવા
શીશ નમાવી કળી ચાલ્યો, આવ્યો અવધપુર જહાં
સત્ય નગર સત્ય લોક છે, કળીની નહિ પોંહચી હામ
ભાલણના પ્રભુ રઘુનાથના. બાગમાં કીધો મુકામ,

o—o

### * પ્રભાતે દાસી ઉઠીયા *

પ્રભાતે દાસી ઉઠીયા ફુલ વીણવાને કાજે.
નાઇ ધોઇ દાસી ચાલીયા, આવ્યા બાગની માંહે...પ્રભાતે
ખોળોવાળી ફુલ વીણીયા, કળી થયો હોશીયાર
રૂદન કરતાં દાસી ચાલ્યા, આવ્યા રંગ ભુવન ...પ્રભાતે

છાતી સાથે રાણીએ ચાંપીયા, કળીયે કીધો પ્રવેશ
છુટા કેશે રાણી ચાલીયા, આવ્યા રાયની પાસ...પ્રભાતે
માંગુ માંગુ સ્વામી આપજો, આપો હવે બે વચન,
માગો માગો સતી સુંદરી, દેહ કરું અર્પણ......પ્રભાતે
ભરત મારો રાજ કરશે, રામને આપો વન
કોમળ અંગ છે રામનું, કેમ કાઢું હું વન......પ્રભાતે
વેણ વાગ્યા હૃદયા વિષે, પ્રાણ ઉચેરા ચઢયા
વાર જોઇ ગુરુ આવ્યા, કેમ લાગી છે વાર......પ્રભાતે
ક્રોધ કરી ગુરૂ આવીઆ, કેમ બંધન નીશાન
રૂદન કરતા કૌશલ્યા બોલીયા, રામને આપ્યા રે વન...પ્રભાતે
મુખ ઉતારી ગુરૂ ચાલીયા, આવ્યા રામ ભૂવન
વચન માતાનુ પાળવા, રામ પધારે વન......પ્રભાતે
મુખે હસી રામ બોલીયા, ઘણો મન આનંદ
ભાલણ પ્રભુ રઘુનાથજી, વસ્ત્ર ઉતાર્યા અંગ....પ્રભાતે

o—o

## પંચવટીમાં જઇ રહ્યા...

પંચવટીમાં જઇ રહ્યા, ગયા ગંગાને તીર
કંદમુળ ફળ લાવ્યા, લાવ્યા લક્ષ્મણ વીર......પંચવટી
તાત વચને સંચર્યા, વસીયા વનવાસ
કર્મ વડે આ દેહ છે, કેમ કાઢો શ્વાસ......પંચવટી
એક ઘડીના દીવસ થયા, દીવસ થયા રે વર્ષ
ચૌદ વરસ કેમ કાઢશું શેની આવ્યા રે મરણ...પંચવટી

વનકુળ પહેરણ ઓઢણી, સૈય્યા રે ભોમ
લક્ષમણ દોષના દીજીએ, આપણા કર્મનો વાંક....પંચવટી
કપટ કરીને હરી ગયો લંકા પતિ રે રાય
રામ લક્ષમણ બેઉ શોધતા, ગયા સુગ્રીવ પાસ...પંચવટી
સુગ્રીવ મન ઘણું હરખીયા, ધન આજનો દીન
ભાલણના પ્રભુ રઘુનાથજી, મલ્યા જગજીવન...પંચવટી

*—*

## * વનચર વીરા વધામણી *

વનચર વીરા વધામણી, કોણ દેશ આવ્યા.
આ રે મુદ્રિકા મારા રામની કહો કયાં થકી લાવ્યા...વનચર
આ રે મુદ્રિકા શ્રી રામની, કોઈને જોવાને જડતી
તે તારે હાથે આવી ચડી, મુને કળ નથી વળતી...વનચર
બોલ જ બોલને બંધવા, સાચી સંભળાવ વાત
જવાળા બોલવજો જાનકી, કુશળ છે રઘુનાથ...વનચર
કોપ કરી મારા કંથ, કેમ હાથે ના મારી
કપુર લઇ ચાલ્યું કાગને, મારે વાલે વિસારી...વનચર
નાથ નમેરા કેમ થયા. હૈયા કઠણ જ કીધા
સતીને મેલી સાધુ થયા મુની વ્રત જ લીધા...વનચર
જોગ લીધો રે બેઉં બંધવા બેઠા આસન વાળી
શ્રીપાત થયા સહુ દેખતા, પીધા ઉપવિત બાળી...વનચર
આજ કાલ રામજી આવશે, ત્યારે અબળા ઉગરશે.
નાથ વિજોગે ટળવળી, નારી નીશ્ચે રે મરશે ..વનચર
પંથ નિહાળતા નૈત્ર ગયા કર્મનો પાર આવે,
રણછોડના સ્વામીને જઇ કહેજો, સતી સંદેશો કહાવે
વનચર વીરા વધામણી

o——o

## × હસીને બોલ્યા હનુમાનજી ×

સીને બોલ્યા હનુમાનજી, માતા આજ્ઞા રે આપો
કો તો રાવણને રોળાવું, કહો તો લંકા પ્રજાળુ ....હસીને
કો તો રાક્ષસના કુળને, ખરી ખાતથી ખાવું
કો તો ખાંધે બેસાડીને, પેલે પાર લઇ જાવું ...હસીને
પત પડે નવ બીજીએ, રામજી છે રે રૂડાં
થી સતી પતી સાધુ થયા, નથી દીલના રે કુડા....હસીને
મ લક્ષ્મણ આરોગ્ય છે, સમાચાર છે સારા
રી માતાનું દુઃખ જોઇને, આવે આંસુની ધારા....હસીને
સીને બોલ્યા હનુમાનજી, માતા આજ્ઞા રે આપો
મે કહયુ માનો મારા માતાજી, કશી ચિંતા ના કરીએ...હસીને
ચે મને સીતા દેવી, ધ્યાન ઘણીનું ધરીએ
રમતિ એ કરમ કર્યું, મોટુ વેર જ વાંચ્યુ...હસીને
પી તણા પ્રાણ લઇ ફરી આપણે ઘેરે રે જાશુ
ા આવે રૂડા રામજી, ટાળવા દુઃખ તમારું....હસીને
ાધ લેવા મને મોકલ્યો કહ્યું માનજો મારૂ
ા આવે રઘુનાથ, જાણે જોગ માયા...હસીને
જા રાવણ મારશે, ગુણ રણછોડ ગયા...હસીને

## * કહ્યું માનો મારા કંથજી *

હ્યું માનો મારા કંથજી, રામજી આવે
થ્થર તાર્યા પાણીમાં, પાજ બંધાવો... કહ્યું

નારી આપો જઇ નૃપને, કરો પ્રભુને પ્રણામ
દયા રે કરશે દયાળજી, સરશે આપણું કામ.......કહ્યું
માનો જી કહે રે મંદોદરી, સુણીએ મારા રે સ્વામી
એને લેજો તમે ઓળખી, એ છે અંતરયામી... કહ્યું
આ જુઓ રજ ઉડે ઘણા... મહેલ થઇ ગયા મેલા
સીતાને લઇ જઇ મળો સ્વામી કયાં થયા ઘેલાં....કહ્યું
આજ સ્વપ્નામાં રે આવ્યુ લાઈ લંકામાં લાગી
રામ બાણે દશ શીશ હણ્યા એટલે હું તો જાગી....કહ્યું
પેટ ચીરીને પીડા કરી માન મણીધરનુ લીધું
આભ સાથે જઇને આથડયા વેર મોટા શું કીધા...કહ્યું
સ્વામીજી એ શું કર્યું તમે જુઓ મહાયુધ્ધ થાશે
પ્રાણ તમારો રે લઇ કરી સીતારામ ઘેર જાશે...કહ્યું
માટે મરણ આવ્યુ ઢુકડુ ઉગારવાની નહી આશા
જઇને નમો તો જીવશો કહે છે રણછોડદાસ... કહ્યુ

÷ રાવણ કહે રે મંદોદરી ÷

રાવણ કહે રે મંદોદરી હારશો નહી હૈયે
લંકા રે ગઢ કેમ લેવાશે, દશરથ ના રે છૈયે...રાવણ
સૈન્ય જુઓ રે શોભતું, માંહે વાંદર વરૂ
રાજા રાવણને જીતશે, એ તો શા બળ સારૂ...રાવણ

થાળી વગાડે હું નહી બીઉં, રહયા ત્રંબાળુ ગાજી
અમ આગળે એનો શો આશરો, જક મા કરો ઝાઝી...રાવણ

અજાણ્યો મારો એ નથી, માનીતી મતી પાઇ
જોર કરીને આવ્યો, જો જનકનો જમાઇ...રાવણ

ત્રણ ભુવનમાં તારૂણી નરપતી રે એવા
રાજા રાવણ શુ આથડે, યુધ્ધના લા'વા લેવા....રાવણ

નવે ગ્રહો મેં તો વશ કર્યા, લોપી મુનીવર માઝા
ઇંદ્ર રહયો મારી આજ્ઞામાં તેત્રીશ કોડનો રાજા...રાવણ

માનુની મારૂ મરણ હશે હરી હાથથી હણશે
લંકા લઇ વૈકુંઠ આપશે, તેમાં શું લાભ ગણાશે...રાવણ

નારી નહીં આપું રે નૃપને, બીરુદ મારું જાય
થનાર હશે તે થઇ રહેશે, ગુણ રણછોડે ગાયા...રાવણ

## * કોઈ શોધ લાવો મારા નાથની *

કોઈ શોધ લાવો મારા નાથની, તેને આપુ નવનીત
મોતીડે વધાવું તેહને, કોટી કષ્ટ જ કાપું...કોઇ શોધ

સખીરે કોઇ સમજાવીને, ઘેર તેડી રે લાવો
કઠણ હૈયાના કાનજી, સંદેશો ના કહાવે... કોઇ શોધ

કોઇ ગુણવંતી ગોરડી, પ્રીતમજીને રે પૂછે.
ના માટે રીસાઇ ગયા, તેનું કારણ શું છે... કોઇ શોધ
ુજને મુકીને જોગી થયા, કે કોઇએ ભરમાવ્યા.
ોને ભરોસે મૂકી ગયા હજીયે ઘેરના આવ્યા... કોઈ શોધ
ંઇ સમજાણ પડતી નથી, રહું નીત્ય ઉદાસી
ાસમું લાગે રે મુને વિઠ્ઠલા, મથુરાના રે વાસી... કોઇ શાધ
મનેક અપરાધ ક્ષમા કીજીએ, કહું શીશ નામી... કોઇ શોધ

## * મેલીના જાશો રે મારા માવજી *

ેલીના જાશો રે મારા માવજી, હમને લેજો સંગાથે
રણે હમારે ચાલવું; વળ્યા તમારે હાથે... મેલીના
ોરણ બંધાવુ વીરા બારણે, જોવા મલીયા રે લોક
વે તે દહાડો ફેરવ્યો, હૈયે ધરીએ ના શોક
ટરે કૈકયી પાપણી, આ શું બોલી વચન
ારી જીભે ગાંઠ શેની વળી, આ શું બોલી વચન
ામ હમારા તનને તત્વ ચાલ્યા રે વન.
ાજગરી જેને શોભતી, તેને આપ્યા રે વન
ામને જઇ પાછા વાળો, વીરા વન ના જઇએ
લક્ષ્મણ જઇ વાળો રામને વૃધ્ધ તમારા તાત
નેહની બાંધી રે સુખડી, મારા પ્રાણ આધાર
ાલણના પ્રભુ રઘુનાથજી, વનમાં રે જઇ રહ્યા

### * સીતા વિજોગે શ્રી રામજી... *

સીતા વિજોગે શ્રી રામજી, લક્ષ્મણ ને રે પુછે
હજી હનુમાન ના આવ્યા, તેનું કારણ શું છે.... સીતા

અવધ કરી અહીં ગયો હું હમણા રે આવું
સ્વર્ગ મૃત્યુ પાતાળની, ખબર પહોરમાં લાવું.... સીતા

જો જાનકી જડશે નહી, ત્યારે શું થાશે
લૌકિક લાછન લાગશે, વિશ્વ માહે રે તાત... સીતા

જનક સુતા છે જાનકી, રહે સતને સંભાળી
અવર પુરૂષ સામુ નવ જુએ, મુખે વિશ્વ પુજાળી.... સીતા

ચીત્ત ચળે મેરું ડગે, અગ્નિ શીતળ થાય
શેષ ધરાને નવ ધરે, ભૂમિ રસાતાળે જાય... સીતા

એક સમે બેઉ બંધવા, બેઠા આસન વાળી
એટલે હનુમાનજી આવીયા, બોલ્યા મહા રે ધીર...સીતા

કુશળ છે ત્યાં જાનકી, માનો ની મોરારી
રાવણને કયારે રોળશો, વાટ જુએ તમારી... સીતા

રામ અર્થે રે આવીયા, સૈન્ય તત્પર કીધુ
પાજ બાંધીને ઉતર્યા, જઈને દુંદુંભી દીધી... સીતા

દૈત્ય પતી સામે આવો, યુધ્ધ કરીશું રે ભારી
રામ સીતા ઘેર આવીયા, રાવણને રે મારી... સીતા

રામાયણ રે વિંનંતી, મુખે વિનવી જાણી
ભવસાગર નો ફેરો ટળ્યો, ગુણ ભાલણે ગાયા... સીતા

## * રઘુનાથજી રાજે બેસવા *

રઘુનાથજી રાજે બેસવા, અયોધ્યામાં આવે
વધામણી સામા મોકલી બેઠા બળવંત કહાવે... રઘુનાથ

ભરત શત્રુઘ્ન બોલીયા, ચાલો સામા રે જઇએ
જઇ બાંધવને ભેટીએ આપણે સુખી રે થઇએ....રઘુનાથ

પહેલા મળ્યા શ્રી રામને પુછે લક્ષ્મણ વીર
પછી મળ્યા માતા જાનકી સુખ પામ્યા શરીર...રઘુનાથ

વળતા બોલ્યા શ્રી રામજી, વીરા કહો સાચી વાત
અયોધ્યા વાસી કુશળ છે કુશળ કોશલ્યા માત...રઘુનાથ

ભરત કહે સુણો રામજી સહુ કુશળ કલ્યાણ
ચૌદશ વર્ષે પધાર્યા સહુના પ્રાણ જીવન... રઘુનાથ

ગાજતે વાજતે પુરમાં, રામ સીતા પધાર્યા
પુર વાસી સહુ પાયે નમ્યા, અતી વ્હાલે વધાવ્યા...રઘુનાથ

નીજ મંદિરે આવીયા, પુષ્પ મોતીએ વધાવ્યા
પ્રમાણ કરવા પ્રીતથી, માતા પાસે રે આવીયા...રઘુનાથજી

ત્રણે માતાને પાયે નમ્યા, રામ લક્ષ્મણ સીતા
વિધવા જોઇ ત્યાં માતને, સાભર્યા નીજ પિતા...રઘુનાથ

વીજોગ પડયા જો ચૌદ વર્ષ તો, સૌને આનંદ થાય
રાજયાસન પર બેસવા શુભ મુહુર્ત જોઈ...રઘુનાથ

મુરત નીશ્ચે કર્યું તે સમે સ્થંભ મોતીના રોપાઇ
તરીયા તોરણ બાંધીયા. રૂડો મંડપ રચાઇ...રઘૂનાથ

શોભા સ્વર્ગ થકી ઘણી જુએ નરને નારી
વાજીંત્ર ભાત ભાતના વાગે બહુ સુખકારી...ર ઘુનાથ

વેદ ધુન મુનીઓ ભણે, શાસ્ત્ર વીધી પ્રમાણે
વસ્ત્ર ભુષણ સજી રામજી, આવ્યા તે ટાણે... રઘુનાથ
શુભ ચોઘડીયું જોઇ કરી ગાદીએ બેસાડયા.
ગુરુ વસિષ્ઠ કહે તે સમે, રામ જુગ જુગ જીવો...રઘુનાથ
મુની સર્વે કહે તે સમે રામ જુગ જૂગ જીવો
પ્રજા પાળો પ્રીતથી છો રઘુકુળમાં દીવો...રઘુનાથ
મંગલ ગાઇ માનુની મોતી પુષ્પે વધાવે
જાચક ત્યાં બહુ મળી આશીર્વાદ દેવા આવે...રઘુનાથ
જેને જેવી આગતા તેને દક્ષિણા દીધી
વસ્ત્ર ભુષણ આપીયા તે શોભા જોવા જેવી...રઘૂનાથ
જય જય શબ્દ કહે સહુ, આનંદ ઉર ન માય
મુની સર્વે કહે નીજ માતને, પ્રભુ નમ્યા રે પાય...રઘૂનાથ
ઘરદ્વાર ઓચ્છવ થઇ રહ્યા, એવા ઉત્તમ નામી
ભાવે ભજો સહુ રામને; રણછોડના સ્વામી......રઘુનાથ
રાજે બેસવા રઘુનાથજી, અયોધ્યામાં આવે

## ÷ સાદ કરે જશોદા માવડી ÷

સાદ કરે જશોદા માવડી, સુતા જાગો દયાળ
શેના જાગો મારા નાથજી તમને આવડી શી આગળ
શબ્દ કોકીલા કરી રહ્યા થયો પ્રાતઃ કાળ
મહીડા ગૈયારી ઘુમી રહી છોરૂ કરે કલ્લોલ
જશોદા જગાવે માવને ,સુતા જાગ્યા રે તાત
સુરો ઉગ્યો ને પંખી સ્વર કરે ફાટયો પ્રભાત પહોર
આળસ મરડીને કાન ઉઠીયા આવ્યા રંગત મોલ
દાંતણ આલો જશોદા માવડી, મારે થાય છે વાર
સોના ઝારી જમુના જળભરી, આવળ દાતણ સાર
દાંતણ આલુ દીનાનાથને મુખ લુછવા રૂમાલ
દાંતણ કરી કૃષ્ણ ઉઠીયા, દુધ આલો જશોદા માત
કરમાં દોણીને ખભે દામણી જશોદા દોહવા જાય
વાછરડાં વાળો ગોવાળીયા જશોદા દુવે છે ગાય
સોના વાડકાં દુધે ભર્યા, માંહે સાકર સાર
દુધડાં પાઉ દીનાનાથને હૈયા ટાઢા રે થાય
રોટલી આલુ હરીના હાથમાં માંહે સાકર સાર
સોના રૂપા કેરી કાંસકી ચોવા ચંદન સાર
ચોટલી ગુંથું દીનાનાથની ચોટલી મોટેરી થાય
અથાણા મંગાવું વિધ વિધના, ભોજન કરોને ભગવાન
તરતના ઘી તાવ્યા તૈયાર છે દહીં દુધ માખણ સાર
કપુરે ઉતારી હરીની આરતી, આરતી ઉતારે વ્રજનાર
ભોજન કરવા કૃષ્ણ ઉઠીયા આચમન આલો મોરી માંય

સોના ઝારી જમુના જળભરી આચમન લ્યોને દયાળ
લવીંગ સોપારીને એલચી મુખવાસ આલો નંદજી તાત
માલણ આવી મધુવનથી લાવી ચોસેરા હાર
ફુલ ભરાવું હરીને અંબોડે, મોહી ગોકુળની વ્રજનાર
ચરણે મેલુ તારો ચાબખો મોજા પહેરો મહારાજ
હાથમાં આપું લાલ લાકડી ગાયો ગાયો છોડો દીનાનાથ
જશોદાએ મહિડા વલોવીયા આછી અંધારી રાત
બળીભદ્ર વાછરડાં બાંધશે ગાયો છોડો મહારાજ
ગાયો ચારવા હું તો નહિં જાઉં, ઓ રે જશોદા માત
જમુના જળ બિહામણા સાથે મોકલાવે નંદજી તાત
કદમ ચઢીને ઝંપલાવ્યા, પેઠા સાત પાતાળ
કૃષ્ણે કાળીનાગ નાથીઓ ત્યારે કોણ હતું પાસ
ગાયો ચારવા હું તે નહિ જાઉં ઓરે જશોદા માત
કાલીન્દીના જળ છે બીહામણા મોકલો બળીભદ્ર ભ્રાત
કરથી ગોવર્ધન કર ગ્રહો. ત્યારે કોણ હતું પાસ
ટંચલી આંગળીએ રાખીઓ ત્યારે કોણ હતું પાસ
કાલીન્દ્રીમાં ઝંપલાવ્યું નાથ્યો કાળી રે નાગ
નાગ નાથી તમે સંચર્યા તમને શું કરે સાપ
ગોકુળ રાખ્યું રેલતું ત્યારે કોણ હતું પાસ
બ્રહ્મા વાછરડાં હરી ગયા ત્યારે કોણ હતું પાસ
જમુના તીરે જઇ ઉભા મુખે મોરલીની ટેલ
વનમાં વગાડે રૂડી વાંસળી ગોપી સાંભળે ઘેર

ગાયો ચારી કૃષ્ણ આવીયા ઓરે જશોદા માત
નંદજી આપો વધામણી આવ્યા હળધર ભ્રાત
ગોકુળ લીલા જે કોઇ સાંભળે ગાય નરને ના
ભવ સાગર ફેરો ટળે ગાયે માધવદાસ

o—o

## સોનાની ગેડીરે પ્રભુજીના હાથમાં રે

સોનાની ગેડી રે, પ્રભુજીના હાથમાં રે
રૂપાલા દળુલો કાનજીને હાથ... સોનાની
ડુંગરે ચઢીને, દળુલો દોડાવીયો
જઇ પડીયો જમુનાજીની માય... સોનાની
જમુનાને કાંઠે રે, કદમ કેરા ઝાડવા રે
થડ થકી રહ્યા દેવ મોરાર... સોનાની
કોરૂ ભીનો છાંયે રે, જલ ઝંપલાવીયા રે
પોહચ્યાં હરી સાતમેં પાતાળ... સોનાની
ગેડી તો મારી રે, નાગ જગાડીયો રે
તોડયા પોયણ કેરા પાન... સોનાની
પોયણ કેરા પાન રે, નાગને નાથીઓ રે
અસવાર થયો દેવ મોરાર... સોનાની
સોળશે નાગણીઓ રે, પ્રભુજીને ચરણે નમે
મેલો મેલો કાન હમારા નાગ...સોનાની
નાગ મેલો તાહેરો રે, મેલું ગોકુળ ગામમાં રે
નરસૈંયાના સ્વામી રે બાઇ મને ત્યાં મલ્યારે વાલે
મારો ઉતાર્યાં ભવપાર.... સોનાની

o——o

## * રૂડીને રસાળી રે વાલા તારી વાંસળી રે *

રૂડીને રસાળી રે, વાલા તારી વાંસળી રે
તે તો મારા મંદીરએ સંભળાય... રૂડીને
પાણીલાને કારણે રે (૨) બેની જોવા નીસર્યા રે
બેડલું મેલ્યું સરોવર પાળ....... રૂડીને
સોનાને રૂપાનું રે (૨) હરી મારું બેડલું રે
મારી ઓઢણે રતન જડીત જડાવું...... રૂડીને
ઓઢણીને ભેરવી રે (૨) આંબા કેરી ડાળખી રે
જીવ મારો આકુળ વ્યાકુળ થાય...... રૂડીને
કાનજી કોડીલો રે (૨) છેડો મારો ગ્રહી રહ્યો રે
મેલો મેલો પાતાળીયા ભગવાન...... રૂડીને
સાસુ હમારી રે (૨) હમો પર ખીજશે રે
નણંદી સાહેલી દેશે ગાળ...... રૂડીને
એકને અંધારી રે (૨) બીજી વેરણ રાતડી રે
જાણું તારે ઝાંઝરનો ઝમકાર... ... રૂડીને
રંગના ભીના રે )૨) રમવા આવજો રે
વાલે મારે અમને રમાડયા રાસ...... રૂડીને
ઘણાને દીવસે રે (૨) ગુંજરી ટોળે વળ્યા રે
હવે મારે કરવો શામળીયાનો સંગ......રૂડીને
નરસૈંઇના સ્વામી રે (૨) બાઇ મને ત્યાં મળ્યા રે
વાલે મારે ઉતાર્યા ભવપાર.......રૂડીને

## * ઉત્તર દીશાથી રે, વાદળી ઉલટી રે... *

ઉત્તર દીશાથી રે, વાદળી ઉલટી રે
આવી વરસી અમારા દેશ...ઉત્તર દીશાથી

ખાતરી એને ખેતરે રે, શામળા જળે ભર્યાં હો
ચાસી ઓરી મગ મધુરી જુવાર....... ઉત્તર

મોચમે ઓરજો રે, લવંગને એલચી રે
ફરતી કરજો વાલોરીયાની વાળ....... ઉત્તર

વાલોરીયાની વાળે રે, વીણે નાગર બામણી રે
તેને ડંસે તંબોળી કાળી નાગ....... ઉત્તર

કાળી નાગે ડંખી રે, વિષ બહુ વ્યાપીયા રે
વિષ રે ઉતારે દ્વારીકાનો નાથ....... ઉત્તર

લીમડીયા મંગાવો રે, વિષડા વાળવા રે
વિષ રે ઉતારે દ્વારીકાના નાથ......ઉત્તર

નરસૈંઇ ના સ્વામી રે, બાઇ મને ત્યાં મળ્યા રે
વાલે મારે ઉતાર્યાં ભવપાર.......ઉત્તર

## * દ્વારિકાના વાસી રે અવસરે આવજો *

દ્વારિકાના વાસીરે અવસરે આવજો,
રાણી રુક્ષમણિ કેરા કંથજો... દ્વારિકા
દુષ્ટ દુર્યોધન પાપી લાગ્યો પીડવા,
ચૌદીશ નીહાળુ તારો પંથજો... દ્વારિકા
સોડ વાળીને શું સુતો છે શામળા,
આળસ તજીને ઉઠો આજરે.... દ્વારિકા
લક્ષ્મીજી તલાશે પ્રભુ તારા પાવમેં,
વ્હાલા તમે મહેર કરો મહારાજ...દ્વારિકા
ગ્રાહ મુખમેંથી ગજને મુકાવ્યો રે,
કીધી તમે સુધન્વાની સ્હાયજો....દ્વારિકા
નૃસિંરૂપે હિરણાકંસને માર્યો,
વ્હાલે મારે ઉગાર્યો પ્રહલાદ... દ્વારિકા
છપ્પન કોટિરે યાદવ તાહેંરા,
સંગે બલિ ભદ્ર સરખા ભ્રાતજો... દ્વારિકા
કાલિનાગ નાથ્યો રે જરાસંઘ જીત્યો,
તે બલ કહાં ગયુ મહારાજ
ધ્રુવને પ્રહલાદે ગર્ભમાં તપ કીધાં રે,
તેને વ્હાલે આપ્યા અવિચલ રાજ...દ્વારિકા
સાત વર્ષમાં હરિએ ગોવર્ધન કર ધર્યો રે,
પુર્યા વ્રજવનિતાના લાડજો... દ્વારિકા
વસમી વેળાએ વ્હારે ચઢજો વિઠ્ઠલા,
ધાજો તમેં છત્રપતિ મહારાજ... દ્વારિકા
સ્વારી કરજો વ્હાલા મારા ગરુડની.
નરસૈંયો વિનવે વારંવાર... દ્વારિકા

## * સાસરીએ પધારો રે મ્હારી કુંવરી રે *

સાસરીએ પધારો રે મ્હારી કુંવરી રે, વિપ્રત વેદના વિસારૂ
પીયર તમારું રે, પૂત્રી ઢુંકડું રે, છે શ્રી ગોકુળમાં પરિવાર
હરિગુણ ગાતા રે ઘડપણ ગાળજો રે, સત સંગે કરજો વળી સુવિચાર
રૂદનના કરશો રે, રૂદીયા ફાટ રે, નથી કોઇ આંસુનો લેનાર
મારે તો નિર્ધનને રે, પેટે તું પડી રે, દીકરી કાંઇ ન તુજને સુખ
નઠારને નિત્ય રે, ન્યાત નાગર તણી રે, ઠામ ઠામ દીધા બહુ દુઃખ
એમ ન કીજે રે મારા માતાજી રે, રાખો શ્રી નાથજી શું સ્નેહ
સહાય ઘણી કીધી રે, એણે શામળે રે,
તે આજે કેમ દેશ છબીલાજી છેહ
જેણે રે મામેરું રે, પહેલા હરીએ કર્યું રે,
રાખી દુષ્ટ સભામાં વળી લાજ... સ્નેહ
હુંડી સ્વીકારી રે, હરીએ હેત શું રે,
તે હાર આપશે શ્રી મહારાજ... સ્નેહ
સાસરીએ જઇને રે, હવે હું શું કરૂં રે,
જયારે રૂઠડા સારંગ પ્રાણ... સ્નેહ
તમને રે જયારે રે, માંડળીક મારશે રે.
ત્યારે હમે તજશું હમારા પ્રાણ... સ્નેહ

0—0

## * કોઇ કહે ઓધવજી આવ્યા *

કોઈ કહે ઓધવજી આવ્યા, કોઇ કહે વાલાજી આવ્યા
વાલાની વધામણી રે...ઓધવજી

પે'લી વેલી પ્રીત કીધી, નયણામાં ન્યારી દીધી
વાતો એકે નવ કીધી રે... ઓધવજી

પ્રીત કરતા દીઠા પહેલા, મન તો થયા ઘેલા
મેં જાણ્યું મન મેલા રે... ઓધવજી

કાળી કુબજા કામણગારી વશ કીધા વનમાળી
તેની સાથે લાગી તાળી... ઓધવજી

ભીખુ ભાણે જગન કીધા, હાથીઓના દાન દીધા
વિપ્રને ગાયો આપી રે... ઓધવજી

કદમ કેરી ડાળે ચડયા, ગોપીઓના ચીર હર્યા
ગોપીઓ પ્રણામ કરે... ઓધવજી

હૈયા કેરો હાર આપું, પહેરી પટોડી આપું
કરના કંકણ આપું... ઓવધજી

ગોકુળીયામાં રાસ રમતા, એકે ભાણે ભોજન જમતા
હવે અમે નથી ગમતા રે... ઓધવજી

આગળ તેડયા પાછળ તેડયા, તેડીને તરછોડી મેલ્યા
વાલે તો વીસારી મેલ્યા રે....ઓધવજી

નરસૈંયાના સ્વામીને કેજો, અમારી ખબર લેજો
ચીત્ત તો તમારે શરણે રે... ઓધવજી

## * ઓધવજી રે ભલે આવ્યા છે આજ *

ધન્ય જશોદા ધન્ય જશોદા, વણ પ્રસવે થઇ માતા રે
કોનું સાચવ્યુ કોણ ભોગવે, લખ્યા લેખ વીધાતા
કીડી સીંચે તીતર ખાવે, તેવું થયુ આજ મારે રે
એક રત પણ હું માતા, પરઘેર પુત્ર પધારે...ધન્ય
નંદ નંદીની નાથ ઝુલાવશે, તેથી શું સુખ મારે રે
દીઠીરે ભાઇ દેવની લીલા, ગોવાળા ગીત ગાશે રે...ધન્ય
ઠમક ઠેકડે ઘમક ઘુઘરે, ગોપી ઘેર સુત રમશે રે
કાલા કાલા વચનોઃ હાલા, જશોમતી નીત્ય સાંભળશે રે. ધન્ય
બારમાસ ચોમાસુ મારે, નયન વિયોગે ગળશે રે
સુજદ્વારે બેઠા રખવાળા. રાક્ષસ સમદમ માતા રે...ધન્ય
ગોપીજન ગુણીજન ગાશે રે, તોરેણુ રાતા હાથે રે
મળવા આવશે ભાઇને ભોજાઇ, જશોદાને ધન્ય દહાડો રે...ધન્ય
મારો કંસભાઇ ધાઇને આવશે, કરમા ખડક ઉગાડે રે
ધન્ય જશોદા ધન્ય જશોદા, વણ પ્રસવે થઇ માતા રે...

o——o

## × જેને રે બાનું શામળીયાનું ×

જેને રે બાનું શામળીયાનું, તેને જમ શું કરશે રે
છાપા તીલક કંઠ તુલશીની માલા, જમ જોઇ પાછા વળશે રે
ઉઠતા બેસતા હસતા રમતા. મુખે હરિહરિ કહેતા રે
જન્મો જનમના પ્રાશીત જાશે, હરિચરણે ચીત્ત રહેશે રે...જેને

અનેક પતીત ઓધાર્યાં, આગે, ગાયાને, વળી ગાશે રે
જેને પ્રભુજીનું પુરણ સ્મરણ, તે નર દુઃખી ના હોય રે.... જેને
અન્ય દેવના જે રે ઉપાસી, નવ રહીયે તેની પાસે રે
પોતે પડે સામાને પાડે, તે સાકુષ્ટ કહેવાયે રે... જેને
જેને એકવાર વર્યા વીઠલજી, તેને બીજો વર કેમ ગમશે રે
નરસૈંયના સ્વામીની ભકિત વીના, તે તો લક્ષ ચોર્યાસી ફરશે રે

## * આજ સોનાનો સુરજ ઉગ્યો *

આજ સોનાનો સુરજ ઉગ્યો, વાલાજી ઘેર આવ્યા રે
કામ કાજ મને કાંઇ નવસુંઝે, મોહનજી મન ભાવ્યા રે
આજ મારા મનમાં આનંદ અતિ ઘણો, પાથરણાં પથરાવું રે
ચૌવા ચંદન કસ્તુરીનાં, છાંટણા છંટાવું રે.... આજ
પ્રેમ આણીને પુરુ સાથીયા, તોરણ દ્વારે બંધાવુ રે
આરતી ઉતારુ મારા કૃષ્ણ જીવણની, મોતીડે વધાવુ રે
ઘુઘરી ઘમકે ચાલે રે ઠમકે, સૌના મન હરખે રે
કંઠે હાર બાયે બાજુ બંધ લટકે ત્રીભુવન મોહે રે
હરખ ભરીને રુમઝુમ ચાલુ, દુરીજન લોકો હસે રે
નરસૈંયના સ્વામી ભલે મળ્યા, નિંદનારા હાથ ઘસે રે

## × આજ ગયા તાં સખી રામ સભામાં ×

આજ ગયા તાં સખી રામ સભામાં
પોસલીયે રસ પીધા, હરિ રસ પુરણ પાયો
પેલો પ્યાલો મારા ગુરૂજીએ પાયો
બીજે પ્યાલે થઇ છું ઘેલી... હરીરસ
ત્રીજો પ્યાલો મારા રોમ રોમ પ્રગટયા
ચોથે પ્યાલે ચકચુર... હરીરસ
રસ બસ થઇ છું સ્વામી, રસીયાની સાથે
હવેના જાવું બીજી વાટે... હરીરસ
મોટા જોગેશ્વર જેનો મર્મ ન જાણે
તે મારા મંદિરીયામાં મ્હાલે...હરીરસ
અગમ અગોચર હરિએ જાહેર જાણ્યો
બ્રહ્માં તે વેદ વખાણે... હરીરસ
પ્રેમ સોહાગણ મારા ગુરુજીએ કીધા
અખંડ હેવાતણ અમને કીધા...હરીરસ
ભલે મળ્યારે મહેતા નરસૈંયાના સ્વામી
અમને ઉતાર્યા ભવપાર... હરીરસ

## ❊ જાગને જાદવા ❊

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા,
તુજ વીના ઘેનમાં કોણ જાશે... જાગને
ત્રણસેને સાઠ ગોવાળ ટોળે મળ્યા
વડો તે ગોવાળીયો કોણ થાશે...જાગને

દહીં તણાં દહીંથરા, ઘી તણાં ઘેબરા
કઢીયેલ દુધ તે કોણ પીશે... જાગને
હરી તારો હાથીયો કાળી નાગ નાથીયો
ભુમીનો ભાર તે કોણ લેશે.... જાગને
જમુનાને તીર ગૌધેન ચરવતા
મધુરીશી મોરલી કોણવાશે... જાગને
ભણે નરસૈંયો તારા ગુણગાઇ રીઝીયે
બુડતા બાવડી કોણ સહાશે... જાગને

o——o

÷ વૈષ્ણવ જન તો તેને રે કહીએ ×

વૈષ્ણવ જનતો તેને રે કહીએ, જે પીડ પરાઇ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે
સકળ લોકમાં સહુને વંદે, નિંદા નાકરે કોની રે
વાચ કાછ મન નિશ્ચય રાખે, ધન ધન જનની તેની રે
સમ દ્રષ્ટિને તુષ્ણા ત્યાગી, પર સ્ત્રી જેને માત રે
જીવ્હા થકી અસત્ય ન બોલે, પરધન નવઝાલે હાથે રે
મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળીરે લાગી, સકળ તીર્થ તેના તનમાં રે
વણલોભીને કપટ રહીત છે, કામ ક્રોધ નીવાર્યા રે
ભણે નરસૈંયો તેનું દર્શન કરતા, કુળ ઇકોતેર તાર્યા રે

## * રાત જારહે પાછલી ખટઘડી *

રાત રહે જાહરે પાછલી ખટઘડી
સાધુ પુરૂષને સુઇ ન રહેવું
નિંદ્રાને પરહરી સમરવા શ્રી હરિ
એક તું એકતું એમ કહેવુ
જોગીયા હોય તેણે જોગ સંભાળવો,
ભોગીયા હોય તેણે ભોગ તજવો
વેદીયા હોય તેણે વેદ વીચારવા
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા
સૂક્રિત હોય તેણે સદગ્રંથ બાંધવા
દાતાર હોય તેણે દાન કરવું
પતિવ્રતા નારીએ કંથને પુછવું
કંથ કહે તે તો ચિત્ત ધરવુ
આપણે આપણો ધર્મ સંભાળવો
કર્મનો મર્મ લેવો વિચારી
નરસૈંયના સ્વામીને સ્નેહથી સમરતા
ફરી નવ અવતરે નરને નારી

*...*

## ÷ ભુતલ ભક્તિ પદારથ મોટું ÷

ભુતલ ભક્તિ પદારથ મોટું બ્રહમ લોકમાં નાહી રે
પુણ્ય કરી અમરાપુર પામે અંતે ચોર્યાંશીની નીમાંહે રે
હરીના જનતો મુક્તિના માગે જનમો જનમ અવતાર રે
નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ નીરખવા નંદકુમાર રે

ભરતખંડ ભુતલ માંરે જન્મી જેણે ગોવિંદ ગુણ ગાયા રે
ધનધન એના માતા પિતાને સફળ થઇ એની કાયા રે...ભુતલ
ધન્ય વૃંન્દાવન ધન એ લીલા ધન્ય એ વૃજના વાસી રે
અષ્ટમહાસિધ્ધિ આંગણિયે ઊભી મુકિત તો એમની દાસી રે. ભુતલ
એ રસનો સ્વાદ શંકર જાણે બીજા સુખદેવ જોગી રે
કંઇ એક જાણે વૃજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે

## * ઉઠ ઉતાવળો ચાલ્યને વિઠ્ઠલા *

ઉઠ ઉતાવળો ચાલ્યને વિઠ્ઠલા, ગોવિંદ ગાયને વચ્છ ધાવે,
જાગને જાદવા જનની જશોદા વદે, કહાન કાંધણીતને નિંદ્રા આવે.
દંતધાવન કરો આળસ પરહરો. રજની તિમિર ગયું પોહ ફાટયું,
કરમળો કુલેરને રોજ શીરાવતો, દહીંરે દામોદરા થાય ખાટું.
બારણાં બહાર બળિભદ્ર ઉભા રહ્યા. જોરે વહાલા તારી વા જોયે,
નરસૈંયાના સ્વામીનું મુખડું દીઠડે, માતાનું મનડું અતિ મોહે.

## * પ્રભાતિયુ *

પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા હરનીશ તેને ગાવું રે
તપ તીર્થ વૈકુંઠ પદ મૂકી, મારા ભકત બોલાવે ત્યાં જાવું રે...પ્રાણ
અંબરીષ મુજને અતીઘણા વ્હાલા, દુર્વાશા એ મન ભંગ કીધા રે
મેં મારું અભિમાન ત્યજીને, ચક્ર સુદર્શન વાળી લીધુ રે...પ્રાણ

ગજ કારણે પાદે રે ધાયો, ગજની કરવા વ્હાર રે
ઉંચ નીચ હું તો કંઇ નવ જાણું, મને ભજે તે મારા રે...પ્રાણ
લક્ષ્મીજી અર્ધાંગના મારી, પણ મારા સંતની દાસી રે
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટી ગંગ કોટી કાશી રે..પ્રાણ
સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, સંત સુવે તો જાગું રે
મારા સંતની નીંદા કરે તો, જીવતા તેને કાપુ રે... પ્રાણ
મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, મેં વૈષ્ણવને બાંધ્યો નવ છૂટે રે
એકવાર વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન મેં નવ તુટે રે....પ્રાણ
બેસી ગાય ત્યા ઉભો સાંભળુ, ઉભો ગાય ત્યાં નાચુ રે
હું તો વૈષ્ણવથી હાલું ન અળગો, ભણે નરસૈંયો સાચુ રે...પ્રાણ

0×0

## * ક્યાં રમી આવ્યા રજની *

ક્યાં રમી આવ્યા રજની રે હો રસીયા ક્યાં રમ્યા રજની રે
આણી વેળા ત્રિકમજી પધાર્યા. તારું લંપટપણું તજની રે
શંકર આવ્યા સહુ ભેખ ધરી, બુધ્ધ ટળી વ્રજની રે હો...રસીયા
આજનું સુખ સહુ કોને આવ્યુ, પુછે છે સૌ સજની રે
સુર્ય ઉગ્યો સૌ સાધન સાધે, ભજન કરે ભજની રે
નરસૈંયાના સ્વામી છેલ છબીલા, ચાલ ચાલે ગજની રે

## ✻ જમુના મા જઇ પડયો રે કનૈયો મ્હારો

જમુનામા જઇ પડયો કનૈયો મારો જમુનામાં જઇ પડયો રે
જમુનામાં ઘણું જળ શીતલ, પડયાં કાંઇ ન ડર્યો રે
પેઠે પાતાળ કાલીનાગ નાથ્યો, ફેણુ પર નૃત્ય કર્યો રે
પકડી મંગાવું સૌ ગ્વાલ મંડલી, પડતાં કયોં ન કર ધર્યો રે
નરસૈંયાના સ્વામી નાગ નાથી લાવ્યા, વ્રજમેં આનંદ ભર્યો રે

o——o

## × સીતા કોણે હરી ભોળા લક્ષમણ ×

સીતા કોણે હરી ભોળા લક્ષમણ, સીતા કોણે હરી રે
સુની મઢુલીમાં જુએ રઘુનંદન, શય્યા સુની પડી રે
નહી જાણું હિરણ્યાકંસ હણી ગયો ન જાણું ભુમીએ ગળી રે
વનવગડામેં રહે એક જોગી બેઠો છે ધ્યાન ધરી રે
જોગીને વેષે રાવણ આવ્યો, છેતરી સીતા હરી રે
લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારુ ફરી રે
સુરદાસ પ્રભુ તમ્હારે મીલનકો લઇ ગયો હરણ કરી રે

## * પ્રભાતિયુ *

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ
જુજવે રૂપે અનંત ભાસે

દેહમાં દેહ તું તેજમાં તત્વ તું
શુન્યમાં શબ્દ થઇ વેદ વાસે ...અખિલ

પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા
વૃક્ષ થઇ ફુલી રહયો આકાશ ....અખિલ

વિવિધ રચના કરી અનેક રસ લેવાને
શિવ થકી જીવ થયો એજ આશે ...અખિલ

વેદ તો એમ વદે શ્રાતસ્મૃતિ સાંખદે
કનક કુંડળ વિષે ભેદ ન હોય ...અખિલ

ઘાટ ઘડયા પછી નામ રૂપ જુજવા
અંતે તો હેમનું હેમ હોયે ...અખિલ

વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું
જોઉં પટંતરો એજ પાસે ...અખિલ

ભણે નરસૈંયો એ મન તણી શોધના
પ્રીત કરૂ પ્રેમથી પ્રગટ થશે ...અખિલ

## ÷ પ્રભાતિયુ ÷

### * હરિતણું હેત તને કેમ ગયુ વિસરી *

હરિ તણું હેત તને કેમ ગયું વિસરી ?
પશુ રે ફેડીને નરરૂપ લીધું
કાડ ને છેડ કરી સહુ તને હાંકતું,
આજ વધારીને માન દીધું.... હરિ
ાંચીનું ગાળિયું કંઠથી ટાળિયું,
નેત્રના પાટા શ્રીનાથે છોડયાં
ે તણા ચરણને નવ ભજયાં કૃતઘ્ની,
તેં ન ગુણ પાડના હાથ જોડયા... હરિ
ત્ર ઠોકી કરી માગતાં મૂઢમતી,
ઘાસ પાણી કરી કરી શબ્દ ક્ષીણાં,
આજ ગોવિંદગુણ ગાઇને નાચતા,
લાજ આવે તને કર્મ હીણા... હરિ
ાંબી શી ડોકને કંકોલ ચાવે તો,
ઉંટ જાણી ઘણો ભાર લાદે
આજ અમૃત જામે હરખે હળવો ભમે,
વૈકુંઠના નાથને નવ આરાધે.... હરિ
પીઠ અંબાડી ને અંકુશ માર સહી,
રેણું ઉડાડતી ધરણી હેઠો
આજ ચુવા ચંદન આભ્રણ અંગ ધરી,
વેગે જાય છે તું વે'લે બેઠો... હરિ
અન્ન ને વસ્ત્ર ને આભૂષણ સર્વ જે,
તેહનો તુજ ને હતો ઉધારો,
નરસૈંયાના સ્વામીએ સર્વ સારુ કર્યું,
તે પ્રભુને તમે કાં વિસારો ?... હરિ

બાપજી ! પાપ મે કવલ કીધા હશે, નામ લેતા તારું નિંદ્રા આવે
ઊંઘ આલસ્ય આહારમે આદર્યાં, લાભ વિના લવ કરવી મનભાવે

દિન પૂંઠ દિનતો વહી જાય છે, દુર મતિ ના મેં ભર્યાં રે ડાલા
ભક્તિ ભૂતળ વિષે, કરી તાહરી, ખાંડયા સંસારના થોથા કાલા...

દેહ છે જુઠડી, કરમ છે જુઠડા ભીડભંજન તારું નામ સાચુ
ફરી ફરી વિનવું, શ્રી હરિ તુજને, પતિત પાવન તારૂ નામ જાચુ...

તારી કરુણા વિના કૃષ્ણ કોડામણા, કળ અને વિકળનું બળ ન ફાવે
નરસૈંયા રંકને ઝંખના તાહરી, હેડ બેડી ભાગો શરણ આવે...

## * ઘેલી કીધી રઘુનાથે *

ઘેલી કીધી રઘુનાથે બાઇ મને, ઘેલી કીધી રઘુનાથે રે
નીર જમુનાના ભરવાને જાતી, ઘડુલો ચઢાવ્યો હરિએ

શેરીએ શેરીએ ફુલડાં વેરાવું, મોરલી બજાવી હરિએ હાથે રે
તોડલે તોડલે તોરણ બંધાવું, મંગલ ગવડાવું સારી રાત રે

વૃન્દાવનની કુંજ ગલિનમેં, પાલવ ગ્રહ્યો હરિએ હાથે રે
બાઇમીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, પ્રગટ ભયો પ્રભાતે રે

## * જે ગમે જગતગુરૂ દેવ જગદીશને *

જે ગમે જગતગુરૂ દેવ જગદીશને
તે તણો ખરેખરો ફોક કરવો
આપણો ચિતંવ્યો અર્થ કાંઇ નવસરે
ઉગરે એક ઉદ્વેગ ધરવો... જે
હું કરું હું કરું એજ અજ્ઞાનતા
સકટનો ભાર જયમ શ્વાન તાણે... જે
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે
જોગી જોગેશ્વરા કોઇક જાણે... રે
નીપજે નરથી તો કોઇ ન રહે દુઃખી
શત્રુ મારી નેસૌ મિત્ર રાખે.... જે
રાયને રંક કોઇ દષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે... જે
ઋતુલત્તા પત્ર ફળફુલ આપે યથા
મનવી મુર્ખ મન વ્યર્થ સોચે... જે
જેહનાં ભાગ્યમાં જે સમે જે લખ્યું
તેહને તે સમે તેજ પહોંચે.... જે
ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી
જેહને જે ગમે તેને પુજે... જે
મન વચન કર્મથી આપ માની લહે
સત્ય છે એજ મન એમ સુઝે.... જે
સુખ સંસારે મીથ્યા કરી માનજો
કૃષ્ણ વીના બીજુ સર્વ કાચુ... જે
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે
જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું... જે

0—0

## * ભુલી છે મોતીનો હાર *

ભુલી છે મોતીનો હાર રે, યમુનાને તીરે ભુલી મોતીનો હાર
એક મોતી મારે લાખ કરોડનું, પરોવ્યું સોના તારે રે
સાસુ અમારી સઘળે સંતાપે, નણંદી દેશે ગાળ રે
જેઠ અમારા યુકિતએ રાખે, દીયર પાડે પોકાર રે
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ઉતાર્યા ભવપાર રે

## * શાને હીંડો ભમતા રે ભુદરજી *

શાને હીંડો ભમતા રે ભુદરજી, શાને હીંડો ભમતા રે
પ્રીત વીના પરઘેર નહિ જઇએ, અમસ્તાને અણગમાય રે
મન માન્યા દધી માખણ આપુ શાને નથી જમતા રે
વૃન્દાવનની મારગે જાતા ગોપીઓને દમતા રે
નરસીંયાના સ્વામીની સંગે રમતા, શાને ભળ્યા ભમતા રે

o—o

## થાળ
## પ્રભુ પ્રેમનો પરસાદ લેજો રે *

પ્રભુ પ્રેમનો પરસાદ લેજો રે, ભાવના છો ભુખ્યા
દાસોને દર્શન દેજો રે ભાવના છો ભુખ્યા
પ્રભુજી મારા વીદુર ભકતોની ભાજી ભાવે ખાધી
કેળાના છોતરે રાજી રે...... ભાવના

પ્રભુજી શબરી બાઇનાં બોર તમે આરોગ્યા
ભ્રગુના ચીભડાં ભોગ્યા રે... ભાવના
પ્રભુજી તમે કરમા બાઇનો ખીચડો આરોગ્યો
સેવકનો સમો સાધ્યો રે... ભાવના
પ્રભુજી પાંડવોનું એક તારે દુઃખ શોષ્યું
આરોગી જગતને પોષ્યુ રે... ભાવના
પ્રભુજી તૃપ્તા નંદી તમને શું તૃપ્ત કરીએ
વલ્લભ વાણી ઓચરીએ રે...ભાવના

## = આરોગો નંદલાલ રે =

આરોગો નંદલાલ રે મારી પ્રેમની થાળી
મેં તો જોને મારે હાથે બનાવી
પ્રાણજીવન તમ કાજ રે... મારી
ભાત રે ભાતનાં મેવા મંગાવુ,
વિધવિધના પકવાન રે.... મારી
જળે રે જમુનાની ઝારી ભરાવું,
આચમન કરોને મહારાજ રે..મારી
લવીંગ સોપારીને પાનનાં બીડાં,
સુખવાસ કરોને મહારાજ રે...મારી
માધવદાસનાં સ્વામી શામળીયા,
તમો પર જાઉં બલીહાર રે... મારી

## + આવોની નાથ ભોજન કરો ×

આવોની નાથ ભોજન કરો, મારા અંતરયામી
છપ્પન ભોગના સ્વાદ છે. ગોકુળ ગામના વાસી
આ ચારે રાણી નહિ, તે તો નજરેનાં જોયા
કરમાબાઈનો ખીચડો, હરીએ પ્રેમે પાચો
તાંદુલ લીધા તાકીને, દીનાનાથ દયાળ
બોર બોટેલા ચાખીયા, તેને વેદ વખાણે
ભાજીથી રાજી થયા, મેવા મેલ્યા અધુરા
લાલા તે રંકની વિનંતી, તમે ધરજો ને મન

o—o

## ❊ તમે ભોજન કરવા આવો રે ❊

તમે ભોજન કરવા આવો રે, નંદ સલુણાં
તમે પાતળીયા પધારો રે, પ્રીતે પરોણાં
વાલારે મારા શીરો શેકયો છે છાનો માનો
માંહી ખીચડો કરમાનો રે... નંદ
વાલારે મારા શીરો પુરીને કંસાર,
ઉપર ઘી કેરી ધાર રે.... નંદ
વાલારે મારા આરીયા તુરીયાને ટીંડોરા
મહીં શબરી બાઈનાં બોરા રે
વાલારે મારા વીદુરની ભાજી ભાવે ખાધી,
કેળાના છોતરે રાજી રે... નંદ
વાલારે મારા જળ જમુનાની ઝારી,
જળ લાવે રાધે પ્યારી રે.... નંદ

વાલારે મારા લવીંગ સોપારીને એલચી,
મહીં બાસઠ પાંનના બીડાં રે... નંદ
વાલારે મારા પ્રીતમનાં સ્વામી છે સોહાગી,
મને લેહ લાગી તમારી રે... નંદ

## * જીવણજી જમવા આવો રે *

જીવણજી જમવા આવો રે, શ્યામ સલુણાં
હરિજનને સાથે રે, શ્યામ સલુણાં

વાલાજી મારા રસોઇ બનાવી મેં સારી
વાટલડી જોઉં તમારી રે ...શ્યામ

વ્હાલાજી મારા પકવાન બનાવ્યા તાજા માજા
ખુબ ખાજો ખાંડ ને ખાજા રે....શ્યામ

વ્હાલાજી મારા ઢેબર જલેબી ને ઘારી
જોઇ જોઇ જમજો ગીરધારી રે... શ્યામ

વ્હાલાજી મારા ભાતભાતની બનાવી છે ભાજી
ચટણીયો મેલી તાજી રે... શ્યામ

વ્હાલાજી મારા સોગન શરમ છોડી દેજો
જે જોઇએ તે માંગી લેજો રે... શ્યામ

વ્હાલાજી મારા મોટે ઉપાડે નોતરૂં દીધું
જે હતું તે હાજર કીધું...શ્યામ

વ્હાલાજી મારા શંકરની અરજી ઉરમાં ધરજો
ભકતો પર કરૂણા કરજો રે... શ્યામ

# * રણછોડજી ત્રીકમજી તો જોડે જમવા જાય *

રણછોડજી ત્રીકમજી તો, જોડે જમવા જાય
નાનાભાઇ મહાદેવજી તો, સૌથી પહેલાં જાય
મીઠડે વાળું કીધુંને, વાળુ ભાવે લીધું
પરસોત્તમ કલ્યાણજી તો, બાર ભોગે જાય
દેવકીજીએ વ્રત કીધા, તે કંઇ ઓછા જાય... મીઠડે
જાંબુવતી તો જોવા આવે, પહેરે જાદવ સાડી
ગુગરાના સંજોગી તો, ઢેબર પુછે ધારી....... મીઠડે
કાલીન્દ્રી કંસાર લાવે, સાર એનો રૂડો
શાકના સ્વાદીયા, તમે લેજો ઉના પુડા...... મીઠડે
વૃંદાજી તો વેડમી લાવે ઉની ઉની સારી
પ્રેમે પીરસુ પાતળીયા, તમે લેજો વારી વારી ...મીઠડે
લક્ષ્મીજીતો લાડુ લાવે સત બ્રહ્મા સોપારી
રાધાજી રળીયાત થઇને લાવ્યા લીલી દ્રાક્ષ ...મીઠડે
સતવંતીતો સત લઇ આવે જે જોઇએ તે લાવે
રાધાજી રળીયાત થઇને આલ્યા જાયફળ કાઢી ...મીઠડે
સત્યવતીતો સત લઇ આવે જે જોઇએ તે લાવે
જો રસોઇમાં ચુક પડે તો ઠપકો અમને આપે ...મીઠડે
સેવા કરું કે સજજા ઢાળુ હાલો પ્રભુ વેલા
રાધાજીતો વાય ઢોળે લક્ષ્મીજી પોઢાડે ........મીઠડે
પરમેશ્વર તો પાઇ ઉઠયા, ગંગાજળ ભરી લીધા
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, તરત દર્શન દીધા...મીઠડે

## ❊ ભાવે ભોજન કરીએ રે ✱

ભાવે ભોજન કરીએ રે, ભુદરજીને ભાવે રે
મેં ભલી ભાતે રે, પકવાન તાજા છે.
ખાજા તો તાજાં છે, ઘેબર જલેબી છે
દુધપાકતો લેજો રે, સેવ સુંવાળી રે
ઉના દના ભજીયા રે, તે તમને ભાવે રે
કાતરી કારેલાંની રે, તરતની તાજી છે.
આદુની કચુંબર રે, તીખીને ખારી છે.
મહીં લીંબુ નીચોવ્યા રે, સુંદર સારી છે.
કમોદનો ભાત રે, ભલો કીધો છે.
ગવરીનાતો ધીમા રે, બહું બહું લીધો છે.
શાક નરમનો રે, સડકો સોહે છે.
પાપડનો તો બળકો રે, મનડું મોહે છે.
ચાંદલીયો તો ચમકે રે, માન ધરાવી રે
ફુલડીયાં તો ફરકે રે, ઝારી ભરાવી રે
આરોગીને ઉઠયા રે, આચમન લીધાં છે
પાનનાં તો બીડાં રે, પ્રેમે લીધાં છે.
પ્રભુજી તો પોઢયા રે, સેજ સમારી રે
રંકદાસ ગોપાળની રે, આશા તમારી રે

०=०

## ❊ ભોજન કીજે ભાવતા ❊

ભોજન કીજે ભાવતા, પકવાન મીઠાઇ
પેંડા પતાસાં પુરીઓ, સુખડી સુખ લેજો
માલપુડા ગળી વેડમી, રૂચી આવેતો લેજો

દાળભાત રૂડાં રાયતા રે, ભુલ હોયતો કેજો
શીતળ જલ જમુના તણાં, પ્રભુ પ્રેમે રે પીજો
લવીંગ સોપારીને એલચી, પ્રભુ મુખવાસ કરજો
બીડાં બનાવુ પાનનાં, લક્ષ્મીવર તમે લેજો
સે'જ સમારું રૂડા પુષ્પના, પ્રભુ પોઢણુ કરજો
પ્રીતમનાં સ્વામી શામળા, નીત્ય દર્શન દેજો

## * ભોજવા કરવા ઉઠીયા *

ભોજન કરવા ઉઠીયા, વાંકા વનમાળી
પહેરો પીતાંબર પાવડી, પીળી પરવત વાળી
બાજટ મેલ્યા બેસવા, ભરી જલની ઝારી
સેવ સુવાંરાને લાપસી, મહીં ખાંડજ ભરી
તાંદલીયો ઝરીકલી, મેથીજ ભેળી
પાપડ પુરી પતેડીયા, મેલ્યા તેલમાં તરી
આદા બીલ્લીનાં અથાણું, મહીં કેરી જ પૂરી
ભાજીથી રાજી થયા મેવા મેલ્યા અધુરા
પ્રીતમના સ્વામી શામળા, ગોપી આનંદ પામી

o—o

## * મારા મીઠાં મીઠાં બોરાં રે *

મારા મીઠાં મીઠાં બોરાં રે, રઘુવીર વેલા આવો
માં કૌશલ્યાના છોરાં રે, રઘુવીર વેલા આવો

વાલાજી મારા ભીલ શબરી વનોવન ફરતી
તારું ધ્યાન હૃદયમાં ધરતી રે ....રઘુવીર
વાલા રે મારા દીઠી ઓરડીએ આસન લગાવ્યા
ચાખીને બોર આરોગ્યા રે ...... રઘુવીર
વાલા રે મારા રામ લક્ષમણ પ્રેમે પધાર્યા
શબરીએ બોર ધર્યા રે.......રઘુવીર
વાલાજી મારા સ્વામી પ્રેમલનાં બોરે રીઝયા
સૌ ઋષિ મુની મુંઝાયા રે.......રઘુવીર

÷o÷

## × આરોગો ભોજન ભાવતા ×

રાગ : ભોજન કીજે ભાવતા

આરોગો ભોજન ભાવતા, હરજીવન હરખાઇ
રાધાજી ભાવે જમાડતા, જમો જમો જદુરાઇ
બરફી પેંડા ઘારી દહીંતરા, મૈસુર પકવાન લેજો
લાડુ જલેબી ખાજાપુરી, જોઇએ તો અમને કેજો
પેટીસ કચોરી દહીંવડા, બહું ભાવે હરીને
માખણ મલાઇ મહીંમીસરી, પીજો મટકા ભરીને
વેંગણ બટાકાને તુરીયા, લેજો, વાલોળ ચાખી
ગરમા ગરમ કીધું ઉંધીયુ, રાયતા લેજો માગી
ભાત છે ઘીથી લચપચતો. લચકો દાળ સુંવાળી
લીમડા જીરુંથી વઘારેલી. કઢી પીજો રસાળી
જળ જમુનાની ઝારી ભરી. પ્રેમલનાં દાસ તમારી
એલચી વલીયારી બીડુપાનનું, લેજો જમી પરવારી.

## * મારા રસભીના રણછોડ *

મારા રસભીના રણછોડ તમને શું કરી જમાડુ
જેના હાથે જીવનદોર, તમને શું કરી જમાડુ
તારું આપ્યું લેવુંને તારું દીધું દેવું
એમાં મારું કાંઈ નહિ જોર......તમને
દુનિયાનું પોષણ કરનારો, મારું શું જમનારો
હું તો જન્મો જનમનો ચોર... તમને
ભાવ ભરી પીરસી પતરાળી, પ્રેમ ભરી છે ઝારી
આ મુખ વાસે બે કરજોડ...... તમને
પુનિતનાં અંતરમાં પોઢો, સ્નેહની ચાદર ઓઢો
મારા કાળજડાની કોર...... તમને

o—o

## * એકાદશી વ્રત કરીએ *

એકાદશી વ્રત કરીએ, ગંગા નાવાને જઈએ
ગંગાથી લાગ્યા ગોરમટી, વાવ્યા તુલશીના કયારા
પ્રભાતે પાણીડા સીંચીએ, તુલશી મોટેરા થાય
તુલશી ચરણામૃત લીજીએ, આત્મા પાવન થાય
નરસૈંયના સ્વામી શામળા, નીત્ય દર્શન થાય

## = કંટોલા કારેલાને ટીંડોરા =

કંટોલા કારેલાને ટીંડોરા ફરસાણ
કેહોતો આવે કાયામાયા, સક્કર કોરું છે સારું રે
દયાળજી આરોગો

તમને પીરસે જશોદા માડીરે, દયાળજી આરોગો
તળ્યા લીલવા પાપડ ભજીયા, વાલોળ વેંગણ વાળુ
કહોતો ભાવે ભાજી પીરસુ, સુરણશાક રતાળુ રે...દયાળજી
ગુવારફરી વટાણા વરીયા, ગલકાં, તુરીયા, વારું
તુંબડીએ રાય ચઢાવુ, શાક બન્યુ છે અતિસારુ... દયાળજી
આદાઆીલી કેરાં અથાણાં, કરમદા કાંકણ કોઠું
કુંવર અરથી વાંસજારને, લીંબુ પુર્યું એક ચીર....દયાળજી
ખાજાં ઢેબર કરી જલેબી, સુખલડી તમો સારું
કહોતો ભાવે પીરસુ, શીરો પુરીની રસોઇ બનીછે સારીસારીદયાળ
માલપુડા ને સુતરફેણી, દુધ પેંડા તમો સારું
દાળભાતને સુંદર કઢી, છેલ્લું જમણ છે સારું.... દયાળજી
જમુનાજીના નીરજ લાવુ, વિઠ્ઠલજી તમ સારું
સુવર્ણઝારી આગળ મેલું આચમન કરો મોરારી...દયાળજી
લવીંગ સોપારી એલચીને, વલીયારી તમ સારું
બત્રીસ પાનનાં બીડાં બનાવું, ત્રીકમજી તમ સારુ...દયાળજી
સાગશીશમના ઢોલીયાને, મશરુ કેરી તળાઇ
જીપોઢો મારા નાથ તો, વિંઝણે ઢોળું વાય રે .. દયાળજી
ગાય શીખેને સાંભળે, તેનો વૈકુંઠ વાસો થાય
ભાવે પ્રીતે ભોજન પીરસુ, ગાયે નરસીંયો દાસ રે
દયાળજી આરોગો

## * જમો તો જમાડુ તમને રે *

જમો તો જમાડુ તમને રે જીવન મારા
વાલાજી મારા સુવર્ણ થાળ ભરી લાવું
કાંઇ મોતીડે વધાવું રે... જીવન
વાલાજી મારા ખાજા જલેબીને મેવા
કાંઇ ધીરે ધીરે લેવા રે... જીવન
શીરો પુરીને કંસાર
કાંઇ ઉપર ઘીની ધાર રે....જીવન
જમનાના જળ ભરી લાવુ
કાંઇ આચમન કરાવું રે... જીવન
વાલાજી મારા પાનનું બીડું હું આપું
મહી લવીંગ સોપારી નાખું રે... જીવન
વાલાજી મારા આવો તો આસન આપુ
વીંઝણે ઢોળુ વાયુ રે... જીવન
વાલાજી મારા સુંદર સેજ સમારું
કાંઇ રંગભેર રમાડુ રે... જીવન
વાલાજી મારા નરસૈંયના સ્વામીનો સંગ કીધો
કાંઇ ભોગ ધરીને લીધો રે... જીવન

## * શ્રી સદગુરૂ ભક્તિ રહસ્ય *

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કરું દીનાનાથ દયાળ
હું તો દોષ અનંતનું ભાજન છું કરૂણાય
શુધ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ ?

નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉરમાંહિ.
જોગ નથી સતસંગનો નથી સતસેવા જોગ.
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ
'હુ' પામર શું કરી શકું એવો નથી વિવેક
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક
અચિંત્ય તુજ માહાત્મયનો નથી પ્રફુલ્લિત ભાવ
અંશ ન એકે સ્નેહનો ન મળે પરમ પ્રભાવ.
અળરૂપ આસક્તિ નહિ નહિં વિરહનો તાપ
કથા અલભ્ય તુજ પ્રેમની નહી તેનો પરિતાપ
ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહી ભજન દઢ ભાન.
સમજ નહી નીજ ધર્મની. નહિ શુભ દેશે સ્થાન.
કાળદોષ કળીથી થયો નહિ મર્યાદા ધર્મ
તોયે નહિ વ્યાકુળતા જુઓ પ્રભુ મુજ કર્મ
સેવાને પ્રતિકુળ જે તે બંધન નથી ત્યાગ
દેહેંદ્રિય માને નહિ કરે બાહ્ય પર રાગ
તુજ વિયોગ સ્ફુરતો નથી વચન નયન યમ નહિ
નહિ ઉદાસ અનભક્તથી તેમ ગૃહાદિક માંહિ
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ
નથી નિવૃત્તિ નિર્મળ પણે અન્ય ધર્મની કાંઇ
એમ અનંત પ્રકારથી સાધન રહિત હુંય
નહિ એક સદ્દગુણ પણ મુખ બતાવું શુંય ?
કેવળ કરૂણા મુર્તિ છો દીનબંધુ દીનનાથ

પાપી પરમ અનાથ છું ગ્રહો પ્રભુજી હાથ.
અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન
સેવ્યા નહિ ગુરુ સંતને મુક્યુ નહિ અભિમાન
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક
પારન તેથી પામિયો ઊગ્યો ન અંશ વિવેક
સહ સાધન બંધન થયા, રહ્યોન કોઇ ઉપાય
સત સાધન સમજ્યો નહી ત્યાં બંધન શું જાય
પ્રભુ પ્રભુ લય લાગી નહિ, પડયોન સદ્ગુરુ પાય
દીઠા નહિ નિજ દોષ તો તરીએ કોણ ઉપાય ?
અધમાધમ અધિકો પતિત સકળ જગતમાંય
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશેશુંય ?
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એજ
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દ્રઢતા કરી દેજ

o=o

## થાળ

### * તમે રાધા મોહન આવો રે *

તમે રાધા મોહન આવો રે... પ્રેમ ધરીને
શ્રી સદ્ગુરુ દેવ પધારો રે... ભાવ ધરીને
વાલાજી મારા થાળ ધર્યો બહુ સારો,
મગફળીને મીસરી વાળો રે...પ્રેમ ધરીને
વાલાજી મારા જમોને રૂડી રીતે,
તમે ભોજન કરો પ્રીતે રે... પ્રેમ ધરીને
વ્હાલાજી મારા જળની ભરી છે ઝારી.
કરો આચમન દેવ મોરારી રે...પ્રેમ ધરીને
વ્હાલાજી મારા આનંદ કરે શીર નામી
ખુબ પ્રેમ ભાવને જાણે રે... પ્રેમ ધરીને

o-o

## * ભકિત એવી રેરામ *

ભકિત એવી રે રામ એવી, તરસ્યાને પાણી જેવી
એક ભમરો કમળમાં રહે છે, શ્રડ મુળની સુગધ લે છે રે
સાંજ પડે કમળ બીડાઇ રે, અકળાઇ કયાંય ના જવાય રે
જેવું કમળની પ્રીતે મરવું, તેવુ હરિચરણે ચિત્ત ધરવું...ભકિત
એક ચોર તે ચોરી કરે છે રે, આવી બારણે ફેરા ફરે છે
આવી માઝમ રાત અંધારી રે, નથી બીતો એ ધીરજ ધારી રે
પારકુ ધન પોતાને હરવું, તેવું હરિચરણે ચિત્ત ધરવુ.... ભકિત
એક ગુણિકા તે નૃત્ય કરે છે રે, મનગમતા શણગાર સજે રે
નખશીશને શરીર સમા રે, દર્પણમાં મુખ નીહાળે રે
પારકુ મન પોતાનું ફરવું, તેવું હરિચરણે ચિત્ત ધરવું...ભકત
એક મૃગ તે વન ચરે છે રે. આવી પારધી ફેરાફરે છે રે
આવી બેસીને યંત્ર વગાડે રે, મોરલી નાદના સુર આવે રે
જેવું યંત્રની પ્રીતે મરવું, તેવુ હરિચરણે ચિત્ત ધરવુ...ભકિત
એક મીન તે જળમાં રહે છે રે, એને પાણીમાં રહેવું ગમે છે રે
એક પાપીએ બહાર કાઢયું રે, કાઢંતામ' શરીર પછાડયું રે
જેવું જળની પ્રીતે મરવું, તેવું હરિચરણે ચીત્ત ધરવું...ભકત
એક ગૌધેન ચરવા જાય રે, ઘેર વાછરડાં વ્યાકુળ થાઇ રે
સાંજ પડેને માંડે કરણ રે, મુખ થકી નહિ તોડે તરણે રે
ઘેર વાછરડાંને સંભાળવું, તેવું હરિચરણે ચીત્ત ધરવું...ભકિત
સાત પાંચ સાહેલીઓ મળી ર, જળ ભરવાને જમનાજી જાય રે
એક બેડુ મુકયુ નીરધાર રે. મુખે હસી લીધુ કીરતાર રે
ઘેર બાળક ને સંભાળવું, તેવું હરિચરણે ચીત્ત ધરવું...ભકિત
બપૈયાને વરસાદ વ્હાલો રે, હરિની ભકિતને પ્રેમે ઝાલો રે
ચકોરચિત્ત ચંદ્રમાં ઘાલે રે અણપેખંતા દ્રષ્ટિને બાળે રે
જેવું કલ્યાણ દાસ ને મળવું, તેવું હરિચરણે ચીત્તધરવું...ભકિત

o=o

## કીર્તન

સીતા રામને ભજીને લાવો લીજીએ રે
મુખે રામ કૃષ્ણ રામ કષ્ણ કીજીએ........સીતા
તારૂં જોબન જશે ને જરા આવશે ને
તને ભાણે ભોજન નહિ ભાવશે....સીતા
તારો અવસર પળપળ જાય છે રે
તારા ઘટમાં બેસીને કાળ ખાય છે ...સીતા
તારા વાલાતે વેરી થઇ આવશે રે
તારી દેહ દેખીને દુર ભાગશે રે... સીતા
કંઈ ધર્મ કરો તો આડે આવશે રે
તે તો જમના તે મારથી મુકાવશે રે
દયા નામ જપો નંદ કુંવરનું રે
તારો સફળ થશે જનમારો રે
સીતા રામને ભજીને લ્હાવો લીજી રે... સીતા

## કીર્તન

વાલા મારો સાચાનો સંગાતી રામ જેણે પ્રીત કીધી
વાલારે મારા પ્રથમ ધ્રુવ શું પ્રીત કીધી
તેને અવિચળ પદવી દીધી રામ જેણે પ્રીત કીધી
વાલારે મારા બળીને બોલાવી વાચા દીધી
ત્રણ ડગલા પૃથ્વી લીધી રામ

વાલારે મારા ડુબતા ગજેન્દ્ર ને તાર્યો
તેની તરત ખબર લીધી રામ
વાલારે મારા અજામીલ હતો બહુ પાપી
એને વચને ગુણકા તારી રામ
વાલારે મારા કર પર ગોવર્ધન તાર્યો
વાલે વ્રજનો દેશ ઉગાર્યો રામ
વાલારે મારા કાળી નાગે તે ગર્વ કિધો
લટકાળે નાથી લીધો રામ
વાલારે મારા મુઠી તાંદુલ સુદામાના ખાધા
તેના મ્હેલ કનકના કીધા રામ
વાલારે મારા કંસ હતો બહુ અંહકારી
મોહનજી એ નાંખ્યો મારી રામ
વાલારે મારા કુબજાનું ચંદન ચોર્યું
તેને રૂપ અનુપમ દીધુ રામ
વાલારે મારા વિદુર ભકતની ભાજી ભાવે ખાવી
કેળાના છોતરે રાજી... રામ
વાલારે મારા વૃન્દાતે વનના વાસી
એમ બોલ્યા જીવણ દાસીરે જેણે પ્રીત કર્યું

# કીર્તન

કોઇનું રહ્યું નહિ રાજયને પાટ, તમે ચાલો સત્યની વાટ
સગા સહોદર ભેગા મળીને દેખાડે હેત અપાર
આરે જીવડાને રોકી શકે ન કેઇ, આવશે મરણની ચોટ
માયાને મમતામાં નિશદીન રહેતો. ના કર્યું મોતને યાદ
પ્રાણુ પખેરૂં તારૂં ઉડી રે જાશે પછી જાશે સમસાન ઘાટે
મોઘો માનવ અવતાર તને મળ્યો, એતો પ્રભુનો ઉપકાર
એ ઉપકાર તારા મનમાં ન આવે, વાળી દીધો તે તો દાટ
ભુલેલો પંથ કોઇ સંતને પુછીલો, બતાવે સત્યનીવાટ
દાસ તમારો કહે કરજોડી, ભજીલે પ્રભુને દીન રાત

o—o

## * પંખીડાને આ પીંજરૂ જુનુ જુનુ લાગે *

પંખીડાને આ પીંજરૂ જૂનું જૂનું લાગે
બહુંએ સમજાવ્યું તોયે પંખી નવુપિંજરું માગે...પંખીડા
ઉમટ્યો અજંપો એને માંગે પંડનાર પ્રાણનો રે
અણધાર્યો કર્યો મનોરથ દુરનાં પ્રયાણનો...પંખીડ
અણદીઠે દેશજવા લગન એને લાગી
બહુંએ સમજાવ્યું તોયે પંખી નવું પીજરું માગે....પંખીડા
માન માન ઓ પંખીડા નથી સ્વજનની રીત
આવું જો કરવું હતું તો શાને કરી પ્રીત...પંખીડા

ઓછું શું આવ્યુ શાંથી સથવારો ત્યાગ્યો
બહુંએ સમજાવ્યું તોયે, પંખી નવુપિંજરું માગે...પંખીડા
સોને મઢેલો બાજઠડોને સોને મઢેલો ઝુલો
હીંરે જડેલ વિંઝણો મોતીનો મોઘો અણમુલ...પંખીડા
પાગલના બનીએ ભેરૂ કોઇનાં રંગ રાગે
બહુંએ સમજાવ્યુ તોયે પંખી નવુપિંરું માગે... પંખીડા

०=०

## કીર્તન

ચાર દિવસનાં ચાંદરણા પર જુઠી મમતા શા માટે
જેનાં આવે સંગાતે તેની માયા શા માટે
આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહી પણ ના આવે
તુ બહું મથે છે જાળવવાએ જોમન સાથે નહિ આવે (૨)
અહીંનું છે અહીં રરેવાનું, એની દોસ્તી શા માટે
જેના આવે સંગાતે તેની માયા...
આ બાંધેલા મહેલાતોતું, દોલતનું કાલેશું થાશે (૨)
જાવું પડે છે અણુવાર્યું ત્યારે પરિવારોનું થાશે (૨)
સૌનું ભાવી સૌની સ.થે, એની ચિંતા શામાટે
જેન આવે સંગાતે...
સુંવાળી દોરીના આ બંધન; આ સૌ પ્રેમ થકી બાંધી
પણ તૂટે તેનું આયુષ્યને ત્યારે કોઇ ન બાંધે
ભીડ પડે ત્યારે તડ તડ તુટે
એવા બંધન શા માટે
જેના આવે સંગાતે, તેની માયા શા માટે

*—*

## * રાવણ તારૂ રાજય જવાનું *

રાવણ તારૂ રાજય જવાનુ
એમ બોલ્યા મંદોદરી રાણી
કાલે સવારે યુદ્ધે જવાની થઇ રહી તૈયારી
પલક માં થઇ જશે ધુળધાણી
અડધી રાતે મને સ્વપનું આવ્યુ,
સાંભળો મારા સ્વામી
પરસ્ત્રી ને તમે ઘરમાં લાવ્યા
એ વાત પ્રભુજી એ જાણી .. પલક
હનુમાન તારો વેરી થઇ ને લંકા ને દેશે બાળી
મહેલ બાળ્યા, બંગલા બાળ્યા લોકો કરે છે હાંસી...પલકમાં
રામ લક્ષ્મણ શસ્ત્ર સજીને યુદ્ધ ની કરે તૈયારી
નીલ જાંબુવાન અને હનુમાન સાથે વાનર સેનાની ટોલી ...પલક
સાત સમુદ્ર માં પાળ રે બાંધી સેના ને પાર ઉતારી
રાજા રાવણને જાણ કરાવી તમે યુધ્ધ ની કરો તૈયારી...પલક
રામ રાવણનું યુધ્ધ ચાલ્યુ ને દૈત્ય મરાયા ભારે
રામના હાથે રાવણ મરાયો ને ગાદી વિભિષણ ને આપી...પલક
રામ પ્રભુજી ને મળ્યા સીતાજીને, પુષ્પોની વૃષ્ટિ થઇ
ગુરૂ પ્રતાપે બોલ્યા મંદોદરી રામની લીલા ન્યારી.... પલક

o—o

## * તારા મને સાંભળશે ઉપકારો *

તારા મને સાંભરશે ઉપકારો
એક ઘડી પણ કેમ ભૂલાશે
વહી જાશે આખો જન્મનારો.... તારા
માના ઉદરે તારા વિના મારો કોણ હતો રખેવાળ
તારી કૃપા વડે જન્મ થયોને.
તું છે નસીબ ઘડનારો... તારા

નાનપણેથી મોટો કીધો, સંભાળી રાતને દહાડો
મૂંગો હતો હું વાણી આપીને, સફળ કર્યો જન્મારો...તારા
ભૂખ લાગે ત્યારે ભોજન દેતોને, દુઃખે દોડી આવનારો
ડગલેને પગલે તું સંભાળે
ઘડીએ નહી જંપનારો.... તાર
અવગુણ મારા જોયા નહીં ને,
વરસાવી કરૂણાની ધારો... તારા
ભવાની શંકરને અંત વેળાએ,
કરજે ના તુજથી ન્યારો... તારા

o–o

## * મને લગની તમારી લાગી રામ *

મને લગની તમારી લાગની તમારી લાગી રામ સંત સોહાગી
મારા મનની ભાવટ ભાંગી રામ સંત સોહાગી
વ્હાલારે મારા પહેલાં તે પાપી મનને માર્યું
મારુ કાળજડું સુધાર્યું રામ...સંત
વ્હાલારે મારા આપે તે કરૂણા કીધી,
મારી દૂરમતી વેરી લીધી રામ...સંત
વ્હાલારે મારા આપે તે અંતરના પડદા ખોલ્યા
આત્માને ઓળખાવી દીધારામ, સંત
વ્હાલારે મારા આધી વ્યાધિને ઉપાધી ભાંગી
મને સ્હેજે સમાધિ લાગી રામ સંત
વ્હાલારે મારા જયારે જોઉં ત્યાં તમે ઉભા
મારા પાર પડયા મનસુબારે ...સંત
વ્હાલારે મારા શંકરની સેવા માની લેજો
મને દર્શન દહાડે દેજો રે...સંત

o-o

## * વન વગડાની વાટે ફરતો *

વન વગડાની વાટે ફરતો કરતો લુટારાનું કામ.
એક દિવસ પણ એ લુંટારો થયો
ઋષિ વાલ્મિકી મહાન... થયો
નારદજી ત્યાં થઈને જાયે,
રામનામ જાપ જપતાં જાયે
એને મન દુનિયામાં છે બસ,
સાચુ રામનું નામ...થયો
સામે લુંટારો લૂંટવાને આવે,
કેમ ન માલ બાતાવે
આપી દેજે જોજે નહી તો,
રમી જાશે તારા રામ ...થયો
નારદજીએ માર્યો ટોણો તારા
પાપમાં ભાગ છે કોનો
પાપી પેટને ખાતર મુરખ
ફરી વળ્યો આખુ ગામ ...થયો
નારદજીને ઝાડે બાંધીને
પુછવા ચાલ્યો તક શોધીને
પત્ની, માતા, પિતાને પુછતા
ઉત્તર મળ્યો ન કામ ...થયો,
તારા કર્મ તારે ભોગવવા,
એમાં અમારે શી લેવા દેવા...થયો
સુણીને ઉત્તર દોડયો લુંટારો,
કરો જીવનનું કલ્યાણ... થયો
રામ નામનો મંત્ર જ આપ્યો, મરા મરા કરીને એ સાધ્યો...થ
રામાયણના એ વાલ્મિકીને, હોજો લાખો પ્રણામ... થયો

+=×